Registered Under R.N.I. No. GUJGUJ/2023/84401

વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ


₹ ૫૦-૦૦
₹ 50-00

Vishv UMIYA Foundation

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ નવેમ્બર, ૨૦૨૩
01 November 2023

એક વૈશ્વિક વિચારધારા

તંત્રી–ડૉ. પ્રભુદાસ આઇ પટેલ
Editor-Dr. Prabhudas I Patel



## ભારત ભાગ્ય વિધાતા

આ એ પ્રખર રાષ્ટ્રવાદી રાજપુરુષ છે, જે ભારતની આઝાદીના લડવૈયા હતા અને અખંડ ભારતનું નિર્માણ કરીને ભારતના ભાગ્ય વિધાતા બન્યા

**૩૧ ઓક્ટોબર: સરદાર પટેલનો જન્મ દિવસ સ્પેશિયલ અંક**

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

## ૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ

## "આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃધ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

Mayflower
WOMEN'S HOSPITAL

# The Cradle **of Care**

ENDOMETRIOSIS CLINIC

INFERTILITY AND ART CLINIC

OBSTETRICS/GYNECOLOGY

FETAL MEDICINE

GI SURGERY

COSMETOLOGY AND GYNEC-COSMETOLOGY

ANESTHESIA

RADIOLOGY

PEDIATRICS & NEONATAL CARE



**DR. SANJAY PATEL**
M.D. Diploma Endoscopy (Germany)
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. SMEET PATEL**
MBBS. MS. OBGYN
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. JAYA PATEL**
MBBS. DGO
Consultant Obstetrician
& Gynaecologist



**DR. RAVINA PATEL**
MBBS. DGO
Consultant Obstetrician
& Gynaecologist

+91-9898036701 | hello@mayflowerhospital.com | +91-79-27495001/02/03

"Mayflower House", Opp. - Police Helmet, Near Manav Mandir Temple, Drive-In Road, Ring Road Junction, Memnagar, Ahmedabad - 380052, Gujarat, India


Special NRI Season Offer
1st Dec. 2022 to 15th Jan. 2023
CELEBRATING 40 YEARS
GAJANAND
RETAIL
દેશની યાદગીરી,
ગજાનંદ મસાલા વગર અધૂરી
ફ્રી
Silver Coin
₹2501/- ની ખરીદી ઉપર
10 ગ્રામ ચાંદીનો સિક્કો
₹4501/- ની ખરીદી ઉપર
20 ગ્રામ ચાંદીનો સિક્કો
GAJANAND
Tejalal
Resham Laal
Gapata Sapata
Kashmiri Chilli Powder
25% Extra
KHAMAN
अचार
Curcuveda
100+ પ્રોડક્ટ રેન્જ
• કુમઠીલાલ કાશ્મીરી મરચું
• રેશમલાલ મરચું (રેશમપટ્ટી + કાશ્મીરી)
• પ્રીમિયમ મરચું
• તેજાલાલ મરચું (એક્સ્ટ્રા હોટ)
• કર્ક્યૂવેદા હળદર (સેલમ + વાયગૉવ)
• પ્રીમિયમ હળદર પાવડર
• પ્રીમિયમ ધાણાજીરું પાવડર
• પ્રીમિયમ ધાણા પાવડર
• સોર્ટેક્સ કલીન આખા મસાલા
• તેજાના
• આચાર મસાલા
• કાબુલી સ્ટ્રોંગ હીંગ
• ગપાટા સપાટા (રેડી ટુ ફ્રાય રેન્જ)
• ઇન્સ્ટન્ટ મિક્સ
• આસામની પ્રીમિયમ ચા
• ફરાળી પ્રોડક્ટ્સ
• મુખવાસ
• નેચરલ સીડ્સ
• પ્રીમિયમ બ્લેન્ડેડ મસાલા
• પ્રીમિયમ ડ્રાય ફ્રુટ્સ
• કેમિકલ વગરનો નેચરલ દેશી ગોળ અને બીજુ ઘણું...
એક્સક્લુઝિવ બ્રાન્ડ સ્ટોર્સ
રન્નાપર્ક, ઘાટલોડીયા : 63525 48504
મણિનગર : 99780 01025
જોધપુર-સેટેલાઇટ : 93136 68230
ન્યુ રાણીપ : 99989 63657
ગોતા : 88493 59397
સાંતેજ : 99255 91111
આ ઓફર ગજાનંદ "મસાલા એન્ડ મોર" બ્રાન્ડ સ્ટોર પર જ ઉપલબ્ધ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ

# ઉમાસૃષ્ટિ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ · એક વૈશ્વિક વિચારધારા

**નવેમ્બર ૧, ૨૦૨૩**
**વર્ષઃ** ૦૨ **અંકઃ** ૦૭
**સળંગ અંક :** ૧૯
**માલિકઃ** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

**November 1, 2023**
**Year :** 02 **Ank :** 07
**Owner :** Vishv Umiya Foundation



**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel



**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી**
**Consultant**





પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઇ પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai Padmashri-Devendra Patel

| **સંપાદક મંડળ:** | **Editor Board :** |
| --- | --- |
| ડો. હર્ષદ પટેલ | Dr. Harshad Patel |
| ડો. અશોક પટેલ | Dr. Ashok Patel |
| ડો. ઉત્પલ પટેલ | Dr. Utpal Patel |
| ડો. રૂપલ પટેલ | Dr. Rupal Patel |

**સહસંપાદક :** ધવલ માંકડિયા **Co-Editor :** Dhaval Makadiya

**કલાનિર્દેશક :** રેખા ચાવડા **Art Director :** Rekha Chavda

**ફોટોગ્રાફી :** હાર્દિક પંચોલી
**Photography :** Hardik Pancholi

**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઇલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રકઃ** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset,
B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham
Jaspur, Kalol, Gandhinagar

# અનુક્રમ



## બહુરત્ના વસુંધરા-૨૬


### ગુજરાતને નંદનવન બનાવી, અમદાવાદમાં વિશ્વનું સૌથી ઊંચું (૫૦૪ ફૂટ) ઉમિયા માતાનું મંદિર નિર્માણ કરવાના સ્વપ્નદૃષ્ટા અને ડાયનેમિક-અસાધારણ વ્યક્તિત્વ ધરાવતા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ આર. પી. પટેલ સાહેબ

નમસ્કાર મિત્રો! વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સંચાલિત સામયિક 'ઉમા સૃષ્ટિ'ના 'બહુરત્ના વસુંધરા' વિભાગમાં સંસ્થાના ગ્રોથ એન્જિન સમા ઉત્તમ ચારિત્રના માલિક સમા - કોઈ પણ કામ કરવાનું ઝનૂની વ્યક્તિત્વ ધરાવતા પ્રણેતા અને પ્રમુખ શ્રી આર. પી. પટેલ સાહેબ સાથે રૂબરૂ મુલાકાતના કેટલાક અંશો.

૧૦ અખંડ ભારતના ભાગ્યવિધાતા 'લોખંડી પુરુષ?'
૧૨ સરદારઃ સર્વ માટે પ્રેરણાદાયી
૧૫ આવો હતો સરદાર સાહેબનો મિજાજ
૧૬ અમદાવાદના મુસ્લિમોએ ઝીણાને સભામાંથી ભગાડી મૂક્યા હતા
૧૭ -અને સરદારે રાજીનામું આપી અમદાવાદ છોડ્યું
૧૮ બારડોલી સત્યાગ્રહની મહિલાઓએ વલ્લભભાઈને 'સરદાર' બિરુદ આપ્યું
૧૯ ચૂંટણી ફંડ આપવું હોય તો આપે, હું ચા પીવા નહીં આવું!
૨૦ જ્યારે વલ્લભભાઈનાં કપડાં ધોવા માટે મુંબઈ મોકલાતાં હતાં
૨૧ વલ્લભભાઈ પહેલાં ગુજરાતના 'સૂબા' તરીકે જાણીતા હતા
૨૨ અંગ્રેજ કલેક્ટરની ઇચ્છા વિરુદ્ધ વલ્લભભાઈ ગુજરાતીમાં જ બોલ્યા



૨૪ ગાંધીજી અને સરદાર વચ્ચે કેવી રમૂજ થતી?
૨૫ મને હવાઈ જહાજ આપો, મારે કાલે કાશ્મીર જવું છે
30 કૂતરાં બહુ વહાલાં લાગતાં હોય તો તમારા ઘરમાં રાખો




૩૨ અખંડ ને એક ભારતનું પડકારજનક કાર્ય
33 'મારા નામનો ક્યાંય ઉલ્લેખ કરશો નહીં, મારા નામે કોઈ કમાણી કરશો નહીં!'
૩૪ પ્લેગ વખતે વલ્લભભાઈએ અમદાવાદ છોડવા ઇનકાર કર્યો
૩૫ ગાંધી, નેહરુ અને સરદાર
૩૬ સરદાર અને સોમનાથ
૩૭ સરદાર દેશની આઝાદી પછી માત્ર ત્રણ વર્ષ અને ચાર માસ જ જીવ્યા
૩૮ અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલું સરદાર સ્મારક
૪૦ સરદારે કહ્યું કે...
૪૨ જ્યારે વલ્લભભાઈએ 'સર'નો ખિતાબ સ્વીકારવા ઇનકાર કર્યો!
૪૩ - તો હું મારા દીકરાને કચડી નાખતા વિલંબ કરીશ નહીં

**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar, **Editor -** Dr. Prabhudas I. Patel

# તંત્રીલેખ



- ડો. પ્રભુદાસ પટેલ




**વિક્રમ સંવત ૨૦૭૯નું વર્ષ પુરું થાય છે. સૌ વાચકમિત્રો, ટ્રસ્ટીશ્રીઓ, દાતાશ્રીઓ, શુભેચ્છકશ્રીઓ અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન માટે જેના દિલમાં ભલી લાગણી છે એ સૌને નવા વર્ષના અભિનંદન**

# સરદાર સાહેબ, ભારતનો બત્રીસ લક્ષણો પુરુષ

પ્રિય વાચક મિત્રો,

મા ઉમિયાના અમૃતપુત્રો!

સાદર વંદન.

વર્ષો પહેલાં આઝાદ ભારતની દિલ્હીની ગાદીએ ગુજરાતના પનોતા પુત્ર (મોરારજી દેસાઈ) પ્રધાનમંત્રી તરીકે બિરાજતા હતા. આજે એ જ દિલ્હીમાં **ભારત સરકારમાં ગુજરાતના પનોતા પુત્ર મા. શ્રી નરેન્દ્રભાઈ મોદીજી પ્રધાનમંત્રી તરીકે શાસન ચલાવે છે.**

વર્ષો પહેલાં ભારત સરકારના ગૃહમંત્રી તરીકે ગુજરાતના સરદાર વલ્લભભાઈ પટેલ બિરાજતા હતા અને આજે એ જ **ભારત સરકારમાં ગૃહમંત્રી તરીકે ગુજરાતના મા. શ્રી અમિતભાઈ શાહ શાસન ચલાવે છે.**

ચાણક્યે એક સરસ વાત કહી છે કે સમય ગમે તે હોય, પરિસ્થિતિ ગમે તે હોય, પ્રજાને શક્તિશાળી શાસક જ ગમે છે. પ્રવર્તમાન સમયમાં **એક પ્રધાનમંત્રી અને બીજા ગૃહમંત્રી બંને ગુજરાતના સપુતો શાસન ચલાવી રહ્યા છે.**

હિન્દીમાં એક કહેવત છે- 'सिहों के लाले नहीं' — **સિંહનાં ટોળાં ન હોય.**

આ બંને કુનેહબાજ અને દીર્ઘદૃષ્ટા એવા -

**એક નરોમાં સિંહ 'નરસિંહ'** અને...

**બીજા નરોમાં શાર્દૂલ 'નરશાર્દૂલ'** એકચક્રી શાસન કરી રહ્યા છે.

**એકના મસ્તિષ્કમાં ચાણક્ય બેઠો છે તો બીજાના મસ્તિષ્કમાં ચર્ચિલ બેઠો છે.**

એકની હિંમત, **બીજાનું દૂરંદેશીપણું,**

**એકની સમજદારી,** બીજાની વફાદારી,

એકની મુત્સદ્દીગીરી, બીજાની ગાંધીગીરી **આજે સમગ્ર વિશ્વમાં અગ્રેસર રહી છે.**

વર્ષો સુધી દુનિયાને હિન્દુસ્તાનની તાકાતની ખબર નહોતી. આજે વિશ્વના મોટા ભાગના દેશો ભારતની મૈત્રી અને માર્ગદર્શન ઈચ્છી રહ્યા છે. દુનિયાની મહાસત્તાઓ જે ભારતને ગણકારતી નહોતી તે **આજે ભારતનો વિશ્વશાંતિ અને વસુધૈવ કુટુંબકમનો માર્ગમંત્ર અપનાવવા ઝંખી રહી છે.**

ચંદ્રયાન-૩, જી-૨૦ દેશોનું આયોજન - સંચાલનથી **સમગ્ર વિશ્વ સ્તબ્ધ બની ગયું છે.**

આજે વર્ષો પછી આઝાદ ભારતના લડવૈયા અને ઘડવૈયા સરદાર સાહેબ ધીરે ધીરે યુવાન માનસચિત્ત પરથી ભૂંસાઈ ન જાય તે માટે આગામી ૩૧ ઑક્ટોબરના રોજ સરદાર સાહેબના જન્મદિવસે એક વિરાટ સરદાર ગાથાનું - એક હજાર ગાડીઓની રેલીનું અને સરદાર સાહેબના એક વચન પર વિશ્વાસ રાખી ભારતના લગભગ ૫૬૨ રાજાઓએ તેમની રિયાસતની કમાન સરદાર સાહેબના હાથમાં સોંપી - તેમાંથી ઋણમુક્ત થવા આ આખાય કાર્યક્રમનું આયોજન - સંચાલન **વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના દીર્ઘદૃષ્ટા - સ્વપ્નદૃષ્ટા - પ્રણેતા અને પ્રમુખ એવા આર. પી. પટેલ સાહેબે એક મોટું ભગીરથ કામ હાથમાં લીધું છે.**

મિત્રો, **'મારી માટી મારો દેશ'** એ આપણા સર્વાધિક લોકપ્રિય અને રાષ્ટ્રભક્ત પ્રધાનમંત્રીજીએ જે મંત્ર આપ્યો છે તેને આગળ વધારવા અને સાકાર કરવા પ્રજામાં જબરદસ્ત લોકમત જાગૃત કરવા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને એક આહલેક જગાવી છે. એ અનુસંધાનમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સંચાલિત માસિક મુખપત્ર **'ઉમા સૃષ્ટિ'**નો એક સ્પેશિયલ અંક પ્રકાશિત કરવાનો મનોરથ સેવ્યો છે. આ અંકમાં સરદાર સાહેબના જીવનની તમામ નાની-મોટી વિગતો હાઈલાઈટ્સ કરીને મૂકવામાં આવી છે. આ માટે **પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ** લિખિત **'સરદાર એક ખોજ', મણિલાલ પટેલ** લિખિત **'સરદાર પટેલ જીવન અને કથન'** તથા **રાજમોહન ગાંધી** લિખિત **'સરદાર પટેલ એક સમર્પિત જીવન'**માંથી ભરપૂર વિગતોનો ઉપયોગ કર્યો છે. તે માટે લેખકશ્રીઓનો આભાર માનીએ છીએ. **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ** અને પૂર્વ ચીફ સેક્રેટરી **શ્રી પી. કે. લહેરી સાહેબે** પણ સરદાર વિશે લેખ આપી ઉપકૃત કર્યા છે.

**માણિક્યમ્**

આપણા સનાતન ધર્મનાં શાસ્ત્રોએ ચાર જણાને 'પુણ્યશ્લોક' કહ્યા છે:

**पुण्यश्लोक नलोराजा, पुण्यश्लोक युधिष्ठिर**

**पुण्यश्लोक च वैदेही, पुण्यश्लोक जनार्दन**

તેમાં વધારો કરીને

**'पुण्यश्लोक सरदार साहेब'**

કરી ઋણમુક્ત થઈએ.

તંત્રી

# અર્પણ



## નરેન્દ્ર મોદી
## પ્રધાનમંત્રીજી, ભારત સરકાર

આપશ્રીએ જે જગ્યાએ મહાભૂમિપૂજન કર્યું હતું તે જગ્યાએ વિશ્વ ઉમિયાધામ, એસ. જી. હાઈવે, **અમદાવાદ ખાતે વિશ્વનું સૌથી ઊંચું (૫૦૪ ફૂટ) શક્તિ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે.**

એક દિવસ એવો ઊગશે કે દુનિયાભરનાં સમાચાર માધ્યમો, પત્રકારો, મુનિશ્રીઓ, તપસ્વીઓ, મહામંડલેશ્વરો, શંકરાચાર્યો અને **લાખો-લાખો ભક્તોની ઉપસ્થિતિમાં મા ઉમિયાનો આ ગગન વિહાર સંપન્ન થશે.**

સૂર્યનારાયણદેવનું પહેલું કિરણ મંદિરના સોનેરી શિખર પર શોભતી ૫૧ ગજની ધજાને રમાડશે. **ગુજરાતમાં એક નવું તિરુપતિ ઊભું થશે. દુનિયાની અજાયબીમાં એક નવો ઉમેરો થશે.**

સાહેબજી! આપશ્રીએ ભારત દેશના બત્રીસ લક્ષણા પુરુષ સરદાર સાહેબનું 'સ્ટેચ્યૂ ઑફ યુનિટી' ઊભું કર્યું. આ ભારત ભાગ્ય વિધાતાના જન્મદિન ૩૧ ઑક્ટોબરે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ૧૦૦૦ કારની રેલી, રાજ વારસદારોના સન્માન, સરદાર કથાસાર અને તમામ **નવયુવાનોના મસ્તિષ્કમાં સરદારની સુગંધ ભરે તેવો આ સ્પેશિયલ અંક પ્રગટ કરી... આપશ્રીને અર્પણ કરી કૃત્ય કૃત્ય થઈએ છીએ.**

આપના ગુણાનુરાગી...



**ડૉ. પ્રભુદાસ પટેલ**
તંત્રી
ઉમા સૃષ્ટિ
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન




**આર. પી. પટેલ**
પ્રમુખ
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

# પ્રમુખશ્રીની કલમે

આધ્યાત્મિક ચેતનાને ઉજાગર કરવાના સંકલ્પ સાથે જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ આપણે કરી રહ્યા છીએ, જે દરેક માટે આસ્થા અને એકતાનું કેન્દ્ર બની રહેશે. આ એક એવું કેન્દ્ર બનવા જઈ રહેલ છે, જ્યાં પ્રત્યેક વ્યક્તિ સનાતન ધર્મ - રાષ્ટ્ર - સમાજ માટે ત્યાગ, સેવા અને સમર્પણની ભાવનાથી જોડાવવા પ્રેરણા મળે અને સામાજીક - શૈક્ષણિક અને આરોગ્ય જેવા વિવિધ ક્ષેત્રે સામાજીક વિકાસમાં ઉપયોગી થવાની ભાવના પેદા થાય અને કોઈપણ વ્યક્તિને વિપરીત અને સંકટના સંજોગોમાં મદદ મળી રહેશે તેવો ભરોસો પ્રાપ્ત થાય તેમજ પ્રત્યેક વ્યક્તિને પોતાની સુરક્ષાની અનુભૂતિનો અહેવાસ થાય.

રાષ્ટ્રચેતના અને રાષ્ટ્રભાવના પ્રાચીન કાળથી ચાલી આવે છે. યજુર્વેદમાં રાષ્ટ્ર શબ્દની સુંદર વ્યાખ્યા આપેલી છે - ''अर्थेत स्थ राष्ट्रदा राष्ट्र में दत'' અર્થાત્ હે પ્રયોજન યુક્ત તરંગો તમે રાષ્ટ્રના દાતા છો, આથી અમે તમને પ્રાર્થના કરીએ છીએ કે તમે અમને રાષ્ટ્ર પ્રદાન કરો. અથર્વવેદમાં રાષ્ટ્રની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવી છે. “શતપથ બ્રાહ્મણ” માં રાષ્ટ્રની વ્યાખ્યા આ રીતે આપેલી છે - “સમૃદ્ધિયુક્ત ઓજસ્વી જનસમૂહ જ રાષ્ટ્ર છે. રાષ્ટ્ર એ માત્ર જનસંખ્યા જ નથી. ફ્રાન્સની રાજ્યક્રાંતિ પછી રાષ્ટ્ર શબ્દ ખૂબ જ લોકપ્રિય થયો અને તેનો ઉપયોગ દેશભક્તિના અર્થમાં થવા લાગ્યો. આજે રાષ્ટ્ર શબ્દથી રાજનીતિ કે સ્વતંત્રતા અથવા પ્રભુસત્તા સમ્પન્ન રાષ્ટ્રનો ખ્યાલ આવે છે.



## આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્રચેતના

પ્રાચીન કાળથી ભારત એક વિશાળ દેશ રહ્યો છે, તેમાં અનેક ભાષાઓ, ધર્મો, સંસ્કૃતિઓ, વંશો અને આચારોનો સમન્વય છે. વ્યક્તિગત સ્વાર્થથી ઉપર ઉઠીને રાષ્ટ્રના હિતને સર્વોપરિ માનવું એ જ ખરી રાષ્ટ્ર ચેતના છે. રાષ્ટ્રનું હિત વ્યક્તિ અને સમાજના હિતથી ઉપર હોય છે, જો કે આધ્યાત્મિક ચેતનામાંથી જ રાષ્ટ્ર ભાવનાનો ઉદય થાય છે. આધ્યાત્મિક ચેતના વ્યક્તિને ધર્મ સાથે જોડે છે, વિભિન્ન જનસમૂહોને એક સૂત્રમાં બાંધે છે, જે સમયાંતરે રાષ્ટ્રચેતનામાં પરિવર્તિત થાય છે. જે રાષ્ટ્રની મજબૂતીનો આધાર બને છે. રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા, રાષ્ટ્ર વિરોધી પરિબળો સામે પ્રતિકાર કરવાની માનસિકતા, રાષ્ટ્રના નીતિ-નિયમોનું પાલન, રાષ્ટ્રના ગૌરવ અને સન્માન માટેનું સમર્પણ

એ જ રાષ્ટ્રચેતના છે. રાષ્ટ્રના સામાજિક, સાંસ્કૃતિક અને રાજનીતિક મૂલ્યોનું જતન અને તેમાં મારો

સહયોગ એ જ રાષ્ટ્રચેતના છે.

ભારતમાં રાષ્ટ્ર ચેતનાની ભાવના વૈદિક કાળથી ચાલી આવે છે. મધ્યકાળમાં તેનું પતન થવા લાગ્યું ત્યારે ભક્તિ આંદોલનને કારણે રાષ્ટ્રીય ચેતનાની ધારા જળવાઈ રહી હતી. ભારતની એકતા અને સ્વતંત્રતા પરસ્પર સંબંધિત છે. જો એકતા ખંડિત થાય તો સ્વતંત્રતા પણ નાશ પામે છે. રાષ્ટ્ર ચેતનાની આ ધારા સમગ્ર દેશને પ્રભાવિત કરે છે. આજે રાષ્ટ્રમાં અલગતાવાદી પરિબળો, પ્રતિવાદ, વર્ગવાદ, ભાષાવાદ જેવી વિઘટનકારી પ્રવૃત્તિઓ પોતાના મૂળ ઉંડા કરી રહી છે અને દેશને તોડવાનો પ્રયત્ન કરી રહી છે, ત્યારે તેનો ઉકેલ મેળવવા રાષ્ટ્રચેતનાને ઉજાગર કરવી પડે તો જ તેનાથી છૂટકારો મળી શકે. માટે રાષ્ટ્રચેતનાને ઓળખવી અને જન-જનમાં ઉજાગર કરવી - પ્રજ્વલિત કરવી એ પ્રત્યેક રાષ્ટ્રપ્રેમી વ્યક્તિનું પરમ કર્તવ્ય છે.

गिरा अरथ जल बीचि सम, कहियत भिन्न न भिन्न ।

અર્થાત્ જે રીતે શબ્દ અને અર્થ ભિન્ન હોવા છતાં પણ અભિન્ન છે, તે રીતે રાષ્ટ્ર અને ચેતના પરસ્પર અભિન્ન છે. કોઈપણ દેશની ભૌગોલિક સરહદની અંદર રહેતા લોકોની રાજનીતિક, સામાજિક, ધાર્મિક, આર્થિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક ચેતનાના સમન્વિત રૂપને રાષ્ટ્રચેતના કહેવામાં આવે છે. રાષ્ટ્ર ચેતના રાષ્ટ્રની જનતાને સંગઠિત કરે છે તથા રાષ્ટ્રહિત માટે સર્વસ્વ સમર્પણની ભાવનાને જન્મ આપે છે.

રાષ્ટ્ર ભાવનાથી ઉપરનું સોપાન વિશ્વ ભાવના છે. જે વ્યક્તિ રાષ્ટ્ર ભાવના સાથે એકાકાર થાય તેનામાં જ વિશ્વ ભાવનાનો ઉદય થાય છે. જાતિ - પાઁતિ, ભેદભાવ અને ક્ષુદ્ર સ્વાર્થોનો પરિત્યાગ કરીને માનવ માત્રની એકતાને સિદ્ધ કરવી એ જ મનુષ્ય જીવનની સાર્થકતા છે. ભારતીય સંસ્કૃતિ "**वसुधैव कुटुम्बकम्**" અર્થાત્ સમગ્ર પૃથ્વીને એક પરિવારની જેમ સમજે છે. આ રીતે રાષ્ટ્ર ચેતના એ વિશ્વ ચેતના સુધી પહોંચવાની સીડી છે. રાષ્ટ્ર ચેતનાની મુખ્ય આધારશીલા છે રાષ્ટ્ર પ્રત્યેની શ્રધ્ધા અને ભક્તિ, જે રાષ્ટ્ર માટે બધું ન્યોછાવર કરવાની પ્રેરણા આપે છે.

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન અને એ પહેલાં રાષ્ટ્ર ચેતના જાગૃત કરવામાં - રાણા હમીર, સંગ્રામસિંહ, મહારાણા પ્રતાપ, ગુરુ ગોવિન્દસિંહ, ગુરુતેગ બહાદુર, છત્રપતિ શિવાજી, રાજા રામમોહનરાય, સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરુ, સુભાષચંદ્ર બોઝ, રાજેન્દ્ર પ્રસાદ, ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, વીર સાવરકર, રામપ્રસાદ બિસ્મિલ, રાસબિહારી બોઝ વગેરે અનેક વીર સપૂતોએ પોતાનું સર્વસ્વ સમર્પિત કર્યું છે.


મંદિર એ આધ્યાત્મિક ચેતનાનું કેન્દ્રબિંદુ છે. આધ્યાત્મિક વિચારોથી જ વ્યક્તિને સ્વની ઓળખ મળી જાય છે. આધ્યાત્મિક ચેતનાથી જ રાષ્ટ્ર ચેતનાનો પ્રાદુર્ભાવ થાય છે અને એટલે જ વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં જગતજનની મા ઉમિયાનું વિશ્વના સૌથી ૫૦૪ ફૂટ ઊંચા મંદિરનું નિર્માણ તે જ ગતિથી કરી રહેલ છે. આ આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્ર ચેતના જો જાગૃત થાય તો રાષ્ટ્ર સર્વ પ્રકારે સુખી - સમ્પન્ન, સમૃદ્ધ અને મજબૂત બની જાય.

ઉપરોક્ત વિચારધારા સાથે રાષ્ટ્રચેતનાના પ્રતિક એવા સરદાર સાહેબની જન્મજયંતિ દિને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ૩૧ ઓક્ટોબર ૨૦૨૩, રાષ્ટ્રીય એકતા દિનના રોજ "સરદાર પટેલ રાષ્ટ્ર ચેતના મહાસંમેલન" નું વિરાટ આયોજન કરી રહેલ છે. આઝાદી પછી સરદાર પટેલે જ આપણને વેર - વિખેર થતાં અટકાવ્યા હતા અને ૫૬૫ રજવાડાઓને સરદારે પ્રેમ, કુશાગ્ર બુદ્ધિ, દૃઢ મનોબળ અને કુનેહથી અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. સરદાર વિના આ રાષ્ટ્ર ક્યારેય એક રાષ્ટ્ર બની જ ના શક્યું હોત. સ્વયં ગાંધીજીએ કહ્યું હતું કે - જો સરદાર મને મળ્યા ન હોત તો આ કામ થયું ન હોત. અખંડ ભારતના નિર્માણમાં જે રજવાડાઓએ ત્યાગ અને સમર્પણની ભાવના સાથે પોતાના રજવાડા ભારતમાં ભેળવીને એક એવો સંદેશ આપ્યો છે કે દરેક દેશવાસીઓએ પોતાની યથાશક્તિ પ્રમાણે પોતાના ધર્મ, દેશ અને સમાજ માટે સમર્પિત થવા તત્પર રહેવું જોઈએ. આઝાદીના ૭૬ વર્ષ બાદ આવા રજવાડાઓના વંશજોને સન્માનિત કરી ઋણ ચૂકવવાના સમારોહનું આયોજન કરીને વિશ્વ ઉમિયાધામ ધન્યતા અનુભવે છે.

સદર રજવાડાઓના સન્માન સમારોહમાં મહારાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી સહિતના દેશભરના રાજવીઓ આ પ્રસંગે પધારવાના છે, ત્યારે સામાજિક સમરસતાના અભિયાનમાં સહયોગી બનવાનું ગૌરવ આપણે સૌ અનુભવીએ. આ મહાસંમેલનના દિવસે "સરદાર ગૌરવ ગાથા" નું આયોજન કરવામાં આવ્યું છે. જેથી આપણી વર્તમાન પેઢી રાષ્ટ્રના ઘડતર અને ચણતર માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર સરદાર પટેલની પ્રેરક અને રોમાંચક ગાથા જાણે, સમજે અને પ્રેરણા લઈ શકે, સામાજિક સમરસતા જાળવવામાં પોતાનું યોગદાન આપી શકે.

**અંતમાં એટલું જ કહી શકાય કે સરદાર પટેલ આપણા માટે રાષ્ટ્ર ચેતનાની દીવાદાંડી છે. આજે આપણે જે સુખ, સ્વતંત્રતા અને સુરક્ષા ભોગવી રહ્યા છીએ તે સરદાર પટેલ દ્વારા થયેલા અખંડ ભારતના નિર્માણને આભારી છે.**

**આર. પી. પટેલ**
**પ્રણેતા એવં પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**






ડો. કુમારપાળ દેસાઈ

# અખંડ ભારતના ભાગ્યવિધાતા 'લોખંડી પુરુષ?'

> સરદારને 'લોખંડી પુરુષ' વિશેષણ આપ્યું, પણ એનું ઔચિત્ય પારખવામાં વિવેકી ગુજરાત ઊણું ઊતર્યું છે. મૂળ શબ્દ હતો વજ્રથી પણ કઠણ હૃદય ધરાવતા. એનું સાવ અવળું પરિવર્તન કર્યું અને 'વજ્ર'નો અર્થ 'લોખંડ' કર્યો. 'વજ્ર'નો અર્થ ઇંદ્રનું હથિયાર અથવા તો હીરો થાય છે, તો તેનું સરદારને માટે લોખંડમાં રૂપાંતર કોણે કર્યું?



સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિભાને કેટલો મહાઅન્યાય કર્યો છે આપણે? સરદાર પટેલને માટે જ્યાં અને ત્યાં, જ્યારે અને ત્યારે, કોઈ પણ વાતને પ્રારંભે 'લોખંડી પુરુષ' એવું વિશેષણ પ્રયોજાય છે. સરદારને 'લોખંડી પુરુષ' કહી શકાય ખરા? **આ વિશેષણ સરદારના વ્યક્તિત્વને યથાર્થ રીતે પ્રગટ કરે છે ખરું?**


હકીકત તો એ છે કે સરદાર જેવા વીર અને સાહિસક હતા, એટલા જ ઉદાર અને ક્ષમાવાન હતા. જેવા કાર્યદક્ષ એટલા જ હૃદયના પ્રેમાળ, **જેટલા સંકલ્પવાન એટલા જ ઈશ્વર પ્રત્યે શ્રદ્ધાવાન. સરદારની ઈશ્વરશ્રદ્ધા વિશે જરા વિચારીએ!**

૧૯૩૩ની પહેલી જૂને સરદાર વલ્લભભાઈ પટેલે લખ્યું, '(ઈશ્વરની) દયા મેળવવાની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે જ સતત પ્રયત્ન કરવો... ઈશ્વરનો પાડ માનવો અને એને શરણે જઈ જીવનને જેટલું નિર્મળ કરી શકાય તેટલું બનાવવા પ્રયત્ન કરવો.'

સરદારે એમના અવસાન પૂર્વે નવેક મહિના અગાઉ એક પત્રમાં લખ્યું, 'દુનિયા પ્રલયને માર્ગે દોડી રહી છે. **એમાંથી કેમ બચી શકાય એ તો ઈશ્વરના હાથમાં છે, પણ પુરુષાર્થ કરવો એ આપણું કામ છે.'**

આવા સરદાર વલ્લભભાઈને માટે 'લોખંડી પુરુષ' વિશેષણની કલ્પના ક્યાંથી આવી હશે? એનું મૂળ કદાચ 'ઉત્તરરામચરિત' નાટકમાં ભવભૂતિએ પ્રયોજેલી ઉક્તિમાં હોઈ શકે. એ નાટકમાં રામના હૃદયને માટે 'વજ્રાદપિ કઠોરાણિ, મૃદુનિ કુસુમાપિ' એવું કહેવાયું છે. એનો અર્થ છે : **વજ્રથી પણ કઠોર હૃદય ધરાવતા અને પુષ્પથી પણ સુકોમળ હૃદય ધરાવતા.'**

જો 'વજ્ર' અને 'પુષ્પ' બંનેને સાથે રાખીને વિચાર કરવામાં આવ્યો હોય તો એવું વિશેષણ સરદારને માટે યોગ્ય થાત, પરંતુ આપણે એમાંથી માત્ર અપ્રસ્તુત એવો પ્રથમ ભાગ જ લઈ લીધો અને એમાંથી 'લોખંડી પુરુષ' જેવું વિચિત્ર વિશેષણ ઘડી કાઢ્યું. એનાથી આગળ વધી અંગ્રેજીમાં એમને 'આયર્ન મૅન' કહ્યા. સરદારના વ્યક્તિત્વને સરખાવવા માટે એમની ઑલિવર ક્રોમવેલ અને બિસ્માર્ક સાથે તુલના કરવામાં આવી.





તુલના કરનારાઓને એનાથી આગળ વધીને છેક મેક્યાવેલી અને હિટલર સાથે સરદારની તુલના કરી છે. સરદારને હિટલર સાથે સરખાવનારાને જવાબ આપવાનું ઉચિત નથી. એમને બિસ્માર્ક સાથે સરખાવવામાં આવે છે, જે બિસ્માર્કે ૮૦ જેટલા સૂબાઓને દબાવીને ભારતના સંદર્ભમાં નાનકડા ખોબા જેવા જર્મનીનું એકીકરણ કર્યું હતું. **આને માટે એણે બેધડક બનીને હિંસા અને હત્યાનો આશરો લીધો. આવા જુલ્મગાર, લોહીતરસ્યા બિસ્માર્ક સાથે કઈ રીતે સરદારની સરખામણી થઈ શકે?**

આમ સરદારને 'લોખંડી પુરુષ' વિશેષણ આપ્યું, પણ એનું ઔચિત્ય પારખવામાં વિવેકી ગુજરાત ઊણું ઊતર્યું છે. મૂળ શબ્દ હતો વજ્રથી પણ કઠણ હૃદય ધરાવતા. એનું સાવ અવળું પરિવર્તન કર્યું અને 'વજ્ર'નો અર્થ 'લોખંડ' કર્યો. **'વજ્ર'નો અર્થ ઇંદ્રનું હથિયાર અથવા તો હીરો થાય છે, તો તેનું સરદારને માટે લોખંડમાં રૂપાંતર કોણે કર્યું?**

બીજી એક બાબત એ છે કે 'લોખંડી' શબ્દથી સરદારની દૃઢતા પ્રગટ થતી નથી. લોખંડી માણસોએ ઇતિહાસમાં હિંસાનો આશરો લીધો છે. **લોખંડી શબ્દમાં દૃઢતાની સાથે કઠોરતા અને નિર્દયતા સામેલ છે એનો ખ્યાલ આપણને બિસ્માર્કના પરિચયથી થયો છે.**

સરદાર પાસે આફતોની વચ્ચે અડગ રહે તેવું દૃઢ મનોબળ હતું. એવા દૃઢ મનોબળધારી વ્યક્તિને લોખંડી પુરુષ કહી શકાય નહીં. યુરોપમાં જેમને 'આર્યન મેન' કહેવામાં આવે છે, તેઓએ સહેજપણ હિચકિચાટ વિના હિંસાનો આશરો લીધો હતો. 'આયર્ન મેન'નું ભળતું ગુજરાતી 'લોખંડી પુરુષ' કરીને સરદારની વિરાટ પ્રતિભાને ઘણો અન્યાય કર્યો છે. **પારાવાર આશ્ચર્યની એ વાત છે કે સરદાર પટેલને બિરદાવતાં ગુજરાતી કાવ્યોમાં પણ એમને 'હે લોહપુરુષ' એવું સંબોધન કરવામાં આવ્યું છે.** સરદાર વિશે બીજા કેટલાક ઉલ્લેખો જોઈએ.

બારડોલીના સત્યાગ્રહ વખતે અંગ્રેજોએ વલ્લભભાઈને લેનિનનું તખલ્લુસ આપ્યું હતું. ગુજરાતના સાક્ષર ઉમાશંકર જોશીએ કૌટિલ્યને ટાંકીને સરદાર પટેલને 'આત્મવત્તાવાળો પુરુષ' કહ્યા છે. નરસિંહરાવ દિવેટિયા અને એચ.એમ. પટેલે સરદારને માટે ગીતા અને રામાયણનો સાથ લીધો છે. એચ. એમ. પટેલે એમનાં ભાષણોમાં ગાંધીજીને રામ સાથે અને સરદાર પટેલને હનુમાન સાથે સરખાવ્યા હતા. **સાક્ષર નરસિંહરાવ દિવેટિયાએ શ્રીકૃષ્ણ જેવા ગાંધીની પડખે અર્જુન જેવા વલ્લભભાઈ હતા, એવી ઉપમા આપીને નોંધ્યું છે કે જ્યાં આવું હોય, ત્યાં વિજય તો હોય જ.**

આ ઉપમામાં પણ એક સવાલ જાગે છે. અર્જુનની સામે અનેક મહારથીઓ હતા, પોતાના બાંધવો હતા, ભીષ્મ, દ્રોણ, જયદ્રથ અને કર્ણ હતા, પરંતુ એ તમામ કુરુક્ષેત્રના રણમેદાનમાં એકત્રિત થયા હતા. વળી આ બધાની સામે યુદ્ધ ખેલવાનું છે, **એ વિચારથી અર્જુનનાં ગાત્રો શિથિલ થઈ જાય છે. શરીરે કંપારી થઈ પરસેવો વળે છે. યુદ્ધના મેદાનમાંથી પાછા ફરવાનું વિચારે છે.**


આ સંદર્ભમાં સરદાર વલ્લભભાઈ સામે કઈ પરિસ્થિતિ હતી? સરદારની સામે એક-બે રાજ્ય નહીં, પણ પૂરા સાડા પાંચસો જેટલાં રાજ-રજવાડાંઓ હતાં. આવી સ્થિતિ હોવા છતાં ક્યારેય સરદારને કંપારી થઈ નથી. ક્યારેય પરિસ્થિતિ જોઈને પરસેવો છૂટ્યો નથી. અર્જુને શ્રીકૃષ્ણને પૂછ્યું, ત્યારે સરદાર વલ્લભભાઈએ મહાત્મા ગાંધીજી કે અન્ય કોઈને પૂછ્યા વિના સ્થિર બુદ્ધિથી પોતાનો જંગ ખેલ્યો. અર્જુનની સામે કૌરવ સેના હતી, **જ્યારે સરદાર પટેલની સામે સામ, દામ, દંડ અને ભેદની રાજનીતિ અજમાવી શકતા આખા હિંદુસ્તાનના રાજાઓ હતા.** કાવાદાવા, દાવપેચ અને કૂડકપટ કરનારા એમના દીવાનો હતા. બેફામ દમન કરવાની એમની પાસે સત્તા હતી.

જનાબ ઝીણાનો ભાગલાવાદી અભિગમ હતો. 'મનસ્વી' કે 'કોમવાદી' કહીને સરદારની પ્રતિભાને ખંડિત કરવા માગનારાં તત્ત્વો વિરોધીની છાવણીમાં તો હતાં જ, બલ્કે ખુદ કોંગ્રેસ પક્ષમાં પણ એમના વિરોધીઓ હતા. અંગ્રેજોની બદદાનત ક્યાં ઓછી હતી? અંગ્રેજો રાજ-રજવાડાને મોકળું મેદાન આપીને દેશને ખંડિત કરવા ચાહતા હતા. આમ અર્જુન કરતાં પણ સરદારને વધુ વિરોધીઓ અને વધુ કસોટીઓનો સામનો કરવાનો હતો.

વળી બારડોલીના આ વીરનું કામ થોડું અઘરું હતું. શ્રીકૃષ્ણ દુર્યોધન પાસે વિષ્ટિ કરવા ગયા, ત્યારે શ્રી કૃષ્ણે કુરુક્ષેત્રનો મહાસંહાર નિવારવાનો એક ઉપાય બતાવ્યો. એમણે દુર્યોધનને કહ્યું કે, 'જો તું પાંચ ગામડાં પાંડવોને આપી દે, એનાથી એમને સંતોષ થશે, બાકીનું રાજ તું સંભાળ.' આ સમયે દુર્યોધને એમ કહ્યું કે, **'પાંચ ગામ તો શું, પરંતુ સોયની અણી જમીન પર ઊભી રહે તેટલી જમીન પણ હું પાંડવોને આપવાનો નથી.'**

પોતાના રાજની જમીન માટેની ચાહના કેટલી હોય છે તે છેક મહાભારતના કાળથી જોવા મળે છે. આવી જમીન માટે યુદ્ધો થયાં. વિદેશી શાસન આવ્યું. એ જમીનને અને એ રાજને સરદારે એમની પાસેથી લઈ લીધા. એની પાછળ એમની કેટલી કુનેહ હશે! **બાકી અંગ્રેજોએ તો દેશ છોડતી વખતે દેશી રાજરજવાડાંઓને એમ કહ્યું હતું કે 'તેઓ ભારત કે પાકિસ્તાન સાથે જોડાઈ શકે છે અને ઇચ્છે તો સ્વતંત્ર રહી શકે છે.'**

આવે સમયે સરદાર વલ્લભભાઈ પટેલે આ રાજાઓને કુશાગ્ર બુદ્ધિથી સમજાવ્યા. એમના હૃદયમાં રહેલી રાષ્ટ્રભાવનાને જાગ્રત કરી. કેટલાકે સામે ચાલીને પોતાનું રાજ સમર્પિત કર્યું, કેટલાકે સરદારની સમજાવટભરી સલાહ માથે ચડાવી. થોડાક ન માન્યા એમની સામે સરદારે મક્કમ પગલાં લીધાં. આ રાજાઓએ સરદારને પોતાનું રાજ સોંપ્યું, એટલું જ નહીં, પણ એમને પોતાના સાચા માર્ગદર્શક માન્યા. ઘણા રાજાઓ એમને પોતાના મોટાભાઈ સમાન ગણતા હતા. સવાલ એ થશે કે સરદારને શું કહીશું? કોની સાથે સરખાવીશું? બિસ્માર્ક, હિટલર, મેકિયાવેલ કે અર્જુન સાથે? **સરદારની કોઈ સાથે તુલના થઈ શકે એમ નથી. સરદાર તો અખંડ ભારતના ભાગ્યવિધાતા કે નૂતન ભારતના શિલ્પી ગણાય.** ■





પી. કે. લહેરી

# સરદારઃ સર્વ માટે પ્રેરણાદાયી




**ગાંધીજીના તમામ શિષ્યોમાં સરદારની તેમની સાથેની આત્મીયતા અજોડ છે, ગાંધીજીની મશ્કરી પણ કરી શકે છે અને તેની ઇચ્છા માત્રને શિરોધાર્ય કરી વડા પ્રધાનપદ જતું કરી શકે છે**

શિવપુત્રી નર્મદાના તટે સાધુ બેટ પર સ્થાપિત સરદારની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા કરતાં પણ જેનું કદ આભને આંબે તેવું છે તેવા શ્રી વલ્લભભાઈ પટેલ ગાંધીયુગના ગગનમાં છવાયેલા અનેક સિતારાઓ વચ્ચે ધ્રુવતારક સમાન છે. ૨૦૨૫માં આપણે તેની સાર્ધજન્મશતાબ્દીનઉજવીશું ત્યારે આગામી પેઢીને સરદારના અનોખા અને અદ્ભુત વ્યક્તિત્વથી સારી રીતે વાકેફ નહીં કરીએ તો આપણે આપણી ફરજ ચૂકીશું. કમનસીબે વર્ષો સુધી ઈર્ષ્યા અને અસલામતી ભોગવતી નેતાગીરીએ સરદારની ઉપેક્ષા કરવાનો અવિરત પ્રયત્ન કર્યો, પણ લોકમાનસમાં સરદાર માટે જે આદર અને પ્રેમ છે તેમાં રજમાત્ર ઘટાડો થઈ શક્યો નથી. સરદાર કોઈ પ્રસિદ્ધિ કે કોઈની પ્રશંસાના મોહતાજ નથી. **તેમનું તેજસ્વી વ્યક્તિત્વ મહાત્માના ઉચ્ચ આદર્શોના ટાંકણે ઘડાયું છે.**

૪૨ વર્ષની ઉંમર સુધી વલ્લભભાઈ એક સંસારી જીવ તરીકે ધન, પહેરવેશ, સફળતા જેવા લક્ષ્યાંકો સિદ્ધ કરવાને મહત્ત્વ આપે છે. ધીકતી કમાણી કરીને પશ્ચિમી ઢબે વૈભવી જીવન જીવતા સરદારને શરૂઆતમાં ગાંધીજીની વાતો અવ્યવહારુ અને વિચિત્ર જણાય છે. ક્રમશઃ ગાંધીજીના પરિચયમાં આવતાં સરદારની ચકોર નજર પારખી જાય છે કે “આ માણસ અનોખો છે. તેના વિચાર, વાણી અને વર્તનમાં એકવાક્યતા છે. તપસ્વી છે અને દેશની પ્રજાની નાડ પારખનાર રાજવૈદ છે. તેમના માર્ગે ચાલશું તો આપણને ગુલામીમાંથી મુક્તિ મળશે.” આ સમજણ સાથે વલ્લભભાઈનું સમગ્ર વ્યક્તિત્વ, તેમનો સ્વભાવ અને જીવનદૃષ્ટિ સંપૂર્ણપણે પરિવર્તન પામે છે. જીવનનાં તમામ ભૌતિક સુખો સરદાર જેમ સાપ કાંચળી ઉતારે તેટલી સહજતાથી ત્યાગી દે છે. સરદારની પ્રકૃતિ ગાંધીજી કરતાં વિભિન્ન છે. સરદારની દેશભક્તિ અને ગાંધીજી પ્રત્યેની નિષ્ઠા, ત્યાગવૃત્તિ અને હાસ્યવૃત્તિ, વ્યવહાર કુશળતા અને સંગઠન શક્તિ, હિંમત અને સમર્પણ થકી ૪૨ વર્ષ બાદનું તેમનું ૩૩ વર્ષનું જીવન ગાંધીચિંધ્યા કઠિન માર્ગે ચાલે છે, ગાંધીજીના તમામ શિષ્યોમાં સરદારની તેમની સાથેની આત્મીયતા અજોડ છે. **ગાંધીજીની મશ્કરી પણ કરી શકે છે અને તેની ઈચ્છા માત્રને શિરોધાર્ય કરી વડા પ્રધાનપદ જતું કરી શકે છે.**

ખેડા સત્યાગ્રહ, રાસ અને બોરસદના સ્થાનિક સત્યાગ્રહોથી વલ્લભભાઈએ દેશને ખાતરી કરાવી આપી કે ગાંધીમાર્ગે આંદોલનો અહિંસક રીતે પણ સફળ થઈ શકે છે. ૧૯૨૨ના નાગપુરના ઝંડા સત્યાગ્રહ અને ત્યાર બાદ બારડોલી સત્યાગ્રહોએ સરદારને ગાંધીજીના ઉત્તમ અનુયાયીનું સ્થાન અપાવ્યું, ૧૯૩૦માં દાંડીકૂચનું આયોજન, ગાંધીજીના વિદેશ પ્રવાસ દરમિયાન કોંગ્રેસનું સંચાલન અને યરવડા જેલમાં **ગાંધીજીનો સહવાસ અને સેવાના પ્રસંગો સરદારના સંપૂર્ણ ખીલેલા વ્યક્તિત્વનાં દર્શન કરાવે છે.**

સરદાર અને ગાંધીજીની વચ્ચે ઉંમરનો ખાસ તફાવત ન હતો. સરદારમાં ગાંધીજીએ પ્રબોધેલા માર્ગે ચાલવામાં એક બાજુ મક્કમતા હતી તો બીજી બાજુ ગાંધીજીથી વિભિન્ન મત ધરાવવાની દૃઢતા હતી. સરદારે દેશી રજવાડાંઓનું સામ, દામ, દંડ અને ભેદની નીતિથી જે એકત્રીકરણ કર્યું તે વિશ્વના ઈતિહાસની “ન ભૂતો ન ભવિષ્યતિ” જેવી અદ્વિતીય ઘટના છે. સરદાર ગુણોનો ભંડાર છે. તેના જીવન અને કાર્યમાંથી આપણે થોડી પણ પ્રેરણા લઈએ, દેશ અને તેની પ્રજા માટે સર્વસ્વ સમર્પણ કરી શકીએ અને રાજકારણમાં આદર્શો અને વ્યવહાર કુશળતાનો સંગમ કરી શકીએ તો સરદારને આપેલી શ્રેષ્ઠ અંજલિ હશે. સરદાર અખંડ ભારતના શિલ્પી છે. સુશાસન માટે સજ્જ છે. **વિનોદવૃત્તિ - આખાબોલાપણું અને આત્મવિશ્વાસથી જીવન સાર્થક થઈ શકે તેનું ઉત્તમ ઉદાહરણ છે.** ■






# આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્રચેતના અંતર્ગત સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે ઉમાસૃષ્ટિના "સરદાર રાષ્ટ્ર ચેતના સમૃતિ અંક" ના ૫૦ હજાર કોપીના સૌજન્ય દાતાશ્રીઓ

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી આર. પી. પટેલ | પ્રમુખશ્રી – વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન |
| ૨ | શ્રી પ્રહ્લાદભાઈ એ. પટેલ | ઉપપ્રમુખશ્રી – VUF, ગોલ્ડન ભામાશા દાતાશ્રી |
| ૩ | શ્રી કાન્તિભાઈ એન. પટેલ | ખજાનચીશ્રી – VUF, ગોલ્ડન ભામાશા દાતાશ્રી |
| ૪ | શ્રી ઉદયભાઈ સી. પટેલ | ગોલ્ડ પ્લેટીનમ દાતાશ્રી–VUF, લાયનોમેટ્રીક ઈન્ડસ્ટ્રીઝ |
| ૫ | શ્રી સંજયભાઈ આર. પટેલ | ડાયમંડ દાતાશ્રી – VUF, શિવમ ઈન્ફ્રાકોન |
| ૬ | શ્રી રૂપેશભાઈ બી. પટેલ | મહામંત્રીશ્રી – VUF, ડાયમંડ દાતાશ્રી |
| ૭ | શ્રી રસિકભાઈ એ. પટેલ | ગોલ્ડન દાતાશ્રી – VUF, ચેરમેનશ્રી – ઉમા પ્રસાદમ્ |
| ૮ | શ્રી ભગીરથભાઈ કે. પટેલ | ચેરમેનશ્રી – ઈનોવેટીવ & ઈનીશીયેટીવ કમિટી |
| ૯ | શ્રી સંજયભાઈ ટી. પટેલ | ચેરમેનશ્રી – લીગલ સેલ કમિટી |
| ૧૦ | શ્રી કેતનભાઈ આર. પટેલ | ગોલ્ડન દાતાશ્રી–VUF, ચેરમેનશ્રી–અમદાવાદ પશ્ચિમ સંગઠન |
| ૧૧ | શ્રી શંકરભાઈ કે. પટેલ | ભામાશા દાતાશ્રી – VUF, વ્હાઈટ–ઓ–કેમ (ઈન્ડિયા) |
| ૧૨ | શ્રી નિકુલભાઈ વી. દામેલીયા | ડાયરેક્ટરશ્રી – Briskon TMT Safest & Strongest |
| ૧૩ | શ્રી મનોજભાઈ ડી. પટેલ | ડાયરેક્ટરશ્રી – Briskon TMT Safest & Strongest |


Celebrating More than 40 years of Trust, Taste & Purity
www.ankuroils.com
SINCE 1978
Ankur®
EDIBLE OILS
એજ અતૂટ બંધન
100% NATURAL
New Pack
Ankur
GROUNDNUT OIL
Our Other Products:
Refined Cottonseed Oil, Refined Sunflower Oil,
Refined Soyabean Oil, Refined Corn Oil,
Kachi Ghani Mustard Oil, Mild Mustard Oil
Ankur Oil Industries, 'Corporate Office' Ratnaakar Nine Square, Block-B, Shop no. 1-6, Opp. ITC Narmada, Vastrapur road, Ahmedabad-380015
Business Inquiry No.: +91 82382 38250
Follow us on:
marshmallow





# આવો હતો સરદાર સાહેબનો મિજાજ



બોરસદ તાલુકામાં લુંટારાઓનો ભારે ત્રાસ હતો. સાંજના પાંચ વાગ્યા પછી બહાર નીકળી ન શકાય. બાબરદેવા, ગુલાબરાજા, અલીખાં વગેરે બહારવટિયાઓના ત્રાસથી પ્રજાને બચાવવાના બહાને અંગ્રેજ સરકારે વધારાનું ખર્ચ મેળવવા પ્રજા ઉપર અઢી લાખ રૂપિયાનો વેરો નાખ્યો. આ વેરાને હૈડિયાવેરો કહેતા. પ્રજાએ એનો વિરોધ કર્યો. પ્રજાના જાનમાલનું રક્ષણ કરવું એ સરકારની ફરજ છે. સરદારે એની આગેવાની લીધી. રવિશંકર મહારાજ, દરબાર ગોપાલદાસ, દ્વારકાદાસ પરીખ વગેરે આગેવાનો સરદાર સાથે સામેલ થયા. **આખરે અંગ્રેજ સરકારે એ વેરો રદ કર્યો. પ્રજાનો વિજય થયો.**

રવિશંકર મહારાજના પ્રયાસોથી બાબરદેવા વગેરેનું હૃદય પરિવર્તન થયું. તેઓએ સરદારને મળવાનું નક્કી કર્યું. એ દરમિયાન બાબરદેવાની ધરપકડ થઈ. એણે ૨૨ ખૂન કર્યાં હતાં. **અંગ્રેજ સરકારે એને ફાંસીની સજા કરી. એટલે સરદાર સાથેની એ મુલાકાત શક્ય ન બની.**

> **સરદારે બાજુમાં બેઠેલા મહાવીર ત્યાગીના કાનમાં કંઈ કહ્યું. ત્યાગીએ દિલ્હી રેલવે સ્ટેશને જઈને શેખ અબ્દુલાને સરદારનો સંદેશો પહોંચાડ્યો. એ સંદેશો એવો હતો કે, 'શેખસાહેબ બંધારણસભા છોડી શકે છે... દિલ્હી નહીં... અટકાયત થશે.'**


બાબરદેવાને તમારામાંનો કોઈ પણ જાણતો હોય તો તેને ખબર આપજો કે તારું બહારવટું એ બહારવટું નથી. બંદૂકડી લઈને ભાગતા ફરવું અને નિર્દોષોને લૂંટવા અને મારવા એમાં બહારવટું નથી. બહારવટું તો ઢસા દરબાર ગોપાલદાસનું છે. **બહારવટું તો ગાંધીજીનું છે, જે અંગ્રેજી સરકાર સામે બહારવટે ચડ્યા છે.** (સરદારે બોરસદની જાહેરસભામાં જણાવેલી વાત.)

૧૯૪૭ના ઑક્ટોબરના આખરી અઠવાડિયામાં વલ્લભભાઈ કાશ્મીરનો નકશો ઉઘાડી એનો અભ્યાસ કરી રહ્યા હતા. એ દરમિયાન બાજુમાં ઊભેલા લશ્કરી કમાન્ડર સાથે મસલત કરી અને તરત જ જમ્મુ-પઠાણકોટ વિસ્તાર તરફ આંગળી ચીંધીને જાહેર બાંધકામ ખાતાના પ્રધાન ગાડગીલને સૂચના આપી કે, "આ બે શહેર વચ્ચેનો **૬૫ માઈલ લાંબો રસ્તો લશ્કરનાં વજનદાર વાહનોની અવરજવર ખમી શકે એવો આઠ મહિનામાં તૈયાર થવો જોઈએ. આ લડાઈ લાંબી ચાલવાની છે.'**

ગાડગીલે કહ્યું, **'નકશામાં નદીનાળાં, ટેકરીઓ, પર્વતો જોઈ શકાતાં નથી.'**


વલ્લભભાઈએ સ્પષ્ટ શબ્દોમાં પુનઃ કહ્યું, 'આ કામ સમયસર થઈ જ જવું જોઈએ. દેશના સંરક્ષણની દૃષ્ટિએ બહુ મહત્ત્વનું છે.' ગાડગીલે કોઈ દલીલ કે પ્રશ્ન કર્યા વિના સરદાર સાહેબના આદેશ અમલ શરૂ કર્યો. રાજસ્થાનથી ખાસ ટ્રેનો દ્વારા ૧૦,૦૦૦ મજૂરો લાવવામાં આવ્યા. આ કામને યુદ્ધના ધોરણે વેગ અપાયો અને ૬૫ માઈલનો રસ્તો સમયસર બંધાઈ ગયો. **દર પંદર વર્ષે એનો પ્રોગ્રેસ રિપોર્ટ સરદારને મોકલવામાં આવતો.**


ઑક્ટોબર-૧૯૪૮માં બંધારણસભામાં કાશ્મીર વિશે ચર્ચા ચાલતી હતી. ચર્ચા ચાલુ હતી એ દરમિયાન શેખ અબ્દુલ્લાને કેટલીક બાબતો અંગે મતભેદ થતાં તેઓ ગુસ્સે થઈને ઊભા થઈ ગયા અને એનાં પરિણામો વિપરીત આવશે એવાં ઉચ્ચારણો સાથે કાશ્મીર જવાની ધમકી આપીને સભાત્યાગ કર્યો. એ સમયે સરદારે બાજુમાં બેઠેલા મહાવીર ત્યાગીના કાનમાં કંઈ કહ્યું. ત્યાગીએ દિલ્હી રેલવે સ્ટેશને જઈને શેખ અબ્દુલાને સરદારનો સંદેશો પહોંચાડ્યો. એ સંદેશો એવો હતો કે, 'શેખસાહેબ બંધારણસભા છોડી શકે છે... દિલ્હી નહીં... અથવા અટકાયત થશે.' **સરદારના આ કડક સંદેશની એવી અસર થઈ કે શેખસાહેબ રેલવે સ્ટેશનથી સીધા દિલ્હીના પોતાના નિવાસે પહોંચી ગયા. આવો હતો સરદાર સાહેબનો મિજાજ.** ■





# અમદાવાદના મુસ્લિમોએ ઝીણાને સભામાંથી ભગાડી મૂક્યા હતા





**ઝીણાને હવે કોઈ સાંભળવા માગતું નહોતું. લોકોનો આક્રોશ એટલો બધો વધ્યો કે ઝીણાને ખ્યાલ આવી ગયો કે અમદાવાદના મુસ્લિમો તેમનો ટપલીદાવ કરી દેશે. બીજી જ ક્ષણે તેમણે ભાષણ આપવાનું બંધ કરી દીધું અને ભાષણ અધૂરું છોડી મંચની પાછળના રસ્તે દોડીને ભાગી ગયા**

મોહંમદ અલી ઝીણાના વડવાઓ હિન્દુ લોહાણા હતા એ વાતની ઘણા લોકોને ખબર નહોતી. મુસ્લિમોને ઉશ્કેરી પાકિસ્તાન ઊભું કર્યું, પરંતુ પોતે કદી નમાઝ પઢતા નહોતા એ વાતની ઘણાને ખબર નહોતી. દારૂ, સિગારેટ અને વિલાયતમાં સિવડાવેલા - હાથે સિવેલા સૂટ અને સિલ્કની નેક્ટાઈના શોખીન ઝીણા મુસ્લિમ સમાજમાં પરણવાના બદલે પારસી યુવતીને પરણ્યા હતા. **ઝીણાને કોઈએ મસ્જિદમાં જતા જોયા નથી. રોઝા રાખતા જોયા નથી. કદીયે હજ પઢવા ગયા નથી એ વાતની પણ ઘણા લોકોને ખબર નથી.**

ઘણા ઓછા લોકોને એ વાતની ખબર છે કે સરદાર સાહેબ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ રહી ચૂક્યા છે. તેમણે મહાત્મા ગાંધીજીના હસ્તે આજના મ્યુનિસિપાલિટીના મકાન પર ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. એ વખતે અમદાવાદ શહેરની વસ્તી માંડ પાંચ લાખ જેટલી હતી. **હિન્દુ અને મુસ્લિમ બેઉ કોમના લોકો અમદાવાદમાં રહેતા હતા.**


દેશને હજુ આઝાદી મળી નહોતી. મોહંમદ અલી ઝીણાએ આઝાદી માટે લડતી કોંગ્રેસના પ્રતિસ્પર્ધી સંગઠન મુસ્લિમ લીગની આગેવાની લીધી હતી. અમદાવાદના મ્યુનિસિપલ બોર્ડમાં પણ મુસ્લિમ લીગના અને મુસ્લિમ સભ્યોની સંખ્યા વધતી ગઈ હતી. એ વખતે મુસ્લિમ લીગના અમદાવાદના વડા મીટિંગ વખતે સરદાર સાહેબની વિરુદ્ધ અને દેશવિરોધી પ્રવચનો આપતા, પરંતુ તેમનાં મંતવ્યો મુદ્દાસરનાં હોઈ સરદાર સાહેબ તેમને શાંતિથી સાંભળતા. આ સમય દરમિયાન કોઈએ વિચાર્યું કે, **મુસ્લિમ લીગનો પ્રચાર કરવા માટે મોહંમદ અલી ઝીણાને અમદાવાદ બોલાવો. ઝીણાએ અમદાવાદ આવવાનું આમંત્રણ સ્વીકાર્યું.**

મોહંમદ અલી ઝીણા આવી પહોંચ્યા. શરૂઆતમાં તેમણે સામાન્ય પ્રવચન કર્યું, પરંતુ ધીમે ધીમે તેમની ભાષા કડવી બનતી ગઈ. અમદાવાદના મુસ્લિમો રાષ્ટ્રવાદના રંગે રંગાયેલા હતા. તેઓ સરદાર અને ગાંધીજીનો આદર કરતા હતા. ઝીણાની એલફેલ ભાષા સાંભળી સભામાં બેઠેલા મુસ્લિમોએ ઝીણા પર પ્રશ્નોની ઝડી વરસાવી. લોકો વેધક પ્રશ્નો પૂછતા હોઈ ઝીણા વધુ અકળાયા. તેમણે શ્રોતાઓની લાગણીની પરવા કર્યા વિના સરદાર અને ગાંધીજી વિશે અણછાજતા શબ્દપ્રયોગો કર્યા. ઝીણાનો બકવાસ સાંભળી સભામાં બેઠેલા મુસ્લિમો ગુસ્સે થઈ ઊભા થઈ ગયા. લોકો મંચ પર ધસી ગયા. ચારે બાજુ બુમરાણ મચી ગઈ. ઝીણાને હવે કોઈ સાંભળવા માગતું નહોતું. લોકોનો આક્રોશ એટલો બધો વધ્યો કે ઝીણાને ખ્યાલ આવી ગયો કે અમદાવાદના મુસ્લિમો તેમનો ટપલીદાવ કરી દેશે. **બીજી જ ક્ષણે તેમણે ભાષણ આપવાનું બંધ કરી દીધું અને ભાષણ અધૂરું છોડી મંચની પાછળના રસ્તે દોડીને ભાગી ગયા.**

અમદાવાદના મુસ્લિમોમાં મોહંમદ અલી ઝીણા કરતાં સરદાર વધુ લોકપ્રિય હતા.

દીવાસળી અને દિવાળી વખતે સળગાવવાના બપોરિયાનું ઉત્પાદન કરતા મુનશીના કારખાનાની બહાર કેટલીક કબરો હતી. સરદાર સાહેબે જોયું કે આ કબરોની કોઈ દેખરેખ રાખતું નથી. આખા વર્ષ દરમિયાન અહીં દફનાવાયેલાઓના કોઈ એકાદ-બે સંબંધીઓ માંડ એક કે બે વાર અહીં આવતા. કાંકરિયા તળાવની આસપાસ જંગલ હતું. કેટલોક ભાગ વેરાન હતો. સરદાર સાહેબને આ વિસ્તાર લોકોના હરવા-ફરવા માટે વિકસાવવાનો વિચાર આવ્યો. તેમણે કાંકરિયા વિસ્તારની સુધારણાનો પ્લાન તૈયાર કરાવડાવ્યો, પરંતુ કાંકરિયાના વિકાસ માટે કેટલીક કબરો નડતી હતી. કાંકરિયાના વિકાસ માટે આ કબરો ખસેડવી જરૂરી હતી. આ એક સંવેદનશીલ મુદ્દો હતો. **સરદાર સાહેબે અમદાવાદના મુસ્લિમ અગ્રણી બિરાદરોને બોલાવ્યા.**

મુસ્લિમ બિરાદરો તરત જ માની ગયા અને અમદાવાદ શહેરના વિકાસ માટે તેમણે કબરો ખસેડવાની મંજૂરી આપી દીધી. આજે પણ ખસેડાયેલી કબરો પોલીસચોકી પાસે મોજૂદ છે. અમદાવાદ શહેરના મુસ્લિમો મોહંમદ અલી ઝીણાને કેવી નફરત અને સરદાર સાહેબનો કેવો આદર કરતા હતા તેનો આ નમૂનો છે. **સરદાર સાહેબે કબરો નેસ્તનાબૂદ કરવાના બદલે તેમની દેખરેખ રાખી શકાય તેવી રીતે ખસેડવાનો ઉપાય બતાવ્યો. તે તેમનો વ્યવહારુ દૃષ્ટિકોણ હતો.** ■



## સરદાર પટેલ સ્પેશિયલ

# -અને સરદારે રાજીનામું આપી અમદાવાદ છોડ્યું



**સરદાર સાહેબે કંટાળીને મ્યુનિસિપાલિટીમાં બહુમતીથી ઠરાવ કરાવીને ભગતને ચીફ ઑફિસરપદેથી દૂર કરાવ્યા. તે પછી નવા ચીફ ઑફિસરની નિમણૂક થઈ, પરંતુ નવા ચીફ ઑફિસરે રાજીનામું આપી દેતાં ફરી ઈશ્વરલાલ ભગતને લાવવાની કેટલાક હિતશત્રુઓએ દરખાસ્ત કરી**


સરદાર સાહેબે મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકેનો હોદ્દો સંભાળ્યો ત્યારે તે સમયના મ્યુનિસિપલ ચીફ ઑફિસર ઈશ્વરલાલ ભગત શરૂથી અંત સુધી સરદાર સાહેબના વિરોધી રહ્યા. ભગત અંગ્રેજ હકૂમતની તરફેણ કરતા હતા. સરદાર સાહેબ જે કામો બોર્ડમાં મૂકે તેને મ્યુનિસિપાલિટીના ચીફ ઑફિસર ભગત ટલ્લે ચડાવી દેતા. ભગતની સરદાર સાહેબ સામેની શત્રુતા જાહેર ચર્ચાનો વિષય હતો. દા. ત. સરદાર સાહેબે મ્યુનિસિપલ કર્મચારીઓ માટે ખાદીના પહેરવેશનો ઠરાવ કર્યો તો ભગતે યુક્તિ, પ્રયુક્તિ અને બાયલોઝનો ઉપયોગ કરી વિદેશી મિલના કાપડની ખરીદી કરી દીધી. સરદાર સાહેબે કંટાળીને મ્યુનિસિપાલિટીમાં બહુમતીથી ઠરાવ કરાવીને ભગતને ચીફ ઑફિસરપદેથી દૂર કરાવ્યા. તે પછી નવા ચીફ ઑફિસરની નિમણૂક થઈ, પરંતુ નવા ચીફ ઑફિસરે રાજીનામું આપી દેતાં ફરી ઈશ્વરલાલ ભગતને લાવવાની કેટલાક હિતશત્રુઓએ દરખાસ્ત કરી. તેમાં અંગ્રેજ સરકારના નિયુક્ત સભ્યો અને મુસ્લિમ લીગના સભ્યો હતા. **તેઓ સરદાર સાહેબને પરેશાન કરવા મ્યુનિ.ના ચીફ ઑફિસર તરીકે વિવાદાસ્પદ ભગતને લાવવા માગતા હતા.**

સરદાર સાહેબે કહ્યું કે, **'ભગતને ફરી ચીફ ઑફિસર તરીકે લાવવામાં આવશે તો હું પ્રમુખપદનો ત્યાગ કરીશ.'**

સરદારશ્રીના આ અલ્ટિમેટમની પરવા કર્યા વિના કેટલાંક તત્ત્વોએ માંડ બે-ત્રણ મતની **બહુમતીથી બોર્ડમાં ઠરાવ કરી અંગ્રેજ સરકાર તરફી ઈશ્વરલાલ ભગતની નિમણૂક કરાવી દીધી.**

અને એ જ દિવસે પળવારનોય વિલંબ કર્યા વિના સરદાર સાહેબે અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખપદેથી રાજીનામું આપી દીધું એટલું જ નહીં, પણ તે રાત્રે જ તેમણે અમદાવાદને રામ રામ કહી ગાડી દ્વારા બારડોલી પ્રયાણ કરી દીધું. લોકહિત સમજતા કેટલાયે નાગરિકોએ તેમને મનાવવા લાખ પ્રયાસ કર્યા, પણ **સરદાર સાહેબ અમદાવાદ પાછા ના આવ્યા તે ના જ આવ્યા.**

આવા સરદારને અમદાવાદ સાચવી શક્યું નહીં, એ અમદાવાદના ઈતિહાસનું એક કમનસીબ પ્રકરણ છે,પરંતુ સરદાર માત્ર **અમદાવાદના નહીં, આખા દેશના 'સરદાર' થઈ ગયા તે ભારત દેશ માટે એક ઊજળું પ્રકરણ બની ગયું.** ■





# બારડોલી સત્યાગ્રહની મહિલાઓએ વલ્લભભાઈને 'સરદાર' બિરુદ આપ્યું




**સ્વ**તંત્રતા આંદોલનમાં સરદાર પટેલનો સૌથી પ્રથમ અને મોટો સંઘર્ષ ખેડા સત્યાગ્રહમાં થયો. એ દિવસોમાં ખેડા પંથક ભયંકર દુકાળની ભીંસમાં હતો. પરિણામો ખેડૂતોએ સરકાર પાસે તોતિંગ કરવેરામાં છૂટની માગણી કરી. છેવટે સરકાર ઝૂકી અને એ વર્ષે વેરામાં રાહત આપી. તેઓના જીવનમાં આ પ્રથમ સફળતાનું સોપાન હતું. દક્ષિણ ગુજરાતના બારડોલીમાં તેઓએ ખેડૂતોનું નેતૃત્વ લીધું. તેમાં તેઓને સફળતા મળતા સ્થાનિક મહિલાઓએ તેઓને 'સરદાર'નું બિરુદ આપ્યું. આ ઓળખ તેઓના નામ સાથે આજીવન વણાઈ ગઈ. સ્વતંત્રતા વખતે મોટા ભાગની કોંગ્રેસની સમિતિઓ સરદારના પક્ષમાં હતી તેમ છતાં **ગાંધીજીના વિચારોને માન આપવા સરદારે પ્રધાનમંત્રીની સ્પર્ધાથી દૂર રહીને આ પદ માટે પંડિત નેહરુનું સમર્થન કર્યું.**

> **સ્વતંત્રતા વખતે મોટા ભાગની કોંગ્રેસની સમિતિઓ સરદારના પક્ષમાં હતી તેમ છતાં ગાંધીજીના વિચારોને માન આપવા સરદારે પ્રધાનમંત્રીની સ્પર્ધાથી દૂર રહીને આ પદ માટે પંડિત નેહરુનું સમર્થન કર્યું.**

મહાત્મા ગાંધી અને બીજા સ્વાતંત્ર્ય સેનાનીઓની જીવનગાથા એટલે આઝાદીની ચળવળનો ઈતિહાસ. વિરાટ વ્યક્તિત્વ ધરાવતા ગાંધીજીએ કહ્યું હતું કે જો મને સરદાર ના મળ્યા હોત તો જેટલું કામ થયું તે કદાચ ના થઈ શક્યું હોત. ગાંધીજી અને સરદાર પટેલના સંબંધો વિશે આનાથી મોટું વક્તવ્ય બીજું શું હોઈ શકે... ગાંધીજીની રાજકીય તેમજ સામાજિક જીવનયાત્રામાં સરદાર પટેલનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. ગુજરાતસભાની રાજકીય જવાબદારી હોય કે હિન્દ છોડોની ચળવળ હોય કે ગૂજરાત વિદ્યાપીઠ જેવી શૈક્ષણિક સંસ્થાની સ્થાપના હોય કે ભારતના એકીકરણનું ભગીરથ કાર્ય હોય કે આઝાદી પછી આધુનિક ભારતના નિર્માણનો પાયો નાખવાની વાત હોય, ગાંધીજીના પ્રધાન સેનાપતિની સફળ ભૂમિકા સરદાર પટેલે જ નિભાવી છે. સરદાર પટેલે ગાંધીજીના વિચારો અને મૂલ્યોના અમલમાં પોતાના જીવનને સમર્પિત કર્યું હતું. ગાંધીજી અને સરદાર પટેલ વચ્ચે મોટાભાઈ અને નાનાભાઈનો સંબંધ હતો તેમ કહેવામાં અતિશયોક્તિ નહીં ગણાય. **ભારતની આઝાદીનો ઈતિહાસ આ બંને મહાનુભાવોની જીવનયાત્રાથી વિશેષ કાંઈ નથી.**

જે રીતે વલ્લભભાઈને શરૂઆતમાં ગાંધીજીની વાતોમાં દમ લાગ્યો નહોતો એવી જ રીતે ગાંધીજીને પણ શરૂઆતમાં વલ્લભભાઈ એક અક્કડ પુરુષ લાગ્યા હતા. ૧૯૧૭માં જ્યારે ખેડા સત્યાગ્રહ માટે દમદાર સ્થાનિક સેનાપતિની જરૂર પડી ત્યારે ગાંધીજીની નજર વલ્લભભાઈ પર ઠરી હતી, પરંતુ એ વખતે મહાત્માને એમ પણ લાગ્યું હતું કે એ અક્કડ પુરુષ કોણ હશે? શું કરશે? મોહનદાસને ખાસ તો એ વાતનો ડર હતો કે આ પાટીદાર મારી સૂચના પ્રમાણે કામ કરશે નહીં. બીજી તરફ એ વાત પણ સમજાઈ કે તેમના વગર ચાલશે પણ નહીં. ખેડા સત્યાગ્રહ વખતે વલ્લભભાઈએ સત્તાવાર રીતે ગાંધીજી સાથે મળીને કામગીરી શરૂ કરી દીધી હતી, પરંતુ બંને એકબીજા માટે નવા હતા. ત્યારે ગાંધીજીને સતત એવો ડર રહેતો હતો કે આ પટેલ હાથમાંથી નીકળી જશે તો? તેથી ગાંધીજી એ વાતનું પૂરું ધ્યાન રાખતા કે વલ્લભભાઈ નારાજ ન થાય. એ વર્ષે જ મોહનદાસના સહાયક બનેલા મહાદેવ દેસાઈએ લખ્યું છે કે પટેલ સાથે જમીને, તેમની વિવિધ કામગીરીનાં વખાણ કરીને ગાંધીજી સતત એવો પ્રયાસ કરતા કે વલ્લભભાઈ તેમનાથી દૂર ન જાય. બીજી તરફ ધીમે ધીમે વલ્લભભાઈને પણ સમજાયું કે મોહનદાસને કોઈ અંગત સ્વાર્થ લાગતો નથી. **તેઓ ખેડાના ખેડૂતો સાથે થઈ રહેલા અન્યાય માટે લડે છે. માટે તેમને સાથ ન આપું તો હું અપરાધી ગણાઉં.** ■





# ચૂંટણી ફંડ આપવું હોય તો આપે, હું ચા પીવા નહીં આવું!



**જે. આર. ડી. તાતા**

ગાંધીજી અને સરદાર સાહેબ આજે હયાત હોત તો ચૂંટણીઓના પ્રચાર પાછળ ખર્ચાતા અબજો રૂપિયાના આંધણને જોઈને આઘાતમાં સરી પડત. અહીં એક પ્રસંગ નોંધનીય છે. આઝાદી પહેલાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ખજાનચી તરીકે સરદાર સાહેબ હતા. સામાન્ય જનતા, પક્ષના કાર્યકરો ઉપરાંત ઉદ્યોગપતિઓ સાથે પણ સરદાર સાહેબને નિકટના સંબંધો હતા. આઝાદી પહેલાં પ્રાંતિક ધારાસભાની ચૂંટણી વખતે ડૉ. રાજેન્દ્રપ્રસાદે સરદાર સાહેબને જણાવ્યું કે, 'જે. આર. ડી. તાતા ચૂંટણી ફંડ આપવા માગે છે, પણ તેમની કેટલીક શરતો છે.' એ પછી સરદાર સાહેબે જે. આર. ડી. તાતાને બોલાવ્યા. તાતાએ માગણી કરી કે, 'હું ચૂંટણી ફંડ તો આપું, પરંતુ ઉમેદવારોની પસંદગી સમિતિમાં મારો એક માણસ મૂકો.'

સરદાર સાહેબે એ માગણીને ફગાવી દેતા કહ્યું,'તમારી કંપનીના મેનેજમેન્ટમાં અમારો કોઈ માણસ તમે મૂકશો ખરા? તેથી તમારી માગણી હું સ્વીકારી શકું તેમ નથી.'

સરદાર સાહેબની વાત સાંભળી તાતા ઢીલા પડી ગયા અને સહી કરેલો કોરો ચેક સરદાર સાહેબના ટેબલ પર મૂકી હસતાં હસતાં વિદાય થઈ ગયા.

**દાલમિયા શેઠ**

એક વાર દાલમિયા શેઠના સેક્રેટરી ધર્મદેવ સરદાર સાહેબના સેક્રેટરીને મળવા ગયા અને તેમણે કહ્યું, 'દાલમિયા શેઠ બે લાખ રૂપિયાનું ચૂંટણી ફંડ આપવા તૈયાર છે. સરદાર સાહેબ એ રકમ સ્વીકારશે ખરા?'

સરદાર સાહેબના સેક્રેટરીએ સરદાર સાહેબને પૂછ્યું તો સરદાર સાહેબે કહ્યું, 'લઈશું.'

બીજા દિવસે દાલમિયા શેઠના સેક્રેટરી ફરી પાછા આવ્યા અને સરદાર સાહેબના સેક્રેટરીને કહેવા લાગ્યા, 'દાલમિયા શેઠ ઈચ્છે છે કે સરદાર સાહેબ તેમના ઘેર ચા પીવા આવે એ સમયે તેઓ રકમ સુપરત કરશે.'

સરદાર સાહેબના સેક્રેટરીએ આ વાત સરદાર સાહેબને કરી. વાત સાંભળતાં જ તેઓ તાડૂક્યા, 'દાલમિયા શેઠને કહેવડાવી દો કે ચૂંટણી ફંડ આપવું હોય તો આપે, બે લાખ રૂપિયા આપીને તેઓ મારા પર કે કોંગ્રેસ પર કોઈ ઉપકાર કરતા નથી. એમને સ્પષ્ટ કહી દો કે ચૂંટણી ફંડ આપવું હોય તો આપે. ના આપવું હોય તો ના આપે. હું બે લાખ રૂપયા માટે તેમના ઘેર ચા પીવા જઈશ નહીં.'

સરદાર સાહેબનો આ જવાબ મળતાં જ દાલમિયા શેઠે રૂ. બે લાખની રકમમાં રૂ. ૨૫ હજારની રકમ ઉમેરી સવા બે લાખ રૂપિયાનો ચેક સરદાર સાહેબને મોકલી આપ્યો હતો.

**શેઠ વાલચંદ હીરાચંદ**

કેટલાક ઉદ્યોપતિઓ વાલચંદ શેઠની વકીલાત કરવા સરદાર સાહેબ પાસે આવ્યા અને એવી રજૂઆત કરી કે, 'જો તમે વાલચંદ શેઠને ટિકિટ આપશો તો અમે મોટી રકમ ચૂંટણી ફંડમાં આપીશું.'

આ વાત સાંભળ્યા બાદ સરદાર સાહેબે કહ્યું, 'હું આવી સોદાબાજી સ્વીકારતો નથી. વાલચંદ શેઠને કહી દો કે હું તેમને ટિકિટ આપતો નથી. તે પછી પણ તેઓ બીજા કોઈ પણ પક્ષ તરફથી ચૂંટણી લડશે તો તેઓ પરાજિત થશે.'

...અને એમ જ થયું. સરદાર સાહેબની ચેતવણી છતાં વાલચંદ શેઠ બીજા પક્ષ તરફથી ચૂંટણી લડ્યા અને હાર્યા, જ્યારે વી. એન. ગાડગીલ ચૂંટણી જીતી ગયા. સરદાર સાહેબે ચૂંટણી ફંડના બદલામાં ટિકિટ આપવાની ઑફર કદી સ્વીકારી નહીં.

**રામનાથ ગોએન્કા**


એ પછીનાં વર્ષોમાં ભારતમાં આઝાદી આવી તે પછી એક તબક્કે મોરારજી દેસાઈ કોંગ્રેસ પક્ષના ખજાનચી હતા. એક વાર જે. આર. ડી. તાતા તેમને મળવા આવ્યા. ચૂંટણી ફંડ એકત્ર કરવાની જવાબદારી મોરારજી દેસાઈના માથે હતી. મોરારજીભાઈએ જે. આર. ડી. તાતાને કહ્યું, 'કોંગ્રેસ પક્ષને નાણાંની જરૂર છે. તમને અમારા પક્ષની નીતિઓમાં વિશ્વાસ હોય તો જ ચૂંટણી ફાળો આપજો.'

તેમનું કહેવું હતું કે રામનાથ ગોએન્કા સામે થયેલા કેસોનાં તથ્યો અને હકીકતો જોતાં કાયદાની દૃષ્ટિએ આ કેસો પાછા ખેંચી શકાય તેવા નથી. રામનાથજી કોઈ નવી માહિતી કે તથ્યો આપશે તો તેમના કેસો જરૂર તપાસી શકાશે.

એક કલાક સુધી બધી જ વાત સાંભળ્યા પછી વડા પ્રધાન મોરારજી દેસાઈએ સીબીઆઈના ડાયરેક્ટરની નિષ્પક્ષતા અને હિંમતને દાદ આપતાં કહ્યું, 'કાયદા પ્રમાણે જ કરો.'


મોરારજીભાઈના આ નિર્ણયના કારણે ઘણા સિનિયર પ્રધાનો નારાજ થયા હતા, પણ મોરારજી દેસાઈએ તેમના શાસન દરમિયાન તેમના જ પક્ષને ટેકો આપનાર રામનાથ ગોએન્કા સામેના કેસો કદી પાછા ન ખેંચ્યા. અલબત્ત, મોરારજી દેસાઈએ વડા પ્રધાનપદ છોડ્યું ત્યાર પછી તે કેસો બંધ કરવામાં આવ્યા હતા.

આજે આવું બનવું શક્ય છે ખરું? ■



 દેવેન્દ્ર પટેલ

# જ્યારે વલ્લભભાઈનાં કપડાં ધોવા માટે મુંબઈ મોકલાતાં હતાં



લોકસભાના સૌપ્રથમ સ્પીકર ગણેશ વાસુદેવ માવલંકર લખે છે: 'સરસ ફેશનદાર કપડાંમાં સજ્જ હોશિયર યુવાન માથા પર ફેલ્ટ હેટ જરા વાંકી છટાથી પહેરતા. વર્તનમાં અતડા અને કડક વલ્લભભાઈની આંખ સાચા માણસનો તાગ કાઢતી. દુનિયાને થોડા તુચ્છકારની દૃષ્ટિએ જોતા. નવાસવા વકીલો આ નવા બૅરિસ્ટરનું બારીકાઈથી નિરીક્ષણ કરતા. તેમનું વ્યક્તિત્વ અને વર્તન આકર્ષક હતું. લોકો તેમને આદર અને અહોભાવથી જોતા. બીજાઓ પ્રત્યે તુચ્છકારની ભાવનાને કારણે લોકોને તેમના માટે થોડો અણગમો પણ હતો. કોઈ પણ ન્યાયાધીશ વિવેકની હદ સહેજ પણ છોડે કે પોલીસ પક્ષપાત કરે તો વલ્લભભાઈ સાંખી લેતા નહીં. **ન્યાયાધીશ, સરકારી વકીલ કે પોલીસની અનુચિત કનડગતની કોઈ જ પરવા કર્યા વગર તડ ને ફડ સંભળાવી દેતા.'**


> વલ્લભભાઈએ તરત ન્યાયાધીશને સંભળાવ્યું, 'ખેડાના આરોપીઓને આ અદાલતમાં ન્યાય મળતો નથી. પુરાવા ના હોય તો પણ આરોપીઓએ ઘાલમેલ કરી છે તેમ માની લેવામાં આવે છે.

અમદાવાદની સેશન્સ કોર્ટમાં બે ભાઈઓ સામે ખૂન ખટલો ચાલી રહ્યો હતો. બંનેના ભાઈ ખેડાના વતની હતા. વલ્લભભાઈનું વતન પણ ખેડા અને એ જમાનામાં ખેડા જિલ્લો ગુનાખોરી માટે નામચીન હતો. વલ્લભભાઈએ જામીનઅરજી માટે અરજી કરી. પોલીસે વિરોધ કરતાં કહ્યું, **'આ ખેડાનો કેસ છે અને આરોપીઓ ભયંકર માણસો છે, કારણ કે તેઓ ખેડાના છે.'**

ન્યાયાધીશે પોલીસની રજૂઆતને માન્ય રાખી જામીન આપવા ઈનકાર કર્યો ત્યારે વલ્લભભાઈએ તરત ન્યાયાધીશને સંભળાવ્યું, 'ખેડાના આરોપીઓને આ અદાલતમાં ન્યાય મળતો નથી. પુરાવા ના હોય તો પણ આરોપીઓએ ઘાલમેલ કરી છે તેમ માની લેવામાં આવે છે. **આખો જિલ્લો ગુનેગાર મનાતો હોવાથી આરોપીને શિક્ષા થવી જોઈએ તેમ ખોટી રીતે માની લેવામાં આવે છે, જે બરાબર નથી.'**

ભરચક અદાલતમાં અનેક વકીલોની હાજરીમાં વલ્લભભાઈનું આ નિવેદન સાંભળી ન્યાયાધીશ સ્તબ્ધ થઈ ગયા. ન્યાયાધીશે કહ્યું, 'પટેલ, તમે ઉશ્કેરાયેલા છો. **આપણે અડધા કલાકના વિરામ પછી કાર્યવાહી આગળ ચલાવીશું.'**

ન્યાયાધીશ પોતાની ચૅમ્બરમાં ગયા અને જે જામીનઅરજી તેમણે નકારી કાઢી હતી તેની મંજૂરી માટે હુકમ કર્યો. **તે પછી ખટલો ચાલ્યો અને આરોપીઓ નિર્દોષ છૂટી ગયા.** ■



## સરદાર પટેલ સ્પેશિયલ

# વલ્લભભાઈ પહેલાં ગુજરાતના 'સૂબા' તરીકે જાણીતા હતા




૧૯૨૧માં બારડોલી પાસેના વરાડ ગામની એક ઘટના બાબતે મળેલી સભા અંગે એક પત્રિકા બહાર પાડવામાં આવી હતી. તેમાં વલ્લભભાઈ માટે 'સૂબા' શબ્દનો એ વિસ્તારના લોકોએ ઉલ્લેખ કર્યો હતો.

તા. ૧લી ઑગસ્ટ એટલે કે ટિળક નિર્વાણ દિવસે નવા રોમાંચક કાર્યક્રમની શરૂઆત થઈ. પરદેશી કાપડની હોળી કરવામાં આવી. રવીન્દ્રનાથ ટાગોર નારાજ થયા. ગાંધીજીના ગાઢ મિત્ર ચાર્લી એન્ડ્રુઝે પણ અણગમો દર્શાવ્યો. એન્ડ્રુઝ જાતે ખાદી પહેરતા હતા, પણ આવી હોળીમાં સુંદર અને ઉપયોગી વસ્તુઓ નાશ પામે તે બરાબર નથી તેવી તેમની દલીલ હતી. ગાંધીજીએ તેમને કહ્યું, 'પરદેશી મિલમાં બનેલું કાપડ પહેરવાથી કાંતણ વણાટ દ્વારા પોતાના પેટ ભરવાનો હક ભારતના ગરીબો ગુમાવે છે. વળી, **આવી હોળી કરવાથી ભારતની પ્રજાનો અંગ્રેજો તરફનો રોષ સ્વદેશી વસ્તુઓ તરફ વાળી શકાય છે.'**

ગાંધીજી હવે આખા દેશમાં ઘૂમતા હતા. ગાંધીજી ગુજરાતની બહાર હોય ત્યારે વલ્લભભાઈ તેમની સાથે જતા નહીં. એ વખતે તેઓ ગુજરાતમાં રહી નવી વ્યૂહરચના ગોઠવતા. એ સમયે ચિત્તરંજનદાસે બંગાળને ચેતનવંતુ બનાવ્યું. મોતીલાલ નેહરુએ ઉત્તર પ્રદેશમાં, લાલા લજપતરાયે પંજાબમાં જાગૃતિ આણી હતી. રાજેન્દ્રપ્રસાદ અને બીજા કિશોરબાબુએ બિહારમાં ચેતના પ્રગટાવી. રાજગોપાલાચારીએ મદ્રાસ સંભાળ્યું તેમ વલ્લભભાઈ ગુજરાત સંભાળતા હતા. તેમણે ફંડફાળા ઉઘરાવ્યા, સત્યાગ્રહીઓની ભરતી કરી. ઝઘડા મિટાવ્યા. આમજનતાને સંગઠિત કરી. ૧૯૨૮ સુધી તો ઘણા લોકો વલ્લભભાઈને ગુજરાતના સૂબા (ગવર્નર) કહેતા હતા. ત્યાર પછી તેમના માટે સરદાર નામ વપરાવા લાગ્યું. ૧૯૨૧માં બારડોલી પાસેના વરાડ ગામની એક ઘટના બાબતે મળેલી સભા અંગે **એક પત્રિકા બહાર પાડવામાં આવી હતી. તેમાં વલ્લભભાઈ માટે 'સૂબા' શબ્દનો એ વિસ્તારના લોકોએ ઉલ્લેખ કર્યો હતો.**

૧૯૨૧ના ફેબ્રુઆરી માસમાં વલ્લભભાઈએ દરખાસ્ત મૂકી કે બોર્ડે સરકારી ગ્રાંટ લેવી નહીં. અંગ્રેજ સરકાર સાથેના અસહકારના ભાગરૂપે આ પગલું લેવાયું હતું. સરકારી ગ્રાંટ ફગાવી દેવાનો ઠરાવ બોર્ડમાં મંજૂર થયો. સરકારી ઈન્સ્પેક્ટરોને શાળાઓની ચકાસણી કરવાની તથા સરકારી પરીક્ષકોને પરીક્ષા લેવાની બંધી કરવામાં આવી. કલેક્ટરે લેખિત રીતે જણાવ્યું કે અમદાવાદ મ્યુનિસિપાલિટીનું આ પગલું ગેરકાયદે છે. વલ્લભભાઈએ કલેક્ટરનો એ કાગળ દફ્તરે દાખલ કરવા દરખાસ્ત મૂકી. મ્યુનિસિપાલિટીએ કલેક્ટરને જાણ કરી દીધી કે અમે સરકારી નાણાં લીધાં નથી તેથી હિસાબો રજૂ કરવા બંધાયેલા નથી. શિક્ષણાધિકારીએ એક હુકમ બહાર પાડીને મ્યુનિસિપાલિટીના ૩૦૦ શિક્ષકોને સરકારી શિક્ષક બનાવી દીધા. તેમના પગાર અને પૅન્શનની જવાબદારી મ્યુનિસિપાલિટી ઉઠાવશે તેવી વલ્લભભાઈએ બાંયધરી આપ્યા બાદ ૨૯૭ શિક્ષકોએ મ્યુનિસિપાલિટીની નોકરીમાં ચાલુ રહેવાનું સ્વીકાર્યું. **સુરત અને નડિયાદની મ્યુનિસિપાલિટીઓએ અમદાવાદનું અનુકરણ કર્યું.**

અંગ્રેજ સરકાર મ્યુનિસિપલ શાળાઓનો કબજો લઈ ના શકે તે માટે વલ્લભભાઈએ શાળાઓમાં એક મહિનાનું વૅકેશન પાડી દીધું અને અંગ્રેજ સરકારના આદેશને ગેરકાયદે જાહેર કર્યો અને મ્યુનિસિપાલિટીને રૂ. ૭૨,૦૦૦ સરકારને ના આપે તે માટે વિનંતી કરી. મ્યુનિસિપાલિટીનાં નાણાં ઈમ્પિરિયલ બૅન્કમાં રહેતા હતા. બૅન્કમાં ફ્રેડરિક પ્રાટની લાગવગ ચાલતી હતી. તેમણે મ્યુનિસિપાલિટીના ખાતામાંથી રૂ. ૭૨,૦૦૦ અંગ્રેજ સરકારના શિક્ષણ ખાતાએ ખોલાવેલા નવા ખાતામાં ફેરવી નાખ્યા. ચાલ તો જબરદસ્ત હતી, પરંતુ અંગ્રેજ સરકારના શિક્ષણ ખાતા તરફથી પગાર લેવા શિક્ષકોએ ઈનકાર કર્યો. અંગ્રેજ કમિશનર પ્રાટ અને બૅન્ક વચ્ચેના કાવતરાખોરોને વલ્લભભાઈએ વખોડી કાઢ્યા અને 'પૈસાની લૂંટ' થયાનું જણાવ્યું. બીજે દિવસે સવારે અમદાવાદ મ્યુનિસિપાલિટીએ સૌથી પહેલાં રૂ. ૧૦,૦૦૦ ઉપાડી લીધા અને શિક્ષકોને પગાર ચૂકવવામાં આવ્યો. વલ્લભભાઈને અમદાવાદ મ્યુનિસિપાલિટીમાંથી અને તેમના સાથીઓથી વિખૂટા પાડી દેવામાં નિષ્ફળ નીવડેલા કમિશનર ફ્રેડરિક પ્રાટે આખરે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. અમદાવાદ મ્યુનિસિપાલિટીને સસ્પેન્ડ કરવામાં આવી. ફ્રેડરિક પ્રાટ સત્તાના જોરે જીત્યા, પરંતુ વલ્લભભાઈ હાર્યા નહોતા. અમદાવાદના શિક્ષકો અને વાલીઓએ વલ્લભભાઈને સમર્થન આપ્યું. ફ્રેડરિકના આ વલણથી અંગ્રેજ સરકારના ટેકેદારો પણ નારાજ થયા. **વલ્લભભાઈની એકમ મોરચા પર લડત સ્થિર કરવાની આવડત અને દૃષ્ટિ તથા ચપળતા પ્રગટ થતા રહ્યા.** ■





# અંગ્રેજ કલેક્ટરની ઇચ્છા વિરુદ્ધ વલ્લભભાઈ ગુજરાતીમાં જ બોલ્યા



**એક રાજ્યના અધ્યક્ષે વલ્લભભાઈને અંગ્રેજીમાં બોલવા વિનંતી કરી, પણ વલ્લભભાઈએ કહ્યું, 'મને આ માગણી વાજબી લાગતી નથી. કલેક્ટર ખુદ ગુજરાતી ભાષા સરસ રીતે બોલે છે. બીજા અધિકારીઓ પણ ગુજરાતી ભાષા જાણતા જ હશે.'**

'ગુજરાત સભા'ના સ્થાને હવે ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ સમિતિની સ્થાપના થઈ. તેના પહેલા પ્રમુખ તરીકે વલ્લભભાઈ ચૂંટાયા. તેઓ છેક ૧૯૪૬ સુધી સતત પ્રમુખપદે રહ્યા. ૧૯૨૦ની આખર પછી વલ્લભભાઈ પૂરો સમય સેવા આપનારા પ્રજાના સેવક બન્યા. 'સતત મુસાફરી અને જે મળે તે ખાઈ લેવું અને જ્યાં સગવડ મળે ત્યાં સૂઈ જવું' - એવી જીવનપ્રણાલિ તેમણે અપનાવી લીધી. હવે અમદાવાદ ભદ્રમાં આવેલા ઘરમાં તેઓ ભાગ્યે જ રહેતા. ગાંધીજીના અસહકાર આંદોલનમાં જોડાવાના કારણે તેમણે વકીલાત છોડી દીધી. વાસ્તવિક રીતે વકીલાત તો સન ૧૯૧૯થી જ છૂટી ગઈ હતી. **નડિયાદ અને નરસંડાના આરોપીઓનો બચાવ કરવા તેમણે અદાલતમાં છેલ્લી વાર પગ મૂક્યો હતો.**

ગાંધીજીની અસહકારની લડતના પ્રભાવ હેઠળ સોળ વર્ષની વયનાં મણિબહેને પણ અસહકાર અપનાવી લીધો હતો. સન ૧૯૨૦ના સપ્ટેમ્બર માસમાં મણિબહેને સરકારી શાળા છોડી દીધી અને તેમના આ નિર્ણયને પિતા વલ્લભભાઈએ અનુમોદન આપ્યું. સરકારી સ્કૂલ છોડીને મણિબહેન સરકારી જોડાણ છોડી દેનાર અમદાવાદની પ્રોપરાઇટરી શાળામાં ભણવા લાગ્યાં. અંગ્રેજોના રાજની સરકારી કૉલેજોના બહિષ્કારના ભાગરૂપે ૧૯૨૦ના ઑક્ટોબરમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ હતી. વિદ્યાપીઠને પોતાના 'દત્તક' બાળક તરીકે સ્વીકારી લઈ વલ્લભભાઈએ તેને આર્થિક રીતે પગભર કરવા પ્રયાસો શરૂ કર્યા. **ભગતરામ કૃપલાણી, કાકાસાહેબ કાલેલકર, ગિડવાણી તથા કિશોરલાલ મશરૂવાળા જેવા તેજસ્વી પ્રાધ્યાપકો ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા.**

મદ્રાસમાં રાજગોપાલાચાલી અને પટણામાં રાજેન્દ્રપ્રસાદે પણ પોતપોતાની કારકિર્દી અને આરામનો ત્યાગ કર્યો. દેશના સેંકડો વકીલોએ તેમનું અનુકરણ કર્યું. વાયવ્ય સરહદના ખાન અબ્દુલ ગફાર ખાન પણ અંગ્રેજો સામે લડવા ઊભા થયા. ઉર્દૂ ભાષાના પ્રખર લેખક મૌલાના અબ્દુલ કલામ આઝાદે પણ આવું જ વલણ અપનાવ્યું. દેશના સેંકડો તેજસ્વી યુવાનો સરકારી કૉલેજમાંથી નીકળી ગયા. ગુજરાતમાં ગૂજરાત વિદ્યાપીઠ, બનારસમાં કાશી વિદ્યાપીઠ, અલીગઢ (પાછળથી દિલ્હી)ની જામિયા મિલિયા, કોલકાતાની બંગાલ નેશનલ કૉલેજ, પટણાની નેશનલ કૉલેજ અને મદ્રાસમાં સ્વાધીનતા વિદ્યાલય જેવી શૈક્ષણિક સંસ્થાઓમાં આ વિદ્યાર્થીઓ ભણવા જોડાયા. કેટલીક જગ્યાએ લોક અદાલતોનો આશરો લીધા વિના ઝઘડા પતાવવા લાગ્યા. હિન્દુ-મુસલમાનો વચ્ચે અભૂતપૂર્વ ભાઈચારો સ્થપાયો. રૂઢિચુસ્ત બ્રાહ્મણો પણ મુસલમાનોને પોતાને ઘેર જમાડવા લાગ્યા. **સંખ્યાબંધ મુસલમાનોએ ઈદની ઉજવણી વખતે માંસાહાર છોડી દીધો.**

ગુજરાતના મવાળ આગેવાનોએ આ નવા વાતાવરણને ખાળવા પ્રયાસ કર્યો. 'અસહકારના ઉદ્ભવ અને વિલોપન' અંગે એક જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદના હૉલમાં કલેક્ટર, પોલીસ અમલદારો, મેજિસ્ટ્રેટો અને મામલતદારો એકઠા થયા. વિદ્વાન વક્તાઓએ અંગ્રેજીમાં ભાષણો કર્યાં. વલ્લભભાઈએ અધિકારીની મંજૂરીથી પોતાનું ભાષણ શરૂ કર્યું, પરંતુ તેમણે ગુજરાતીમાં બોલવાનું શરૂ કર્યું. એક રાજ્યના અધ્યક્ષે વલ્લભભાઈને અંગ્રેજીમાં બોલવા વિનંતી કરી, પણ વલ્લભભાઈએ કહ્યું, 'મને આ માગણી વાજબી લાગતી નથી. **કલેક્ટર ખુદ ગુજરાતી ભાષા સરસ રીતે બોલે છે. બીજા અધિકારીઓ પણ ગુજરાતી ભાષા જાણતા જ હશે.'**

અધ્યક્ષે પોતાનો આગ્રહ છોડી દીધો અને વલ્લભભાઈએ ગુજરાતીમાં જ બોલવાનું ચાલુ રાખ્યું. અંગ્રેજ કલેક્ટર ઊભા થઈને ચાલ્યા ગયા. બીજા અંગ્રેજ અમલદારો પણ ઊભા થઈને સભા છોડીને ચાલ્યા ગયા, પણ વલ્લભભાઈએ ગુજરાતીમાં જ ભાષણ કર્યું. વલ્લભભાઈના પ્રવચન બાદ સભાના અધ્યક્ષ એટલું જ બોલી શક્યા કે, 'અસહકારીઓ પાસેથી આપણે ઘણું શીખવાનું છે. **અસહકારીઓ લોકસંપર્ક જાળવી રાખે છે અને તેમની સાથે વાતો કરી લોકોના દિલ જીતી લે છે.' આ વિધાન સાંભળ્યા બાદ વલ્લભભાઈ મુસ્કુરાયા હશે.** ■

વિશ્વ ઉમિયાધામ
અમદાવાદ
આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ

Vishv UMIYA Foundation

# મેટ્રીમોનિયલ સર્વિસીસ @



**સાયન્સ સીટી, અમદાવાદ**

૮૦૭, "ફોર્ચ્યુન બીઝનેસ હબ" શેલ પેટ્રોલ પંપની બાજુમાં,સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
(Mob.) 63599 87827 email:vivah@vishvumiyafoundation.org

**અલથાણ, સુરત**

૧૧૮, પહેલો માળ, મેગ્નસ શોપિંગ મોલ, મલ્હાર સુપર સ્ટોરની ઉપર, એટલાન્ટા મોલની બાજુમાં, અલથાણ, સુરત. (Mob.) 93767 55588, 97122 03130, 93747 13357

**: ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે :**

ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે : https://vivah.vishvumiyafoundation.org

OR


સંસ્થાની વેબસાઈટ : vishvumiyafoundation.org ઉપર જઈને Matrimonial Portal NEW પર ક્લીક કરી ઓનલાઈન રજિસ્ટ્રેશન પણ કરાવી શકાશે.

**ખાસ સુવિધા**

**પ્રાથમિક તબક્કે અનુકૂળતા હોય તેવા દિકરા - દિકરીઓને તેમના વાલી સાથે ઓફિસમાં મીટિંગ કરી આપવામાં આવે છે.**


**મુખ્ય કાર્યાલય**

''વિશ્વ ઉમિયાધામ'' વૈષ્ણોદેવી મંદિર સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, અમદાવાદ-૩૮૨૭૨૧. મો. ૭૨૦૨૦૮૦ ૨૨૨ / 333
www.vishvumiyafoundation.org I E-mail : contact@vishvumiyafoundation.org. I www.facebook.com/VishvUmiyaFoundation




 હરિવંશરાય બચ્ચન

# ગાંધીજી અને સરદાર વચ્ચે કેવી રમૂજ થતી?



- ૧૯૨૪ના વખતમાં ગાંધીજીનું એપેન્ડિક્સનું ઑપરેશન થયું હતું. ઑપરેશનના થોડા દિવસ પછી ગાંધીજીની ખબર પૂછવા વલ્લભભાઈ પહોંચ્યા ત્યારે બાપુ ઘણા નબળા પડેલા હતા, પરંતુ બોરસદ સત્યાગ્રહમાં મલેલી સફળતા હજુ તાજી હતી. માટે **ગાંધીજીએ તુરંત વલ્લભભાઈને આવકારતાં કહ્યું હતું, 'આવો બોરસદના રાજા!'**
- ૧૯૩૨ના ગાળામાં યરવડા જેલમાં પૂરી દેવાયા પછી જેલમાં વિવિધ કામગીરી કરતી વખતે વલ્લભભાઈ નકામા કાગળો શોધીને પરબીડિયાં બનાવતા હતા. એ અંગે ગાંધીજીએ લખ્યું છેઃ બિલાડી ઉંદરની શોધ કરે એમ વલ્લભભાઈ પરબીડિયાંના કાગળની શોધમાં રહેતા હતા. પરબીડિયાં બનાવવામાં વલ્લભભાઈ જેટલી ઝડપ બીજા કોઈની હોય એમ લાગતું નથી. કશા માપ વગર બનાવે છે. **માત્ર અંદાજ કાઢીને બનાવે છે છતાં પરબીડિયાં એકસરખાં બને છે.**
- જેલમાં ગાંધીજીને વિવિધ લોકો વિવિધ પ્રકારના સવાલો પૂછતા હતા. ગાંધીજી જવાબ લખતી વખતે પોતાની આસપાસ કોઈ હોય તો તેમનો અભિપ્રાય લેતા હતા. એમાં સરદારનો અભિપ્રાય લેવાનો આવે ત્યારે ભારે રમૂજ સર્જાતી. જેમ કે, એક ભાઈએ સવાલ કર્યો હતો કે, 'તેને વહુ ગમતી નથી, કારણ કે તે કદરૂપી છે.' વલ્લભભાઈએ બાપુને તુરત સલાહ આપી, 'તેને લખો કે આંખો ફોડીને આંધળો થાય. પછી વહુ જોડે સુખેથી જીવાશે.' તો વળી એક ભાઈએ એવો પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, 'ત્રણ મણની કાયા ધરાવતો માણસ ધરતી પર ચાલે ત્યારે કીડીઓ કચડાઈ જાય, તેનું શું કરવું?' સરદારે એ અંગેના જવાબમાં સલાહ આપી, **'તેને લખો કે પગ માથા પર લઈને ચાલે.'**
- સવારે બાપુને લીંબુના રસમાં ખાવાનો સોડા નાખીને પીવાની ટેવ હતી. એ પીણું રોજ સરદાર તૈયાર કરતા હતા, પરંતુ ગાંધીજીએ એક દિવસ સરદારને કહ્યું કે તમે પીણું તૈયાર કરતી વખતે ચમચો ખોટી રીતે પકડો છો. એ પકડવાની રીત આમ નહીં... તેમ છે! એમ કહી **વલ્લભભાઈને ચમચો પકડતા ગાંધીજીએ શીખવ્યું હતું.**
- ૧૯૪૫માં ત્રણ વર્ષના જેલવાસ પછી બહાર નીકળીને સરદાર બાપુને મળવા પંચગીની પહોંચ્યા. ત્યારે ગાંધીજીનો મૌનવાર હતો એટલે તેમણે ચિઠ્ઠી લખીને સરદારને આવકાર્યા. વધુમાં સરદાર માટે સૂચના પણ લખી કે કટિસ્નાન કરવું જોઈએ. દૂધ, ગ્લુકોઝ, મધ અને પચાવી શકાય તો માખણ ખાવાં, **રેસાવાળો ખોરાક ખાવો નહીં. એવી ચિંતા પણ બંનેને એકબીજા માટે રહેતી.**
- દાંડીકૂચ વખતે બીજા અગ્રણી નેતાઓની માફક સરદાર પટેલને પણ કૂચના આઈડિયામાં કશો રસ પડ્યો નહોતો. કૂચ માટે આશ્રમમાં મળતી બેઠકોમાં પણ તેઓ હાજર રહેતા ન હતા. તેમની ગેરહાજરી અંગે મહાદેવ દેસાઈએ સરદાર પટેલને પૂછ્યું ત્યારે તેમણે આવો જવાબ આપ્યો હતોઃ 'મને આ ચર્ચાઓમાં શો રસ પડે? તે કહે તે પ્રમાણે કરો, એ (ગાંધીજી) જેલમાં જાય પછી હું તમને મારા કાર્યક્રમની વિગત આપીશ, પણ તે છૂટા હોય ત્યાં સુધી તો મારે ચર્ચા કરવી નથી.' પરંતુ સરદાર ગાંધીજી માટે લક્ષ્મણના રોલમાં હતા. એટલે જ્યારે દાંડીકૂચની રૂપરેખા તૈયાર કરવાનું કામ સરદારને સોંપ્યું ત્યારે તેમણે સહર્ષ સ્વીકારી લીધું અને પોતાનું અંગત મંતવ્ય કે ગમો-અણગમો વચ્ચે લાવ્યા વગર **મોહનલાલ પંડ્યા અને રવિશંકર મહારાજ સાથે મળીને દાંડીકૂચની રૂપરેખા તૈયાર કરી આપી હતી.** ■





# મને હવાઈ જહાજ આપો, મારે કાલે કાશ્મીર જવું છે

**૨૭ ઓક્ટોબર, ૧૯૪૭ના રોજ ભારતીય લશ્કર સરદાર સાહેબની સૂચનાથી કાશ્મીર પહોંચ્યું. યુદ્ધ થયું. બાકીનું કાશ્મીર બચાવી લેવાયું, પરંતુ ત્યાં સુધીમાં તો પાકિસ્તાને મુઝફ્ફરાબાદ કબજે કરી લધું હતું, જે આજે પણ પાકિસ્તાન હસ્તક છે**

આઝાદી વખતે કાશ્મીરનો પ્રશ્ન અત્યંત જટિલ હતો. જવાહરલાલ નેહરુ કાશ્મીરી પંડિત હતા તેથી કાશ્મીરનો પોર્ટફોલિયો તેમની પાસે જ રાખવા માગતા હતા. ભારતના ભાગલા થયા એટલે તરત જ પાકિસ્તાની લશ્કર કાશ્મીર કબજે કરવા ઘૂસી ગયું ત્યારે જવાહરલાલ નેહરુ કોઈ પણ જાતની સૈનિક કાર્યવાહી કરવા માગતા નહોતા. હકીકત એ હતી કે જવાહરલાલ નેહરુની કેટલીયે પેઢીઓએ પહેલાંથી જ કાશ્મીર છોડી દીધું હતું, પરંતુ સ્વયંને કાશ્મીરી માનતા નેહરુ કાશ્મીર અને શેખ અબ્દુલ્લા સાથે ભાવનાત્મક સંબંધો ધરાવતા હતા. એ વખતે કાશ્મીરના હિન્દુ મહારાજા હરિસિંહ અસમંજસમાં હતા. નેહરુને મહારાજા હરિસિંહ સાથે તણાવપૂર્ણ સંબંધો હતા. તેથી **કાશ્મીરને ભારતમાં ભેળવી દેવાના મુદ્દે તેમને છેવટે તો સરદાર સાહેબ પર જ આધાર રાખવો પડતો હતો.**

આમ તો તા. ૨૭ સપ્ટેમ્બર, ૧૯૪૭ના રોજ નેહરુએ જ સરદારને જણાવ્યું હતું કે, પંજાબના ઉત્તર-પશ્ચિમી સીમા પ્રાંતના **મુસાલમાનો કાશ્મીરમાં ઘૂસણખોરી કરવાની તૈયારીમાં છે તેથી કાશ્મીર ભારતમાં જલદી ભળી જાય તે જરૂરી છે.**

મહારાજા હરિસિંહ ચતુર હતા. તેઓ ભારતમાં ભળવાને બદલે કાશ્મીરને જ સ્વતંત્ર રાષ્ટ્રનો દરજ્જો મળે તેવો પ્રયાસ કરી રહ્યા હતા. મહારાજાએ આ અંગે લૉર્ડ માઉન્ટબેટનને પત્ર પણ લખ્યો હતો. મહારાજાએ પત્રમાં લખ્યું હતું કે, **'કાશ્મીરને સ્વતંત્ર રાખવામાં આવશે તો તે ભારત અને પાકિસ્તાન - એમ બેઉના હિતમાં છે.'**

પરંતુ એક કુશળ રાજનીતિજ્ઞ હોવાના કારણે સરદારે મહારાજા સાથે સારા સંબંધો રાખ્યા હતા. એ દરમિયાન પાકિસ્તાની સેનાના નેતૃત્વમાં કેટલાક કબીલાઈઓ કાશ્મીરનો કબજો લેવા ઘૂસી ગયા. હવે મહારાજા હરિસિંહ પણ વિચારમાં પડી ગયા. એ વખતે સરદાર સાહેબે જ મહારાજાને કહ્યું કે, 'તમે ભારત સાથે ભળી જાવ એમાં જ તમારું હિત છે.' **મહારાજા કાશ્મીરને ભારતમાં ભેળવવા તૈયાર થઈ ગયા.**

બીજી જ મિનિટે લશ્કરના જનરલના ચહેરા પર ઉત્તેજનાના ભાવ દેખાયા. એમના ચહેરા પર આશાનાં કિરણો પ્રગટ્યાં, પરંતુ કોઈનાયે જવાબની પ્રતીક્ષા કર્યા વગર સરદાર ઊભા થયા અને એટલું જ બોલ્યા, **'હવાઈ જહાજથી સામાન પહોંચાડવાની તૈયારી સવાર સુધીમાં થઈ જશે.'**

બીજા શબ્દોમાં કોઈનીયે સાથે ચર્ચા કર્યા વગર કાશ્મીરમાં ઘૂસેલાઓ સામે યુદ્ધનો આ નિર્ણય હતો. **ઈચ્છાશક્તિ અને વિષમ પરિસ્થિતિમાં ત્વરિત નિર્ણય લેવાની તેમની આ ઊંડી તાકાત હતી.**



ભારતીય લશ્કરની પહેલી ટુકડી વિમાન દ્વારા કાશ્મીર મોકલવામાં આવી. એની બીજા જ દિવસે સરદાર સાહેબે વાયુસેનાનું એક વિમાન પોતાના માટે તૈયાર રાખવા સૂચના આપી. તેઓ ખુદ તેમનાં પુત્રી કુ. મણિબહેન અને ઉચ્ચ અધિકારીઓ સાથે યુદ્ધભૂમિ પર જવા માગતા હતા, જેથી તેઓ કાશ્મીરની પરિસ્થિતિ પર સીધી દોરવણી આપી શકે. કેટલાકે તેમને યુદ્ધગ્રસ્ત કાશ્મીરમાં નહીં જવા સલાહ આપી. કોઈએ કહ્યું કે, લશ્કરના વડા તમને ત્યાં જવા પરવાનગી નહીં આપે. ત્યારે સરદાર સાહેબે કહ્યું, **'કમાન્ડર ઈન ચીફની ચિંતા ના કરો. મને એક હવાઈજહાજ આપો. મારે કાશ્મીર જવું જ છે.'**

એક તરફ મહારાજા કાશ્મીરને ભારતમાં ભેળવવા સંમત થયા, બીજી બાજુ તા. ૨૭ ઓક્ટોબર, ૧૯૪૭ના રોજ ભારતીય લશ્કર સરદાર સાહેબની સૂચનાથી કાશ્મીર પહોંચ્યું. યુદ્ધ થયું. બાકીનું કાશ્મીર બચાવી લેવાયું, પરંતુ ત્યાં સુધીમાં તો પાકિસ્તાને મુઝફ્ફરાબાદ કબજે કરી લધું હતું, **જે આજે પણ પાકિસ્તાન હસ્તક છે અને ત્યાં જ ભારતને તબાહ કરવાની ત્રાસવાદી શિબિરો ચાલે છે.**

**સરદાર સાહેબે ત્વરિત નિર્ણય લીધો ના હોત તો અત્યારનું અડધું કાશ્મીર અને શ્રીનગર પણ પાકિસ્તાન લઈ જાત.** ■



ડૉ. પ્રભુદાસ પટેલ,
પત્રકાર-તંત્રી



# ગુજરાતને નંદનવન બનાવી, અમદાવાદમાં વિશ્વનું સૌથી ઊંચું (૫૦૪ ફૂટ) ઉમિયા માતાનું મંદિર નિર્માણ કરવાના સ્વપ્નદૃષ્ટા અને ડાયનેમિક-અસાધારણ વ્યક્તિત્વ ધરાવતા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ આર. પી. પટેલ સાહેબ

**નમસ્કાર મિત્રો! વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સંચાલિત સામયિક 'ઉમા સૃષ્ટિ'ના 'બહુરત્ના વસુંધરા' વિભાગમાં સંસ્થાના ગ્રોથ એન્જિન સમા ઉત્તમ ચારિત્રના માલિક સમા – કોઈ પણ કામ કરવાનું ઝનૂની વ્યક્તિત્વ ધરાવતા પ્રણેતા અને પ્રમુખ શ્રી આર. પી. પટેલ સાહેબ સાથે રૂબરૂ મુલાકાતના કેટલાક અંશો.**

**● વિશ્વ ફાઉન્ડેશનની રચનાનો વિચાર આપને કેવી રીતે આવ્યો?**

મારા સ્પષ્ટ વિચારો છે કે ધાર્મિક સંસ્થાઓ અને મંદિરો માત્ર ભજન કરવા માટે નથી. ધાર્મિક સંસ્થાનો અને ધાર્મિક સંસ્થાનો એ આધ્યાત્મિક ચેતનાનો એક આધાર છે. એની સાથે સાથે એ સમાજ જીવનના વિકાસનો પણ એક આધાર છે, તો એ મંદિરોમાં પણ સામાજિક પ્રવૃત્તિઓ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ ખૂબ થવી જોઈએ. જે સમય દરમિયાન ગુજરાતમાં અનામત આંદોલનની શરૂઆત થઈ અને જે પ્રમાણે પાટીદાર સમાજે સમગ્ર સમાજમાં મોટાભાઈ તરીકેની જે ભૂમિકા ભજવી એમાં ક્યાંક ને ક્યાંક અન્ય સમાજના મિત્રોને પાટીદાર સમાજ માટે એક એવી ભાવના પેદા થઈ કે પાટીદાર સમાજ આટલો સક્ષમ અને સંપત્તિવાન હોવા છતાં પણ આવાં આંદોલન શા માટે કરે છે? ત્યારે એ દિવસે બીજો વિચાર એ પણ થયો કે આ પ્રકારની એક સંસ્થાના નિર્માણની શરૂઆત કરવી જોઈએ. આ બંને વિચારોએ મને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની રચના કરવા માટે પ્રેર્યો છે. આ વસ્તુ સાથે મેં એ પણ સ્વીકાર્યું કે એક એવી સંસ્થા હોવી જોઈએ સમાજમાં કે જે સંસ્થા દરેક સમાજનું પ્લેટફોર્મ બને. જે સંસ્થાની અંદર ૫૦૦ ટ્રસ્ટીઓની સંસદ બને અને સમાજના કે કોઈ પણ અન્ય સમાજના જ્યારે પણ કોઈ પ્રશ્નો ઊભા થાય ત્યારે એનો નિર્ણય માત્ર ને માત્ર આ સંસદ લઈ શકે એ પ્રકારના અભિગમ સાથે એક આ વિચાર સ્ફૂર્યો અને એ વિચારને સ્ફૂરે ત્યારે

# બહુરત્ના વસુંધરા
## એક મુલાકાત

એને પરિપૂર્ણ કરવા માટે શું શું આવશ્યકતા હોઈ શકે ત્યારે એ આવશ્યકતાનો લાંબો વિચાર કર્યો ત્યારે ખબર પડી કે આના માટે તો કમ સે કમ સો વીઘા જમીનની જરૂર પડે અને ટેન્ટિટિવ બજેટ ૧૦૦૦ કરોડ રૂપિયાનું હોઈ શકે. કારણ કે માત્ર મંદિર નથી બનાવવાનું, મંદિરની સાથે સ્કિલ યુનિવર્સિટીનો વિચાર મૂક્યો, હોસ્પિટલનો વિચાર પણ મૂક્યો અને સ્પોર્ટ્સ તેમજ કલ્ચરલ એક્ટિવિટીનો વિચાર મૂક્યો. ઉમિયા અદાલતનો વિચાર મૂક્યો. આ બધા જ વિચારો સાથે જ્યારે ૧૦૦૦ કરોડના સંકલ્પ સાથે આ સંસ્થા કરવી જોઈએ એ વિચારને લઈને વિશ્વમાં ફાઉન્ડેશનની રચના કરી. આ વિચાર શરૂઆતમાં મૂક્યો ત્યારે ઘણા બધા મિત્રોએ મને શેખચલીનું બિરુદ આપ્યું છે. તેમ છતાં પણ **'હમ અકેલે ચલે હૈ ઓર કારવા બનતા ગયા' એ જ નિર્ણયભાવથી સંસ્થાની શરૂઆત કરી. કોઈ પણ પ્રકારની લાલચ-અપેક્ષા-માનપાન કંઈ જ વિચાર્યા વગર માત્ર ને માત્ર ૧૮ કલાકની સખત મહેનત સતત કરી.** જ્યારે આ સંસ્થાની શરૂઆત કરી છે અને આજે પાંચ વર્ષના અંતે આ સંસ્થા એક એવા આયામ ઉપર છે કે જે વિશ્વની સૌથી સારી એક વૈશ્વિક સામાજિક સંસ્થા બની ચૂકી છે. એટલે આ વિચારનું મૂળ ઉદ્‌ભવ સ્થાન આ પ્રકારે થયું છે. આજે સંસ્થામાં સમાજના ૪૭૦ જેટલા ટ્રસ્ટીઓ બની ચૂક્યા છે. ૫૦૦થી પણ વધારે કરોડનાં દાન આ સંસ્થાને જાહેર થયાં છે અને વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ કરીને એક યુવા આસ્થાનું કેન્દ્ર બનાવો કે જે આસ્થાના કેન્દ્ર ઉપર સમગ્ર વિશ્વભરના પાટીદારો તો જોડાયેલ છે જ, પણ સાથે સાથે **અન્ય સમાજના લોકો પણ જોડાય અને જ્યાં આગળ જેની પાસે છે એની પાસેથી લઈ જેની પાસે નથી એના સુધી મદદ પહોંચાડવાના અભિગમ સાથે આ સંસ્થાનો ઉદય થયો છે.**

**● વિચાર અને સ્વભાવની બાબતમાં આપણા વડાપ્રધાન મોદી સાહેબને બિલકુલ મળતા આવો છો. જે માણસ સમાજમાં પડકાર ઝીલે છે એક જગતમાં કંઈક નવું ઝીલે છે. એ જગતમાં કંઈક નવું કરી બતાવે છે. મા ઉમિયા માતાજી કડવા પાટીદારોની કુળદેવી છે, પણ આપ વારંવાર જગત જનની ઉમિયા... જગત જનની ઉમિયા કહો છો તો એ કેટલા અંશે આપ વિશાળ અર્થમાં વિચારો છો?**

બહુ જ સારો પ્રશ્ન છે, કારણ કે અત્યાર સુધી કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી તરીકે આપણે મા ઉમિયાને આશાના કેન્દ્ર તરીકે સમજીએ છીએ અને વિશ્વના અનેક લોકોમાં ઉમિયામાં આસ્થા ધરાવે છે. શક્તિ એટલે મા પાર્વતી અને મા પાર્વતીનું બીજું નામ છે એ બ્રહ્માંડના સર્જન વખતની શક્તિનું સ્વરૂપ છે અને જ્યારે બ્રહ્માંડના સર્જન વખતે સ્વરૂપ જ્યારે હોય ત્યારે કોઈ એક કોમ્યુનિટીની કુળદેવી ન હોઈ શકે. એ અનેક સમાજના કુળદેવી તરીકે હોઈ શકે, પરંતુ એ જગતજનની છે એ વાતને આપણે ક્યારેય ન ભૂલવી જોઈએ. નરેન્દ્રભાઈ મોદી એ વડનગરના છે, પણ આજે તે વિશ્વના નેતા છે. આજે ભારતના વડા પ્રધાન છે. તેને આપણે ઓળખવા હોય તો વડનગરના છે એ રીતે ચોક્કસ એ આપણા બધાનું ગૌરવ છે, પરંતુ તે ભારતના વડા પ્રધાન અને વિશ્વના નેતા છે - એ પ્રકારે જેમની ઓળખ છે એને જો આપણે નજર અંદાજ કરીએ તો ક્યાંક ને ક્યાંક એમાં આપણે ખોટા છીએ. આ જ પ્રકારે મા ઉમિયા એ આપણી કુળદેવી છે, સૌભાગ્યે એ આપણું નસીબ છે, પરંતુ એ જગત જનની છે અને જગત જનનીની વાત સમગ્ર દુનિયા સમક્ષ મુકાય અને વિશ્વભરની અવસ્થા ઉજાગર થાય એવા સંકલ્પ સાથે આપણે હંમેશાં કડવા પાટીદાર કુળદેવીને બદલે એને જગતજનની મા ઉમિયા તરીકે એની આસ્થાને ઉજાગર કરવા માટેના પ્રયત્નો કરીએ છીએ અને એટલા જ માટે વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ કરીએ છીએ.

**● આપે ૧૦૦ વીઘા જગ્યા અને રૂપિયા ૧૦૦૦ કરોડના પ્રોજેક્ટની વાત કરી. આ બધું સહેલું કે રાતોરાત કંઈ ઊભું થાય એવી વાતો નથી. છતાં જગત આખું સાક્ષી છે કે ફક્ત ૨૨ દિવસના સમય દરમિયાન આપે આ ભૂમિપૂજન વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરી શક્યા એ તો અકલ્પનીય વાત છે. છતાં આપણી નજર સામે હકીકત બની છે. આપની અંદરનો કયો વિચાર, આપની અંદરનું કયું ઝનૂન આપને કામ કરવા પ્રેરે છે?**

જ્યારે કોઈપણ વ્યક્તિ આધ્યાત્મિકતા સાથે જોડાય છે ત્યારે આપોઆપ એ વ્યક્તિમાં એક શક્તિનું સ્વરૂપ ધારણ થાય છે. એક ઊર્જા પ્રાપ્ત થાય છે અને જ્યારે કોઈ પણ કાર્ય પૂરી નિષ્ઠાથી અને લાલચ વગર કરવાનો જ્યારે સંકલ્પ લેવાય ત્યારે કોઈ પણ અશક્ય કાર્ય પણ શક્ય બનતું હોય છે મને હજી પણ યાદ છે કે જ્યારે સૌ પ્રથમ વાર વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ધામ માટે જ્યારે ૧૦૦ વીઘા જમીનનો ૨૦૦ કરોડનો સોદો કર્યો ત્યારે એ વખતે સંસ્થાનું બેંક બેલેન્સ પાંચ લાખ રૂપિયા પણ નહોતું. જ્યારે એનું મહાભૂમિપૂજન કર્યું ત્યારે નક્કી કર્યું કે **વિશ્વનું જ્યારે ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ કરતા હોઈએ તો એનું મહાભૂમિપૂજન પણ એક એવી વ્યક્તિના હાથે થવું જોઈએ કે જેનાથી સમગ્ર વિશ્વ ગૌરવ લઈ શકે. એટલા જ માટે જે તે સમયે આદરણીય વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબને આપણે વિનંતી કરી અને એમણે મા ઉમિયાના આશીર્વાદથી આપણી વિનંતીને ગ્રાહ્ય રાખી** અને એ પણ કેવું જુગાનુજોગ કે મહાશિવરાત્રીના દિવસે જ મા ઉમિયાનો મંદિરનું મહાભૂમિપૂજન થાય... સાત લાખ જેટલી જનમેદનીની ઉપસ્થિતિમાં થાય અને અકલ્પનીય એક પ્રસંગ દ્વારા સમગ્ર વિશ્વમાં એનો સંદેશ ફેલાય... આ બધું જ હું માનું છું કે જગત જનની મા ઉમિયાની કૃપાનું



# બહુરત્ના વસુંધરા
## એક મુલાકાત

પરિણામ છે. એની આસ્થાનું પરિણામ છે અને જ્યાં આસ્થા હોય, **આધ્યાત્મિક ચેતના હોય ત્યાં સમાજની સાથે કાર્ય કરવાની- સમાજ માટે કામ કરવાની એક અલગથી ઊર્જા પ્રાપ્ત થતી હોય છે.**

**● સામાન્ય રીતે માણસ વાનપ્રસ્થ પૂરો કરે પછી ૭૫ વર્ષ પછી કોઈ સામાજિક-ધાર્મિક સંસ્થામાં સક્રિય થાય છે. તેમાં આ ઘર, કુટુંબની જવાબદારી, સામાજિક જવાબદારી- એ બધું છોડીને તમે આમાં લાગી ગયા એની પાછળનું કોઈ પ્રરિબળ ખરું?**

હું ચોક્કસપણે એવું માનું છું કે વ્યક્તિએ સો ટકા પોતાના માટે જીવવું જોઈએ પરંતુ એક અમુક ઉંમર પછી એણે સમાજ માટે અને રાષ્ટ્ર માટે જીવવું જોઈએ. ૨૦૦૭માં જ્યારે મેં સામાજિક જીવનમાં મારું પ્રથમ ચરણ મૂક્યું ત્યારે મારી ઉંમર લગભગ ૫૦ની આસપાસ હતી. એ વખતે મેં નક્કી કર્યું કે હવે ભગવાને આપણને ખૂબ આપ્યું છે, ઘણું બધું સુખ-સાહ્યબી આપ્યા ત્યારે હવે સમાજને તે પાછું આપવું જોઈએ. સમાજ અને રાષ્ટ્ર માટે કંઈક કાર્ય કરવું જોઈએ એવા ભાવ સાથે જ્યારે જવાબદારી સ્વીકારી છે ત્યારે હું બધાને પણ એક વાત કાયમ વારંવાર કહું છું કે ૬૦ વર્ષ પછી દરેક વ્યક્તિનો નવો જન્મ થાય છે. ૬૦ વર્ષ સુધી વ્યક્તિ પોતાના માટે જીવે છે, પોતાના પરિવાર માટે જીવે છે, પોતાની કરિયર માટે જીવે છે, પરંતુ ૬૦ વર્ષ પછી એણે પોતાના માટે જીવવું જોઈએ. મેં નક્કી કર્યું કે હવે પછીનું જીવન એ સમાજને સમર્પિત કરવું છે એટલા જ માટે વિશ્વ **ઉમિયાધામના નિર્માણથી લઈ આજે ચાલતી અનેક પ્રવૃત્તિઓ હું ખૂબ જ ઝનૂનથી કરું છું અને એ કારણથી જ આજે છેલ્લાં પાંચ વર્ષમાં આ સંસ્થા એની એક ઊંચાઈ સુધી પહોંચી છે.**

**● વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન એ પાંચ વર્ષનું નાનું રમતું-દોડતું બાળક છે. એમાં જો બે વર્ષ કોરોનાના બાદ કરીએ તો ત્રણ વર્ષની અંદર સમગ્ર ગુજરાત, ભારત, અમેરિકા, કેનેડા, આફ્રિકા — આ બધામાં આપ આટલો બધો આનો પ્રચાર અને પ્રસાર કરી શક્યા છો તો કઈ ટીમનું આ સફળ નેટવર્ક છે, જેને કારણે**




**આપણો સંદેશ આખા જગતમાં ઝીલાતો રહે છે?**

જ્યારે તમે કોઈ પણ સમાજનું કે સંસ્થાનું નેતૃત્વ કરતા હો ત્યારે સમાજ તમારામાં એ પ્રતિબિંબ જુએ છે. તમારું જીવન એ હવે પ્રાઈવેટ જેવું રહેતું નથી, પરંતુ પબ્લિક થઈ જાય છે. આજે મને કહેતા ગૌરવ થાય છે કે **મારી ઉંમર આજની તારીખે લગભગ ૬૭ વર્ષ જેટલી થઈ છે, પરંતુ આજે પણ હું લગભગ ૧૬થી ૧૮ કલાક કામ કરું છું. સંસ્થા માટે અને સમાજ માટે સંસ્થાની અંદર અનેક લોકો આવે છે. દરેકને ધ્યાનથી સાંભળું છું.** કોરોનાની તમે વાત કરો છો તો હું એમ કહું કે જ્યારે સેકન્ડ વેવ- બીજી લહેર આવી ત્યારે એ લહેરમાં કોઈ બહાર નહોતું નીકળતું. એ સમયે આ માટેની એક હૉસ્પિટલ બનાવવાનો વિચાર આવ્યો અને તાત્કાલિક ધોરણે ફક્ત ૧૦ જ દિવસમાં કેટલાક મિત્રોની સહાય લઈને - ડૉક્ટર દિનેશભાઈની સહાય લઈને એક હૉસ્પિટલ ઊભી કરી. ૧,૦૦૦ જેટલા ઓક્સિજન કોન્સન્ટ્રેટર યુએસએની ટીમે આપણને મોકલી આપ્યા. એ પણ વિનામૂલ્યે દરેક સમાજના લોકોને આપણે આપ્યા છે. આ પ્રેરણા જે છે ને એ પ્રેરણ સમાજના અન્ય મિત્રોને જ્યારે મળે ત્યારે ટીમ બને છે અને ટીમનું મને ગૌરવ થાય કે આજે યુએસએ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા અને યુકે - આ પાંચ કન્ટ્રીમાં આપણી સંસ્થાનું નેટવર્ક ખૂબ જ વિસ્તરેલું છે. આ રીતે વિદેશની અંદર પણ સંસ્થા દ્વારા એક પારિવારિક હૂંફ મળે એ પ્રકારનું આયોજન આ ટીમ દ્વારા થઈ રહ્યું છે એટલે મને મારી ટીમ માટે ખૂબ જ ગૌરવ છે. **આ ટીમની અંદર અમારા પૂજ્ય વડીલ પ્રહ્લાદ કામેશ્વર, ડી. એન. ગોલ, દીપકભાઈ, પ્રભુદાસ આપ અને એ સિવાય રૂપેશભાઈ, રસિકભાઈ** - ઘણા બધા મિત્રો અને ટીમ સાથે પોતાની જવાબદારી સમજીને કામ કરે છે ને એટલા જ માટે ટૂંકા ગાળાની અંદર આ સંસ્થા વિશ્વ સ્તરે ફેલાઈ છે.

**● મેં આપને કેમ્પસમાં દરરોજ લગભગ ૧૫ કલાક કામ કરતા જોયા છે. આપની નજરમાં આ દેશનો એક યુવાવર્ગ પણ નજરમાં તરવરી રહ્યો છે. ઘણી વખતે આ સંજોગો એવું કહે છે કે યુવાન વર્ગ ક્યાંક બેરોજગારીના કારણે, હતાશા-નિરાશાના કારણે અવળે માર્ગે ચડી ગયો છે. આપની પાસે કોઈ એવો રસ્તો ખરો કે એ જ યુવાનોને ફરીથી આ દેશ માટે દેશની ચેતના માટે અને દેશનાં કાર્યો માટે સક્રિય કરી શકાય?**

ચોક્કસ સાહેબ, એમાં હું ૧૦૦ ટકા એ વાત સાથે સંમત નહીં, પરંતુ હું ક્લિયર છું કે આજની યુવા પેઢી અને આજની પેઢીને હવે સમાજ ને રાષ્ટ્ર માટે વિચારતી કરવી પડશે. જાણે-અજાણે પણ દિવસે દિવસે પશ્ચિમી દેશનું જે અનુકરણ ભારત દેશમાં થઈ રહ્યું છે. સનાતન ધર્મ એ સમગ્ર વિશ્વની અંદર એક એવો ધર્મ છે કે જેમાંથી જ દુનિયાના તમામ ધર્મનું સર્જન થયું છે. સનાતન ધર્મ આધ્યાત્મિકતાનો - ચેતનાનો આધાર છે અને આધ્યાત્મિક ચેતના એ સામાજિક જીવનનો આધાર સ્તંભ છે. **મંદિરો એ એકતાનું પ્રતીક છે અને આસ્થાથી જ્યારે એકતા બને ત્યારે એકતાથી ઊર્જા પેદા થાય છે અને આ ઊર્જા અનેક ક્ષેત્રોની અંદર એ પ્રત્યેક પ્રસિદ્ધ થતી હોય છે.** આજના યુવાનો ભોગ-વિલાસ અને અન્ય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત છે એમને પોતાના ધર્મ અને પોતાના સમાજ માટે જે પ્રકારનું યોગદાન આપવું જોઈએ એમાં તેઓ ઉદાસ છે. **યુવાનોને આકર્ષિત કરવા માટે, યુવાનોને સમાજના કાર્યની અંદર પ્રવૃત્ત કરવા માટે એમને ગમતી પ્રવૃત્તિ કરવી પડશે.**

**● સરદાર પટેલની કિંમત જે થવી જોઈએ, જે રીતે થવી જોઈએ એમાં ક્યાંક આપણે પાછા પડ્યા છીએ, પણ હવે એક નવા સમયની વાત છે કે સરદાર પટેલને દરેકે દરેક યુવાનના મસ્તિષ્કમાં આપણે જાગૃત કરવો જોઈશે અને તો જ આ દેશનું વધારે સારું કલ્યાણ એ અર્થમાં**

**થઈ શકે. વળી એક કાર્યક્રમમાં આપણે ૧૦૦૦ કારની રેલી અને જે રાજાઓએ પોતાનું સર્વસ્વ સરદાર પટેલના નામે એક વિશ્વાસ મૂકીને આ દેશને સમર્પિત કર્યું એનું ઋણમુક્ત કરવા માટેનો વારસદારોનો જે આપણે કાર્યક્રમ રાખ્યો છે એ પણ આભાર-આવકારદાયક છે. ભારત સંસ્કૃતિ અને સનાતન ધર્મનો દેશ છે, પણ ક્યાંક કેટલાક સંપ્રદાયો આ ધર્મને તોડી રહ્યા છે. એવું સંતો-મહંતો માની રહ્યા છે... આપ શું કહેશો?**


રાષ્ટ્ર ચેતનાને ઉજાગર કરવા માટે જ આપણા કાર્યક્રમનું આયોજન કર્યું છે.આ કાર્યક્રમને આપણે ખૂબ જ મોટા ફલક પર એટલા માટે લીધો છે કે સમગ્ર ગુજરાતની અંદર શરૂ થાય કે રાષ્ટ્ર ચેતના એટલે શું અને એનો ઉજાગર કરવા માટે શું કરી શકાય? એ માટે સરદાર પટેલ એ રાષ્ટ્ર ચેતનાનું પ્રતીક છે, ૩૧ તારીખે જે કાર્યક્રમ કરવા જઈ રહ્યા છીએ એમાં સમગ્ર ગુજરાતમાંથી ૧૦,૦૦૦ કાર રેલીના સ્વરૂપે અમદાવાદમાં આવશે અને અંદાજિત એક લાખથી પણ વધારે જનમેદનીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ આપણે કરવા જઈ રહ્યા છીએ. જે રાજવીઓએ પોતાના રાષ્ટ્ર ભારતની અંદર ભેળવી દઈને જે યોગદાન આપ્યું છે ત્યારે આપણા સૌની ફરજ બને છે કે આપણી પાસે જે કંઈ છે એનો કેટલોક ભાગ આપણે આપણા રાષ્ટ્ર માટે, આપણા ધર્મ માટે અને સમાજ માટે આપણે આપવો જોઈએ અને આવો મેસેજ સમગ્ર સમાજમાં જાય એવા એક ભાવ સાથે રાજવીઓનું આપણે સન્માન કરી રહ્યા છીએ. આ રાજ્યો પણ કેવાં... **મહારાણા પ્રતાપના વંશજો આવી રહ્યા છે, છત્રપતિ શિવાજીના વંશજો આવી રહ્યા છે... ૫૬૫ રજવાડાંઓમાંથી અનેક રજવાડાંઓ આ દિવસે આવી રહ્યા છે અને એમનું સન્માન કરીને આપણે સરદાર સાહેબે જે વચન આપેલું એના ઋણમાંથી આપણે ક્યાંક મુક્ત થવાનો પ્રયાસ કરવા જઈ રહ્યા છીએ.** કારણકે જે તે રજવાડાં હોય - પોતાના રાષ્ટ્ર જ્યારે સમર્પિત કર્યા ત્યારે સરદાર સાહેબમાં એક ખેડૂતના દીકરાના વચન ઉપર વિશ્વાસ રાખી અને એમણે રાષ્ટ્ર સમર્પિત કર્યાં છે અને એમને જ્યારે કર્યું હોય અને ત્યાર પછી જો આજે ૭૬ વર્ષ પછી આ એક એવો કાર્યક્રમ આપણે છીએ કે ભારતના ઇતિહાસમાં આ સૌ પ્રથમ વાર રાજવીવંશજોનું સન્માન થઈ રહ્યું છે 'મેરી મિટ્ટી મેરા દેશ અને મેરા ધર્મના' નારા સાથે મિટ્ટીનું પૂજન કરીને અમદાવાદ જ્યારે પહોંચશે ત્યારે એ જ મિટ્ટી જગતની મા ઉમિયાના મંદિરના નિર્માણના ગર્ભગૃહમાં તેને આપણે સમર્પિત કરવાના છીએ. **એ પ્રમાણે સમગ્ર ગુજરાતના દરેકનો સહયોગ મા ઉમિયાના મંદિરમાં મળે એવો એક આ પ્રયત્ન છે.**

**● ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાય એવું આ પ્રકરણ છે. અત્યારે આપણી પ્રાથમિકતામાં વિશ્વમાં સૌથી ઊંચું ઉમિયા માતાનું મંદિર ૫૦૪ ફૂટ એનું નિર્માણ એ સૌથી પ્રાથમિકતા છે. મને લાગે છે કે આઠ અજાયબી તો આપણે ભણતા અને હવે માતાજીનું મંદિર જ્યારે ૫૦૪ ફૂટ ઊંચા શિખર સાથે સૂર્યનું પહેલું કિરણ બાવન ગજની ધજાને રમાડશે એ દિવસે જગતભરનાં પ્રચારક માધ્યમો, ઋષિઓ-મુનિઓ અને અનેક ભક્તોની હાજરીમાં આ પ્રસંગ સંપન્ન થશે. ત્યારે મને લાગે છે કે આપનો વિચાર ગુજરાતને એક સમગ્ર વિશ્વમાં નંદનવન બનાવવાનો જે વિચાર છે અને ભારતનું બીજું તિરુપતિ ગુજરાતમાં ઊભું થશે એ વિચાર સંપન્ન થશે.**

પ્રભુદાસભાઈ, આપે જે વાત કરી એમાં મારે કેટલુંક ઉમેરવું છે કે આ માત્ર મંદિર નથી બનતું, આસ્થાનું કેન્દ્ર બને છે. ઉમા સ્વાદમ્‌ની યોજના અંતર્ગત આપણે સંસ્થાની અંદર ચોખ્ખા મટીરિયલ અને ઘીમાંથી મીઠાઈને ફરસાણ બનાવીએ છીએ અને આપણે એનું વેચાણ કરીએ છીએ. મંદિરની સાથે સમાજની જે નીડ છે- શિક્ષણ છે, આરોગ્ય છે, સ્પોર્ટ્સ છે તો એના માટે પણ આપણે સ્કિલ યુનિવર્સિટી બનાવીએ છીએ, હૉસ્પિટલ બનાવીએ છીએ, સ્પોર્ટ્સ અને કલ્ચરલ કોમ્પ્લેક્સ બનાવીએ છીએ. આ સિવાય પણ સમાજના વિકાસ માટેની અનેકવિધ પ્રવૃત્તિઓ આજે પણ આપણે કરીએ છીએ. યુવાનોને અને મહિલાઓને ખાસ કરીને સમાજ ને રાષ્ટ્ર પ્રત્યે પોતાનું યોગદાન આપી શકે. ડિસેમ્બર-૨૦૨૩ કે જેની અંદર એક લાખ જેટલા ખેલાડીઓ આની અંદર ભાગ લેશે અને ખૂબ મોટા પાયા ઉપર આ ઓલિમ્પિયાડનું આયોજન કરીને યુવાનો સમાજ-દેશ અને ધર્મ પ્રત્યે વિશે અભિગમ છે. **મહિલાઓને પણ કલ્ચરલ પ્રવૃત્તિઓ દ્વારા આકર્ષિત કરીને સમાજના વિકાસમાં યોગદાન આપે તે માટે નવરાત્રીની અંદર પણ આપણે નવરાત્રીનું આયોજન કરીએ છીએ.** આ વાત પણ મારે આપને કહેવી જોઈએ એ વાત સાથે હું આપને કહું કે વિશ્વ ઉમિયાધામનું નિર્માણ એ આવનારા સમયની અંદર એક એવા સમાજના પ્લેટફોર્મ તરીકેનું નિર્માણ છે કે **જ્યાં કોઈ પણ સમાજની કોઈપણ વ્યક્તિ ગર્વ સાથે આ સંસ્થામાં જોડાઈ શકે અને પોતાની સેવાઓ આપી શકે અને એ પ્રકારે પોતાનું યોગદાન સમાજમાં આપી અને પોતાના જીવનને ધન્ય બનાવી શકે.**

**● અમારી અપેક્ષા મુજબ આપે સમય આપ્યો અને આપના કેટલાક ઉત્તમ વિચારોનું જે અહીંયા પ્રદર્શન થયું એ દુનિયાભરમાં જશે અને એનો મા ઉમિયાના માધ્યમથી - ઉમિયાના મંદિરના માધ્યમથી જગતના લોકો એને અપનાવશે એવી સુંદર ભાવના સાથે આપનો ખૂબ ખૂબ આભાર.**

એક અગત્યની વાત. આ પ્રોજેક્ટમાં સરકારે પણ આપણને ખૂબ જ મદદ કરી છે એ વાતને પણ આપણે ભૂલવી ન જોઈએ, કારણ કે વિશ્વ ઉમિયાધામની જ્યારે સો વીઘા જમીન પરચેસ કરી ત્યારે એમાં આપણને સરકારે પણ ઝીરો ટકા કપાત આપીને ખૂબ મોટી મદદ કરી છે ત્યારે આ તબક્કે હું સરકારશ્રીનો પણ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું મારી સાથેના મારી ટીમના સભ્યો કે જેમણે મને હિંમત આપી અને મદદ કરી, મને હંમેશાં પ્રેરણા આપી એવા મારા વડીલોનો પણ આ તબક્કે હું આભાર માનું છું અને ખાસ કરીને મારી સાથે જોડાયેલા છે યુવામિત્રો છે કે જે સતત મારી વાતને લઈને હંમેશાં દોડતા રહે છે એવા બધા જ મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. એના માટે ફરી એક વખતે સર્વેનો અને **આજે આપે પણ મને મારા વિચારો વ્યક્ત કરવાનો મને અવસર આપ્યો તે માટે આપનો પણ ખૂબ ખૂબ આભારી છું. આપના ખૂબ જ ઊંચા અને ઉમદા વિચારોને એક વાર ફરી થેન્ક યૂ સો મચ.** ■





# કૂતરાં બહુ વહાલાં લાગતાં હોય તો તમારા ઘરમાં રાખો



**૧૯૨૪ની** સાલમાં સરદાર સાહેબ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ બન્યા. ૧૯૨૮ સુધી તેઓ પ્રમુખ તરીકે રહ્યા. સરદાર સાહેબે અમદાવાદ મ્યુનિસિપાલિટીની બાગડોર સંભાળી ત્યારે અમદાવાદ 'ધૂળેટાબાદ' તરીકે જાણીતું હતું. શહેર એક મોટું ગામડું જ હતું. મકાનોની પરિસ્થિતિ અત્યંત ખરાબ હતી. દરેક પોળમાં સાપ પકડવા સાતથી આઠ ફૂટ લાંબા સાણસા રાખવા પડતા. વાંદરાઓના ભારે ત્રાસથી બચવા લોકો પોતાના મકાન પર ચાડિયા ઊભા કરતા. હડકાયાં કૂતરાંનો ત્રાસ હતો અને અનેક લોકો હડકવાથી મરી જતાં. શહેરમાં ગટર નહોતી. પાણીના નળ નહોતા. શહેરની ચારે બાજુ કોટ હતો. રાતના નવના ટકોરે નગરના દરવાજા બંધ કરી દેવાતા. રાત્રે કોઈ વ્યક્તિ મોડી પહોંચે તો દરવાજાની નાની બારીથી સાંકળ ખખડાવવી પડતી. દરવાજાની અંદર ખાટલો નાખી એક માણસ પડ્યો રહેતો. કાંકરિયા વિસ્તારમાં તો કોઈ એકલદોકલને લૂંટી લેવાતો. પાણીમાં ભયાનક મગરો હતા. શહેરમાં હજી મોટરોની શરૂઆત થઈ નહોતી. ભદ્ર વર્ગના લોકો ઘોડા જોડેલી બગીઓમાં ફરતા. સાંકડી ગલીઓમાં બગીઓ ઊભી રાખતા. **એ કારણે પોળો ગંદી રહેતી. ઉંદરોનો પણ ત્રાસ હતો. ગંદકીના કારણે શહેરમાં પ્લેગ પણ ફાટી નીકળ્યો હતો.**

**નગરનો ચહેરો બદલ્યો**

આવા ગંદા નગરનું સ્વરૂપ બદલવાનું કામ સરદાર સાહેબે ઉપાડી લીધું. એમને લાગ્યું કે આ શહેર બંધિયાર છે. તેનું ટાઉન પ્લાનિંગ કરવું જરૂરી છે. શહેરનાં રખડતાં **કૂતરાંઓના ત્રાસને દૂર કરવા રખડતાં કૂતરાં મારી નાખવા આદેશ આપ્યો ત્યારે કેટલાક લોકોએ વિરોધ કર્યો, 'અરે, આ શું કરો છો?'**


સરદાર સાહેબે કહ્યું, 'રખડતાં કૂતરાં બહુ વહાલાં લાગતાં હોય તો તમારા ઘરમાં રાખો.' પ્લેગને કારણે શહેરમાં લોકો ટપોટપ મરતાં હતાં. સ્મશાનમાં મૃતદેહોનો ભરાવો થઈ જતાં લોકો શેરીઓમાં જ મરેલી વ્યક્તિના અગ્નિસંસ્કાર કરતાં એવી આ શહેરની હાલત હતી. **સરદાર સાહેબે કેટલાક જીવદયાપ્રેમીના પ્રચંડ વિરોધ છતાં પ્લેગ માટે જવાબદાર ઉંદરોને મારવાનાં પગલાં ભરવા સૂચના આપી.**

૧૯૨૭માં પ્રીતમરાય વ્રજરાય દેસાઈએ પ્રીતમનગરની સ્થાપના કરી, જેને સરદાર સાહેબનો ટેકો મળ્યો. સરદાર સાહેબના પ્રયાસથી આ જ ખુલ્લી જગ્યા પર વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ ઊભી થઈ. વી.એસ.ના એક ફુવારા પર આજે પણ એક તકતી છે, તેમાં લખવામાં આવ્યું છે કે, 'અહીં કોંગ્રેસનું અધિવેશન મળ્યું હતું.' વા.સા. હૉસ્પિટલ જોયા પછી **ગાંધીજીએ લખ્યું હતું કે, 'સરદાર વલ્લભભાઈ પટેલનો જય હો. આ હૉસ્પિટલ જોઈ હું રાજી થયો છું.'**

> સરદાર સાહેબ ગરજ્યા, 'તમે કાંઈ કામગીરી કરતા નથી ને લોકોને કહો છો કે તેઓ મદદ કરતા નથી. આવા આવડત વગરના નાલાયક માણસ (ઍન્જિનિયર)ને મ્યુનિસિપાલિટી પર ઠોકી બેસાડ્યો છે અને તમે સહકારની વાત કરો છો?'

**રિલીફ રોડ**

એ વખતે અમદાવાદનો મુખ્ય એક જ માર્ગ 'રિચી રોડ' હતો, જે આજે ગાંધી રોડ તરીકે ઓળખાય છે. આ રોડ પર ટ્રાફિકનું ભારણ વધતાં તેને 'રિલીફ' એટલે કે રાહત આપવા બીજો રોડ બનાવવા સરદાર સાહેબે દરખાસ્ત કરી, જેમાંથી આજનો રિલીફ રોડ (તિલક માર્ગ) બન્યો. એ રોડના નામ પર આધારિત ઘણાં વર્ષો પછી આ રોડ પર રિલીફ સિનેમા બન્યું. આ માર્ગ બનાવવા રસ્તામાં અનેક મકાનો, દેરાસરો, મંદિરો અને મસ્જિદો આવતાં હતાં. પ્રજાનો ઉગ્ર વિરોધ થયો, પરંતુ ઊભા રસ્તામાં આવતાં તમામ ધાર્મિક સ્થળોને






ખસેડીને હિંમતપૂર્વક સરદાર સાહેબે રિલીફ રોડ બનાવી દીધો. રિલીફ રોડની પહોળાઈ સો ફૂટ રાખવાની દીર્ઘદૃષ્ટિ પણ સરદાર સાહેબની જ હતી. **આજનો રિલીફ રોડ વાસ્તવમાં સરદાર સાહેબની જ ભેટ છે.**


એ દિવસોમાં અમદાવાદ શહેરમાં પાણીની ભારે તંગી હતી. પાણીનો પ્રશ્ન હલ કરવા શહેરના અગ્રણીઓ સર રમણલાલ મહિમતરામ નીલકંઠ, દીવાન બહાદુર હરિભાઈ દેસાઈ, સરદાર પટેલ, ગણેશ વાસુદેવ માવળંકર એ વખતના મ્યુનિસિપલ કમિશનર અંગ્રેજ અધિકારી પ્રાટને મળ્યા. એ વખતે ઢાળની પોળમાં પાણી પહોંચતું નહોતું. બીજે દિવસે સ્થળ પર જ બધાએ મળવું તેમ નક્કી થયું. મ્યુનિસિપલ કમિશનર માટે મ્યુનિસિપલ ઍન્જિનિયર મકાસે (અંગ્રેજ)ને પણ હાજર રાખ્યો. લોકો પણ ભેગા થઈ ગયા. મ્યુનિ. કમિશનરે લોકોને ખખડાવ્યા, **'તમારે મ્યુનિસિપલ ઍન્જિનિયર મકાસેને સહકાર આપી મદદ કરવી જોઈએ.'**

'મ્યુનિસિપાલિટી ઍન્જિનિયર મકાસે સાહેબને સહકાર આપતી નથી.' આ વાત સાંભળતા જ સરદાર સાહેબ ગરજ્યા, 'તમે કાંઈ કામગીરી કરતા નથી ને લોકોને કહો છો કે તેઓ મદદ કરતા નથી. આવા આવડત વગરના નાલાયક માણસ (ઍન્જિનિયર)ને મ્યુનિસિપાલિટી પર ઠોકી બેસાડ્યો છે અને તમે સહકારની વાત કરો છો? અમારા ઘરમાં આગ લગાડવાની વાત શા માટે કરો છો? ચાલો ભાઈઓ, **તમારી બાજુમાં ઊભો છે તે ઍન્જિનિયર મકાસનો જ બંગલો બાળો. બધી મુશ્કેલીઓ ત્યાંથી જ ઊભી થઈ છે.'**

સરદારની વાણી સાંભળી મ્યુનિસિપલ કમિશનર પ્રાટ સ્તબ્ધ થઈ ગયા. મ્યુનિ. કમિશનર વાત ટૂંકાવી જતા રહ્યા. સરદારની કડક ભાષા સામે બેઉ અંગ્રેજ અમલદારો કાંઈ જ બોલી શક્યા નહીં. મકાસે તો ભાગી જ ગયો. આ ઘટનાના આઠ દિવસ બાદ મ્યુનિસિપલ ઍન્જિનિયર મકાસે રાજીનામું આપી ભાગી ગયો. એ પછી તે કદીયે અમદાવાદ આવ્યો નહીં. ત્યાર બાદ અંગ્રેજોની હકૂમત હોવા છતાં અમદાવાદમાં મ્યુનિસિપલ ઈજનેર તરીકે ભારતીયોની જ નિમણૂક થવા લાગી અને **અમદાવાદ શહેરમાં પાણીનો પ્રશ્ન ધીમે ધીમે હલ થતો ગયો.**

આજે સ્વતંત્ર ભારતના કેટલાક ડફોળ નેતાઓ મ્યુનિસિપલ કમિશનર કે અધિકારીને 'સાહેબ' કહીને હાથ જોડે છે ત્યારે આઝાદી પહેલાં **સરદાર સાહેબે અંગ્રેજ અધિકારીઓને 'નાલાયક' કહેવાની હિંમત કરી રાજીનામું આપી દેવાની ફરજ પાડી હતી.** ■







મણિલાલ એમ. પટેલ

# અખંડ ને એક ભારતનું પડકારજનક કાર્ય

સરદાર વલ્લભભાઈ પટેલનું જીવંત સ્મારક જોવું હોય તો કાશ્મીરથી કન્યાકુમારી સુધીનો ભારતનો નકશો તેમનું જીવંત સ્મારક છે. અંગ્રેજો ભારતને છિન્નભિન્ન કરીને વિદાય થયા. ભારત-પાકિસ્તાનનું વિભાજન, હિન્દુ-મુસ્લિમ-શીખ કોમી દાવાનળ, ૫૬૫થી વધુ સ્વતંત્ર નાનાં-મોટાં દેશી રાજ્યો, આ બધાં વચ્ચે અખંડ અને ઐક્ય ભારતનું સર્જન - નવસર્જન કાર્ય એક મોટો પડકાર હતો. ૭૧ વર્ષની વયે, સાવ કથળી ગયેલું સ્વાસ્થ્ય, સીમિત સુરક્ષાદળો, અંગ્રેજોએ ભાંગી નાખેલું આર્થિક કંગાળ ભારત... એવી સ્થિતિમાં **સરદારે ૫૦ દિવસમાં અખંડ ભારતનું સર્જન કર્યું એ કોઈ જાદુઈ કળાથી ઓછું કામ ન હતું.**

૫૬૫ દેશી રાજ્યોનાં રજવાડાંની જ્ઞાતિ, ધર્મ, ભાષા, વિસ્તાર અને આર્થિક સ્થિતિમાં ભારે વિવિધતા હતી. એમાં ઘણાં રાજ્યો તો ભારત-પાકિસ્તાનથી અલગ રહીને સ્વતંત્ર દેશ રચવાનો મનસૂબો પણ સેવતાં હતાં. ગાંધીજીની નજર સરદાર પર હતી. આ કામ તો 'તમે જ' કરી શકો છો. સ્વર્ગમાંથી ગંગા ઉતારવા જેવું આ એક ભગીરથ કાર્ય કર્યું. અંગ્રેજોએ માથા વિનાનો ૯ કાણાંવાળો ઘડો ભારતને આપ્યો. **સરદાર નામના શિલ્પીએ નકશીકામ કરીને તેને અખંડ ને એક બનાવ્યો.**

સરદાર ન હોત તો કેવું ભારત હોત? કાશ્મીર, જૂનાગઢ કે હૈદરાબાદ જવા પણ આપણે પાસપોર્ટ-વિઝા લેવા પડતા હોત. સરદાર સમજથી કામ શરૂ કરે છે. રાજવીઓને સરદાર કહે છે કે, આપણને પ્રજા તરીકે કોઈ વિખૂટા પાડી શકે તેમ નથી. તેથી પરદેશી તરીકે સંધિ કરીએ તેના કરતાં મિત્રો તરીકે સાથે બેસીને જરૂરી કાયદા ઘડીએ તે વધારે સારું થશે. હું મારા મિત્રો દેશી રાજ્યોના રાજવીઓને અને લોકોને આવા મૈત્રીભાવપૂર્વક બંધારણસભામાં જોડાઈ જવાનું આમંત્રણ આપું છું. સહકાર ન આપવાનું પરિણામ અંધાધૂંધી ને અવ્યવસ્થા હશે અને **આપણે સાથે મળીને કામ નહીં કરીએ તો બધાને નુકસાન થશે.**

> **અંગ્રેજોએ માથા વિનાનો ૯ કાણાંવાળો ઘડો ભારતને આપ્યો, સરદાર નામના શિલ્પીએ નકશીકામ કરીને તેને અખંડ ને એક બનાવ્યો, સરદારે નીલકંઠ બનીને વિષના કટોરા પીને એક કુશળ આર્કિટેક્ટની પેઠે દેશની એકતા, અખંડતા ને સાર્વભૌમિકતાનું ભગીરથ કાર્ય કર્યું હતું**

મોટા ભાગના રાજવીઓ પ્રજાવત્સલ રાજવીઓ હતા. જૂનાગઢના નવાબને પાકિસ્તાન ભાગી જવું પડ્યું. હૈદરાબાદમાં લશ્કરી કાર્યવાહી કરી. કાશ્મીરના મહારાજાને સંધિ પર સહી કરાવી પછી પાકિસ્તાની કબાઈલીઓના હુમલાથી બચાવ્યું. સરદારે એક રાતમાં સેંકડો વિમાનો એકત્ર કરીને કાશ્મીર બચાવ્યું. **ભારતના મુગટ કે માથા સમા કાશ્મીરનો જે ભાગ આજે આપણી પાસે બચ્યો છે તે સરદારની દેન છે.**


ઓછામાં ઓછા બળનો ઉપયોગ કરીને પોતાની કુશાગ્ર બુદ્ધિ ને મુત્સદ્દીગીરીથી દેશની એકતાનું ઑપરેશન સરદારે પૂરું પાડ્યું. ભાગલાની વાત ગાંધીજીના ગળે માત્ર સરદાર જ ઉતારી શકે. સરદારે ગાંધીજીને કહ્યું કે આપણે વિભાજન સ્વીકારવું છે કે આઝાદી પછી આંતરિક વિગ્રહ? બે વચ્ચેની પસંદગી કરવાની છે. આઝાદી પછી આપણે આપણા જ ભાઈઓ ને દેશવાસીઓ પર હિંસા રોકવા પગલાં લેવાં પડશે તે આપણે સહન કરી શકીશું? આમ કુનેહપૂર્વક બાપુને ગળે સરદારે ભાગલાની વાત ઉતારીને **આઝાદ ભારતને મોટા આંતરિક કોમી તોફાનોના આંતરવિગ્રહથી બચાવ્યું તે નાનીસૂની ઘટના નથી.**



સરદારે ખૂબ ઉદારતાપૂર્વક વિલીનીકરણ કર્યું છે. રાજવીઓને છેતર્યા કે લૂંટ્યા નથી. ૭૭ કરોડ મેળવવાની સામે ૫.૮૦ કરોડ રૂપિયાનું સાલિયાણું પણ બંધારણીય જોગવાઈ કરીને આપ્યું. વારસોને પણ સાલિયાણાનો હક આપ્યો. પેન્શન કરમુક્ત કર્યું. **અંગત મિલકતો-બંગલા ન લીધાં. ગાદીવારસના હક આપ્યા.**

આમ રાજવીઓને લાગણીના તંતુએ બાંધીને દેશને એક મોટું સરોવર બનાવ્યું. વેરવૃત્તિ વિના વીરવૃત્તિથી કામ પાર પાડ્યું. તેમણે રાજાઓને કહ્યું કે, રાજતંત્ર આપ્યા વિના છૂટકો નથી - **અત્યારે નહીં આપો તો લોકો કાઢી મૂકશે પછી દિલ્હી આવશો તો હું નહીં સાંભળું.**

દેશની એકતા માત્ર રાજ્યોના સીમાડા જોડવાથી થવાની નથી તે સરદાર સારી પેઠે જાણતા ને સમજતા હતા. એટલે ગરીબી, કુરિવાજો, અસ્પૃશ્યતા, કોમી તણાવ, અનારોગ્ય, નિરક્ષરતા, ખેડૂતોની ખરાબ સ્થિતિ, ભાંગેલાં ગામડાં ને ગ્રામોદ્યોગ, વ્યસનો જેવા પડકારો સામે આઝાદી પહેલાં અને પછીના પોતાના પોતાના ચારેક વર્ષના ટૂંકા જીવનગાળામાં કથળેલા સ્વાસ્થ્ય સાથે દેશને જાગ્રત ને સજ્જ કરવા પ્રયાસો કર્યા. આ કામ ભારે કઠિન ને કપરું હતું. **સરદારે નીલકંઠ બનીને વિષના કટોરા પીને એક કુશળ આર્કિટેક્ટની પેઠે દેશની એકતા, અખંડતા ને સાર્વભૌમિકતાનું ભગીરથ કાર્ય કર્યું હતું.** ■





# 'મારા નામનો ક્યાંય ઉલ્લેખ કરશો નહીં, મારા નામે કોઈ કમાણી કરશો નહીં!'



ગાંધી-સરદારનો યુગ હવે સમાપ્ત થઈ ગયો છે. ગાંધીજીની સાદગી, પોતડી, રેંટિયો, સત્ય અને સાચુકલા ઉપવાસે હવે વિદાય લીધી છે. સરદાર સાહેબના બરછટ ખાદીના ઈસ્ત્રી વગરના ઝભ્ભા, અકિંચનપણું અને પોતાની પાસે જે કાંઈ હતું તે રાષ્ટ્રને અર્પણ કરવાની વૃત્તિએ હવે વિદાય લીધી છે. લોકો આજે પૈસા બનાવવા રાજકારણમાં આવે છે. જ્યારે સરદાર સાહેબ તો ૧૯૧૩થી ૧૯૧૭નાં વર્ષોમાં વકીલાત દ્વારા મહિને રૂ. ૪૦ હજારની આવક ધરાવતા હતા અને ૧૯૫૦માં તેમનું અવસાન થયું તે વખતે તેઓ નાયબ વડા પ્રધાન હોવા છતાં તેમનું બૅન્ક બૅલેન્સ માત્ર રૂ. ૨૧૬ હતું.

**એક જ ટેલિફોન**

દેશના નાયબ વડા પ્રધાન હોવા છતાં સરદાર સાહેબનું જીવન કેટલું સાદગીપૂર્ણ હતું તે જાણવા જેવું છે. નાયબ વડા પ્રધાન તરીકે સરદાર સાહેબને મળેલા મકાનમાં એક જ ટેલિફોન હતો, જેનો નંબર ૪૦૪૦૭ હતો. એ ફોન સરકારી કામકાજ સિવાય કોંગ્રેસ પક્ષ કે પોતાના અંગત કામ માટે વપરાતો ત્યારે સરદાર સાહેબ એ વધારાના ફોનના નાણાં પોતે ચૂકવી દેતા. સરદાર સાહેબને મળેલી કારનો ઉપયોગ માત્ર સરકારી કામકાજ માટે જ કરાતો. સરદાર સાહેબ સરકારી કામકાજ માટે બહાર જાય ત્યારે કોઈ ટી.એ. બિલ મૂકતા નહોતા. જે પત્રો સરકારી કામકાજ માટે લખતા તેની ટપાલ ટિકિટ જ સરકારના ખાતામાંથી લેવાતી હતી. જ્યારે અંગત પત્રો પર ટિકિટ લગાડવાના પૈસા સરદાર સાહેબ પોતાના ખિસ્સામાંથી ચૂકવી દેતા. સરદાર સાહેબે તેમના પુત્ર ડાહ્યાભાઈનાં લગ્નમાં માત્ર ૧૨ રૂપિયા ખર્ચ્યા હતા.


> **સરદાર સાહેબ ૧૯૧૩થી ૧૯૧૭નાં વર્ષોમાં વકીલાત દ્વારા મહિને રૂ. ૪૦ હજારની આવક ધરાવતા હતા અને ૧૯૫૦માં તેમનું અવસાન થયું તે વખતે તેઓ નાયબ વડા પ્રધાન હોવા છતાં તેમનું બૅન્ક બૅલેન્સ માત્ર રૂ. ૨૧૬ હતું**

**પુત્રને શિખામણ**

એક વાર સરદાર સાહેબના પુત્ર ડાહ્યાભાઈ સરદાર સાહેબને મળવા દિલ્હી ગયા ત્યારે સરદાર સાહેબે તેમના પુત્ર ડાહ્યાભાઈને કહી દીધું હતું કે, 'અહીં તમને ભાતભાતના લોકો મળશે. રોટલો ખાવા ના મળે તો મારી પાસે આવજો, પણ મારા નામનો ઉપયોગ ક્યાંય પણ કરશો નહીં કે મારા નામે કોઈ કમાણી કરશો નહીં. એ જ રીતે કોઈનીયે લાગવગ કરવા મારી પાસે આવશો નહીં. હું દિલ્હીમાં છું ત્યાં સુધી દિલ્હીથી બે માઈલ દૂર રહેજો.'

**ગરીબની દીકરી**

સરદાર સાહેબ રેંટિયો કાંતે તેમાંથી સરદાર સાહેબની કફની બને. એ ફાટી જાય એટલે મણિબહેન તેમાંથી પોતાનાં કપડાં બનાવે અને આ બધી ત્યારની વાતો, જ્યારે સરદાર સાહેબ આ દેશના નાયબ વડા પ્રધાન હતા. આવા કોઈ સરદાર છે આ દેશમાં? સરદાર સાહેબ જેવા નેતા આ દેશને કદી નહીં મળે. સાદગીના પ્રતીક એવા સરદાર સાહેબની જન્મથી મૃત્યુ સુધીની દુર્લભ તસવીરો, તેમનાં વસ્ત્રો, તેમનાં ચપ્પલ, પૅન તેમજ પ્રિય ગીતા અને તેમનાં પ્રિય પુસ્તકો જોવા હોય તો અમદાવાદમાં શાહીબાગ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારકની મુલાકાત લેવી જોઈએ અને બાળકોને પણ ત્યાં લઈ જવા જોઈએ. આ સંસ્થાના અધ્યક્ષ તરીકે પૂર્વ કેન્દ્રીય મંત્રી દિનશા પટેલે ફરીથી સરદાર સાહેબની યાદોને જીવંત રાખવા આ સ્મારકને અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ કરી દીધું છે. હવે માત્ર એક બટન દબાવવાથી સરદાર સાહેબના જીવન, પરિવાર અને કાર્યોની માહિતી ઉપલબ્ધ થઈ શકે છે. ટૂંક સમયમાં સરદાર સ્મારકમાં વર્લ્ડ ક્લાસ અદ્યતન લાઈટ અને સાઉન્ડ શો પ્રેક્ષણીય છે. ■



# પ્લેગ વખતે વલ્લભભાઈએ અમદાવાદ છોડવા ઇનકાર કર્યો



**શહેરમાં પ્લેગના ઉપદ્રવ સમયે વલ્લભભાઈ શેરીઓમાં ફરવા લાગ્યા. સ્વચ્છતા જાળવવા ગટરો સાફ કરાવવા લાગ્યા. પ્લેગવાળા વિસ્તારોમાં જંતુનાશક દવાઓ છંટાવવા લાગ્યા. મિત્રો દલીલ કરે તો તેઓ ટગરટગર તેમની સામે જોઈ રહેતા. તેમના શબ્દો કરતાં મૌન વધુ બોલકું હતું.**

વલ્લભભાઈની જિંદગીમાં મહત્ત્વનું ગણાય એવું ૧૯૧૭નું વર્ષ પૂરું થયું. એ સમયગાળામાં અમદાવાદમાં પ્લેગ ફાટી નીકળ્યો. શાળાઓ અને કચેરીઓ બંધ કરી દેવામાં આવી હતી. સંખ્યાબંધ લોકો અમદાવાદ છોડીને બહાર ચાલ્યા ગયા, પણ વલ્લભભાઈ ભદ્ર વિસ્તારમાં પોતાના મકાનમાં જ રહ્યા. કેટલાકે તેમને તેમનો જીવ બચાવવા અમદાવાદ છોડી જવા સલાહ આપી, પરંતુ **વલ્લભભાઈએ અમદાવાદ છોડી અન્યત્ર ચાલ્યા જવા ઈનકાર કર્યો.**

શહેરમાં પ્લેગના ઉપદ્રવ સમયે વલ્લભભાઈ શેરીઓમાં ફરવા લાગ્યા. સ્વચ્છતા જાળવવા ગટરો સાફ કરાવવા લાગ્યા. પ્લેગવાળા વિસ્તારોમાં જંતુનાશક દવાઓ છંટાવવા લાગ્યા. મિત્રો દલીલ કરે તો તેઓ ટગરટગર તેમની સામે જોઈ રહેતા. તેમના શબ્દો કરતાં મૌન વધુ બોલકું હતું. કોઈ વધુ દલીલ કરે તો કહેતા, 'મેં સફાઈ કમિટીનું અધ્યક્ષપદ સ્વીકાર્યું છે તો હવે હું મારી જવાબદારીમાંથી કેવી રીતે છટકી શકું? મારી ફરજ છોડીને ભાગવું એ તો જનતા પ્રત્યે દ્રોહ છે. **મારા હાથ નીચેના નેતાઓ પ્લેગનું જોખમ ઉઠાવે છે તો હું કેવી રીતે જીવ બચાવવા ભાગું?'**

એ વખતે અમદાવાદનો પ્લેગ ખેડા જિલ્લામાં પણ ફેલાયો હતો અને **૧૯૧૬-૧૭માં પ્લેગથી અઢાર હજાર લોકોનાં મૃત્યુ નીપજ્યાં હતાં.**


અંગ્રેજ સરકારને અરજીઓ કરવી કે બોમ્બ ફેંકવા તે કરતાં વલ્લભભાઈને **ગાંધીજીનો સત્યાગ્રહ વધુ પરિણામલક્ષી અને મોભાસરનો લાગતો હતો, પણ વલ્લભભાઈએ ઉતાવળે નિર્ણય કર્યો નહીં.**

વલ્લભભાઈએ સેવા આપવાનું નક્કી કર્યું. તે વાત જાણી ગાંધીજી અત્યંત રાજી થયા. વલ્લભભાઈ ગાંધીજીની સેનામાં જોડાઈ ગયા અને સાત-આઠ મહિના માટે ખેડા ગયા. ૧૯૩૮માં તેમણે કહ્યું હતું, 'હું જ્યારે ગાંધીજી સાથે જોડાયો ત્યારે લાકડાં સળગાવીને મારું કુટુંબ, મારી વકીલાત, મારી પ્રતિષ્ઠા અને મારું સર્વસ્વ એમાં હોમી દીધું. **આ બધામાંથી રાખ સિવાય બીજું કાંઈ બચશે કે કેમ તેની મને ખબર નહોતી.'**

વલ્લભભાઈએ તા. ૯ જાન્યુઆરી, ૧૯૧૮ના રોજ આ નિર્ણય કર્યો. વલ્લભભાઈએ પોતે અંગત સુખ માટે વિદેશ કે દેશ માટે વિવશ તેવા દરેક **માણસની સામે ઊભા થતા બે વિકલ્પમાંથી તેમણે રાષ્ટ્રની સેવાનો માર્ગ પસંદ કર્યો.**

ખેડા જિલ્લાની ખરાબ પરિસ્થિતિના સંદર્ભમાં ખેડૂતોનું મહેસૂલ માફ કરવાની માગણી જોર પકડતી હતી. મહેસૂલ નહીં ભરનાર ખેડૂતોને દંડ કરવા મિલકતો જપ્ત કરવા અને તેનો અમલ ના કરાવનાર તલાટીઓને પણ શિક્ષાને પાત્ર ગણવા સરકારે હુકમ કર્યો હતો. **આ જોહુકમી સામે સભાઓ થઈ. નડિયાદમાંથી તે પ્રથા શરૂ થઈ તેમાં ભાગ્યે જ ફેરફાર થતો.**

તા. ૩૦મી માર્ચની સભામાં વલ્લભભાઈ બોલ્યા. આ સભા નડિયાદમાં હતી. ખેડા જિલ્લાના ખેડૂતો મોટી સંખ્યામાં હાજર હતા. નડિયાદ તો વલ્લભભાઈનું પોતાનું ગણાય. તેમનો જન્મ નડિયાદમાં થયો હતો. મેટ્રિક સુધી ભણવા તેઓ છ વર્ષ સુધી નડિયાદમાં રહ્યા હતા. પ્લીડરની પરીક્ષાની તૈયારી પણ તેમણે નડિયાદમાં જ કરી હતી. પોતાના જ વિસ્તારના લોકો સમક્ષ બોલવાનો આ પહેલો પ્રસંગ હતો. સરકાર સામે લડવાની ઉત્તેજના પણ હતી. છ ગામના લોકોને પણ પોતાના વલ્લભભાઈ - બૅરિસ્ટર વલ્લભભાઈના પરિવર્તનમાં રસ હતો. રૂઆબદાર કોટ-પાટલૂન છોડીને દેશી પોશાક પહેરવા માંડેલા વલ્લભભાઈ કોર્ટ-કચેરી છોડીને શું કરી રહ્યા છે તે જોવાની ઉત્સુકતા પણ હતી. સભાને સંબોધતા તેમણે કહ્યું, 'આ લડતના તણખાથી આખા દેશમાં આગ લાગવાની છે. મુશ્કેલીઓ અને ત્રાસ વેઠ્યા વિના સુખ મળતું નથી. આ લડતની પ્રેરણા આપનાર ગાંધીજી બાયલાઓને પણ બહાદુર બનાવવા સમર્થ છે. **હિન્દુસ્તાનમાં ખેડા જિલ્લો બહાદુરોની ભૂમિ છે.'** ■



 પ્રકાશ ન. શાહ

# ગાંધી, નેહરુ અને સરદાર



**સરદારના ટીકાકાર એવા સમાજવાદીઓ સુધ્ધાંએ જવાહરને બદલે સરદાર વડા પ્રધાન હોત તો રૂડું થાત એવું પછીથી કહ્યું છે. બંને પ્રધાનમંડળમાં સાથે રહે તે ગાંધીની અંતિમ ઇચ્છા તો જગજાહેર છે**

ગાંધી, જવાહર અને સરદાર એ તો આપણી સ્વરાજત્રિપુટી છે અને વિશ્લેષણની દૃષ્ટિએ ત્રણેને અલગ અલગ પાડીને મૂલવીએ તોય સમજરૂપે સમજાઈ રહેતી વાત તો એ છે કે સરદાર અને જવાહર બેઉ એકબાજુએ હોય તેમજ ગાંધી બીજી બાજુએ હોય એવું યે બન્યું છે. આ ત્રણને છૂટા પાડીને વિચાર્યું વિચારાતું નથી. ભાગલાનો સ્વીકાર આ વાસ્તવવાદી રાજપુરુષને અનિવાર્ય લાગ્યો હતો અને એ મુદ્દે જવાહર સાથે એકમત થઈને લોહપુરુષને શોભે તેમ બાકી લાગણીઓ કચડીને કે વેદના પી જઈને તેમણે એક તબક્કે ગાંધીજીને પણ બાજુએ મૂક્યા હતા. તેમ છતાં નિર્ણયની ઘડીએ બધા ઘૂંટડા ગળીને **ગાંધીજીએ જ કોંગ્રેસ કારોબારીને જવાહર અને સરદાર સાથે સંમત થવા અનુરોધ કરવામાં ધર્મ જોયો હતો.**

સરદારના ટીકાકાર એવા સમાજવાદીઓ સુધ્ધાંએ જવાહરને બદલે સરદાર વડા પ્રધાન હોત તો રૂડું થાત એવું પછીથી કહ્યું છે. બંને પ્રધાનમંડળમાં સાથે રહે તે ગાંધીની અંતિમ ઇચ્છા તો જગજાહેર છે. સરદાર અને જવાહર બંનેએ તે ઇચ્છાને ગાંધીજીના ગયા પછી પણ વૈચારિક ને ઊર્મિગત ચડઊતર છતાં સળંગ માન આપ્યું છે. એ અર્થમાં **આ સ્વરાજ ત્રિપુટી કદાપિ છૂટી પડી નથી અને એણે એનું મતભેદો છુપાવ્યા વગર દેશહિતમાં સાથે રહેવામાં જોયું છે.**


ગાંધીજીએ સરદારના નિંદકોને જણાવ્યું કે પંડિત નેહરુ તથા મારા પર વણમાગી પ્રશંસાનો વરસાદ વરસાવવામાં તમે ખોટા છો એટલા જ સરદારને જુદા પાડવામાં અને તેમને હોળીનું નાળિયેર બનાવવામાં તમે ખોટા છો. એવી પ્રશંસાનો મને કે પંડિત નેહરુને કશો ખપ નથી. હું સરદારને ઓળખું છું. સરદારની તીખી જીભ અને તેમનું આખાબોલાપણું કેટલીક વાર આશય વિના ઘા કરી બેસે છે, પરંતુ તેમને ઓળખનારાઓ પછી તરત જ એ કારણે તેમને વધારે ચાહતા થાય છે. હિન્દુ-મુસ્લિમ એકતાના સવાલની બાબતમાં સરદારનું વલણ તથા તેમની કામ કરવાની રીત મારા તથા પંડિત નેહરુથી જુદાં છે, પરંતુ **તેમને મુસ્લિમ વિરોધી કહેવા એ સત્યની વિડંબના જ છે. સરદારનું દિલ સૌને સંઘરવા જેટલું વિશાળ છે.**

ગાંધી-જવાહર-સરદારની સ્વરાજ ત્રિપુટીએ કરીને જ તો સરવાળે એવી શરૂઆત શક્ય બની કે સરકારમાં શ્યામાપ્રસાદ મુખરજી ને ભીમરાવ આંબેડકર પણ હોઈ શકે. સ્વરાજની ચળવળના મધ્યપ્રવાહમાં નહીં એવી **પ્રતિભાઓને પણ લોકશાહી રાષ્ટ્રનિર્માણમાં જોતરવી એવો વ્યાપક પ્રજાકીય અભિગમ એમનો હતો.**

આરઝી હકૂમતની પ્રજાકીય પહેલથી અને ભારતમાં રહી શક્યું તેને પગલે પ્રભાસ પાટણમાં સોમનાથના નિર્માણનો સહજ સંકલ્પ આવી પડ્યો. ભગ્ન મંદિર-મસ્જિદની કોઈ વિવાદી જગ્યાએ નહીં, પણ સ્વતંત્રપણે મંદિરનિર્માણની વાત એ હતી અને ભારત સરકારના પ્રધાનમંડળે તેના પર મંજૂરીની મહોર પણ મારી. વારંવાર ધ્વસ્ત થતા રહેલા મંદિરના નવનિર્માણ સાથે જો રાષ્ટ્રીય પરંપરાનો એક ખ્યાલ જોડાયેલો હતો, તો એક નવસ્વાતંત્ર્યપ્રાપ્ત મુલક બિનસાંપ્રદાયિક પ્રજાસત્તા તરીકે તે દિશામાં કેટલો સહી શકે તેવો પ્રશ્નાર્થ પણ સંકળાયેલો હતો. ગાંધીજી સાથેની વાતચીત પછી સરદારે જાહેર કર્યું કે જે પણ થશે તે સ્વૈચ્છિક લોકફાળાથી થશે. એક બિનસરકારી ટ્રસ્ટ હસ્તક થશે અને સરકારની એક પાઈ પણ નહીં વાપરવામાં આવે. **જરૂર આ નિર્માણસંકલ્પમાં પરંપરા સાથેનું એક સંધાન અને સમાધાન હતું.**

ડિસેમ્બર-૧૯૪૮માં જયપુર કોંગ્રેસમાં એમણે મંચ પરથી આગ્રહપૂર્વક એ મુદ્દો ઘૂંટ્યો હતો કે આપણે એક બિનસાંપ્રદાયિક મુલક છીએ. બંધારણસભાની કામગીરી તે પછીના ગાળામાં **જ્યારે પૂર્ણાહુતિ તરફ જઈ રહી હતી તો સરદારના શબ્દો હતા:**

'ઇતિહાસની દિશાને પરિવર્તિત કરવા સારું મને સૌ લઘુમતીઓની સંમતિ જોઈએ છે... જેઓ મુસ્લિમ વતન હાંસલ કર્યાનું ગૌરવ લે છે તે કૃપા કરીને ન ભૂલે કે દેશના રાંકબાપડા ગરીબ મુસ્લિમને કેટલું વેઠવું પડ્યું છે... હજુ પણ કોઈ દ્વિરાષ્ટ્રવાદમાં માનતું હોય તો એને આદરપૂર્વક અપીલ કરું છું કે તમે રવાના થઈ જાવ અને અમને શાંતિથી રહેવા દો.' **આપણે એક સાચી બિનસાંપ્રદાયિક લોકશાહી પર ઊભેલા રાજ્યનો પાયો નાખી રહ્યા છીએ, જેમાં સૌને સમાન તક હોવાની છે.** ■





મણિલાલ એમ. પટેલ

# સરદાર અને સોમનાથ



સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ ભારતીય સંસ્કૃતિની ગરિમા જાળવવાનું એક અનુષ્ઠાન યા સાધના સમું કાર્ય હતું. આ વાત સરદાર સારી પેઠે સમજતા હતા. આથી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીખતમાં મંદિરના પુનઃનિર્માણનો ઉદ્દેશ દર્શાવાયો હતો. સાથે સાથે સરદારની સંમતિ ને સમર્થનથી ભાલકા તીર્થ - શ્રીકૃષ્ણ દેહોત્સર્ગ સ્થાનને પણ તીર્થસ્થાન તરીકે વિકસાવવાનો ઉદ્દેશ ટ્રસ્ટીખતમાં મૂકવામાં આવ્યો હતો. એ જ રીતે ભાષાસંસ્કૃતિના વિકાસ માટે **સોમનાથ સંસ્કૃત વિશ્વ વિદ્યાલય સ્થાપવાનો નિર્ણય પણ તેમણે ટ્રસ્ટીખતમાં મૂક્યો હતો. સરદારના આ ત્રણેય સંકલ્પો પૂરા થયા છે.**

સોમનાથ મંદિર સરદારે ભારતને આપેલો અમૂલ્ય સાંસ્કૃતિક વારસો છે. કનૈયાલાલ મુનશીએ કહ્યું હતું કે અગર સરદાર વલ્લભભાઈ આપણી વચ્ચે ન હોત તો **આપણી આંખોને સોમનાથનું પુનઃનિર્માણ જોવાનું સદ્‌ભાગ્ય ન મળત.**

> **સદીઓથી ભારતના ગૌરવસમા મંદિરને જર્જરિત ને ખંડિત દશામાં જોઈને સરદારનું દિલ દ્રવી ઊઠ્યું અને સમુદ્રતટે હાથમાં જળ લઈને સંકલ્પ કર્યો કે તેઓ સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ કરશે**

૯મી નવેમ્બર, ૧૯૪૭ના રોજ જૂનાગઢનું ભારતમાં વિલીનીકરણ કરાવ્યું તેના ચાર દિવસ પછી સરદાર જૂનાગઢ આવ્યા હતા અને ત્યાંથી પ્રભાસ પાટણ પહોંચ્યા હતા અને સોમનાથ મંદિર ગયા હતા. તેમની સાથે કેન્દ્રીય મંત્રી કાકાસાહેબ ગાડગીલ ને પ્રખ્યાત લેખક કનૈયાલાલ મુનશી પણ હતા. સદીઓથી ભારતના ગૌરવસમા મંદિરને જર્જરિત ને ખંડિત દશામાં જોઈને સરદારનું દિલ દ્રવી ઊઠ્યું અને **સમુદ્રતટે હાથમાં જળ લઈને સંકલ્પ કર્યો કે તેઓ સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ કરશે.**


સંકલ્પ બાદ યોજાયેલ સભામાં સરદારે કહ્યું કે નવા વર્ષના શુભદિવસે આપણે સોમનાથના પુનઃનિર્માણનો નિર્ધાર કરીએ છીએ. આ કામ આપણે લોકોએ જ કરી છૂટવાનું છે. **આ પવિત્ર કાર્ય છે અને એમાં આપણે સૌએ ભાગ લેવાનો છે.**

આ કામ સરકારે નહીં, પ્રજાએ કરવાનું છે. તે બાબતમાં સરદાર સ્પષ્ટ હતા. ને તે માટે સરકારી નાણાં નહીં, પણ પ્રજાકીય નાણાંના ટ્રસ્ટ થકી પુનઃનિર્માણનો નિર્ણય સરદારે કર્યો તે બહુ મહત્ત્વની ઘટના છે. **જામસાહેબે રૂપિયા એક લાખ અને આરઝી હકૂમત વતી શામળદાસ ગાંધીએ રૂપિયા ૫૧ હજાર આપવાની સૌપ્રથમ જાહેરાત પણ કરી.**

આમ છ વાર ખંડિત થયેલા સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ કરીને સરદાર અખંડ ભારતના શિલ્પીની પેઠે સોમનાથ મંદિરના પણ શિલ્પી બન્યા. સોમનાથની પુનઃપ્રતિષ્ઠા પ્રસંગે **સરદારને સોમનાથના વર્તમાન બ્રહ્મા સમાન કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય.**

આપણા પ્રથમ રાષ્ટ્રપતિ અને સરદારના સાથી રાજેન્દ્રબાબુએ ૧૧ મે, ૧૯૫૧ના રોજ પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે કહ્યું હતું કે નવનિર્માણના આ યજ્ઞનો આરંભ સરદાર વલ્લભભાઈ પટેલે કર્યો હતો. **ભારતની વેરવિખેર એકતાને ફરીથી એકસૂત્રમાં અખંડ બનાવવામાં એમનો નિર્ણાયક સહયોગ હતો.**

સરદારના વિચારોનું પ્રતિબિંબ પાડતા હોય તેમ રાજેન્દ્રબાબુએ કહ્યું હતું કે - હું માનું છું કે અન્ય ધર્માવલંબી પોતપોતાની રીતે ભગવાનની પૂજા કરી તેમને પ્રાપ્ત કરી શકે છે. હું સર્વ ધર્મોમાં પવિત્ર સ્થાનો પ્રત્યે કેવળ આદરભાવ રાખું છું એટલું જ નહીં, અવસર મળતાં એ આદરભાવ વ્યક્ત કરતાં પણ ખચકાતો નથી. ધાર્મિક જીવનનું સર્વોપરી સત્ય એ છે કે પ્રત્યેક વ્યક્તિને પ્રત્યેક જાતિને સંપૂર્ણ સ્વતંત્રતા ને સુવિધા મળવી જોઈએ કે જેથી એ પોતાની અનુભૂતિ અને **નૈસર્ગિક બુદ્ધિ પ્રમાણે પોતાના જીવનનો ચરમ ઉત્કર્ષ પ્રાપ્ત કરી શકે, એ જ સત્ય છે સંપૂર્ણ ધાર્મિક સહિષ્ણુતા.** ■





# સરદાર દેશની આઝાદી પછી માત્ર ત્રણ વર્ષ અને ચાર માસ જ જીવ્યા

દિલ્હીમાં સરદાર કામના અતિશય ભારણને કારણે આરામ કરી શકતા નહોતા. ડૉક્ટરે તેમને દવા માટે તેમજ આરામ માટે મુંબઈ જવા સલાહ આપી. તેમને ખ્યાલ આવી ગયો હતો કે હવે મોત નજીક છે. દિલ્હીથી રવાના થતાં પહેલાં **ઑફિસના અધિકારીઓને બોલાવી કામકાજ અંગે ચર્ચા કરી, સલાહ-સૂચનો કરેલાં, ઉપયોગી માર્ગદર્શન આપેલું.**

સરદાર સાહેબને વિદાય આપવા વડા પ્રધાન જવાહરલાલ નેહરુ અને રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ વિમાનઘરે આવ્યા હતા. સરદાર સાહેબને શુભેચ્છા સાથે ભાવભીની વિદાય આપી. તેઓએ એવી આશા રાખેલી કે સરદાર સાહેબ વહેલી તકે સાજા થઈને રાજધાની દિલ્હી અવશ્ય પાછા ફરશે. સરદાર સાહેબ છેલ્લે તેમની સાથે એટલું જ બોલેલા. એમ કહેવાય છે કે, 'મારા જવાથી જવાહરલાલને માથે ખૂબ બોજ વધી જશે.' તા. ૧૨-૧૨-૧૯૫૦ના રોજ તેમને મુંબઈ લાવવામાં આવ્યા. સરદારના શરીરમાં અશક્તિ ખૂબ વધી ગઈ હતી. આખરી દિવસોમાં સરદારને પોતાના મૃત્યુનો અણસાર આવી ગયો હતો. **અવારનવાર તેમના મોઢેથી આ પંક્તિઓ સાંભળવા મળતી:**

**'મંગલ મંદિર ખોલો દયામય**
**મારી નાડ તારે હાથ હરિ...**
**જીવનજળ જ્યારે સુકાઈ જાય...'**

સરદારે છેલ્લી અવસ્થામાં વીણા સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરી. મહાન **સંગીતકારોને બોલાવી વીણા દ્વારા સંગીત સંભળાવવામાં આવ્યું ગીતાપાઠ પણ ચાલુ હતો.**

તા. ૧૫-૧૨-૧૯૫૦ની સવારે ૯.૩૦ના સમયે ભારત માતાના વીર સપૂત સરદાર વલ્લભભાઈ પટેલ અંતિમ શ્વાસ લઈ કલ્યાણ માર્ગે સિધાવ્યા. મા ભારતનો એક તેજસ્વી દીપક નહીં, પણ એક દીર્ઘ ઝળહળતી દીપમાળા, ૨૭,૪૩૮ દિવસ પ્રકાશ રેલાવીને ઓલવાઈ ગઈ. **દિવસ ૨૭,૪૩૮, વર્ષ ૭૫, ૧ મહિનો અને ૧૫ દિવસ.**




તા. ૧૫-૧૨-૧૯૫૦ની સવારે ૯.૩૦ના સમયે ભારત માતાના વીર સપૂત સરદાર વલ્લભભાઈ પટેલ અંતિમ શ્વાસ લઈ કલ્યાણ માર્ગે સિધાવ્યા. મા ભારતનો એક તેજસ્વી દીપક નહીં, પણ એક દીર્ઘ ઝળહળતી દીપમાળા ૨૭,૪૩૮ દિવસ, ૭૫ વર્ષ, ૧ મહિનો અને ૧૫ દિવસ પ્રકાશ રેલાવીને ઓલવાઈ ગઈ

દેશની આઝાદી પછી સરદાર માત્ર ત્રણ વર્ષ અને ચાર માસ જીવ્યા. આ ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં સરદારની સૂઝબૂઝથી જે સિદ્ધ કરવામાં આવ્યું અને જે આપણને વારસારૂપે મળ્યું છે તે વિશે કોઈ પણ હિન્દી ગર્વ લઈ શકે તેમ છે - એક બંધારણના માળખામાં. દેશના સર્વ પ્રશ્નોની ચર્ચા માટેના સભાસ્થાન જેવી અને પુખ્ત મતાધિકારના ધોરણે ચૂંટાયેલી સંસદ હેઠળ એક એકમ તરીકે કામ કરતો દેશ, સમગ્ર દેશ માટે એક આર્થિક માળખું અને એક લશ્કરી તંત્ર. **ભારતની આ યશોજ્જવલ સિદ્ધિમાં સરદારનું વિરલ પ્રદાન ઉલ્લેખનીય અને સરાહનીય રહ્યું છે.**

સરદારના મૃત્યુ પછી 'માન્ચેસ્ટર ગાર્ડિયન' અખબારે લખ્યું હતું: 'પટેલ માત્ર સ્વાતંત્ર્ય સંગ્રામના તંત્રસંચાલક નહોતા, પરંતુ આઝાદીની લડત પૂરી થયે ભારત દેશનું જે નવું રાજતંત્ર અસ્તિત્વમાં આવ્યું તેના તેઓ નિર્માતા હતા. એક જ વ્યક્તિ ભાગ્યે જ સ્વાતંત્ર્ય સંગ્રામના નેતા અને રાજપુરુષ એ બંને સ્વરૂપમાં આટલા બધા સફળ નીવડે છે. **સરદાર પટેલ એ નિયમમાં એકમાત્ર અપવાદ હતા.'**

લૉર્ડ માઉન્ટબેટને આ વિચક્ષણ વિભૂતિનો અર્થસૂચક પરિચય પોતાની લાક્ષણિક શૈલીમાં કરાવ્યો છેઃ 'હું હિન્દ આવ્યો એ પહેલાં મને ચેતવણી આપવામાં આવી હતી કે હિન્દમાં એક સખાજોગી સરદાર વલ્લભભાઈ પટેલ સમી વ્યક્તિ સામે મારે ટક્કર ઝીલવી પડશે, પરંતુ અમે બંને મળ્યા ત્યારે હું એવા નિર્ણય પર આવ્યો કે ઉપરથી એ બહુ જ કઠણ, અડગ અને અણનમ લાગે છે અને મને લાગે છે એ એવા દેખાય છે, કારણ કે એ ખડતલ દેહમાં સ્નેહાળ હૃદય ધબકે છે એ વાત દુનિયાને જાણવા દેવા એ માગતા નથી. **હવે તો એમને મારા મહાન મિત્રોમાંના એક માનું છું.'**

સ્વાતંત્ર્ય સંગ્રામની ઈમારત તૈયાર કરનાર મહાત્માજી, સરદાર પટેલ અને જવાહરલાલ નેહરુ એમના વ્યક્તિત્વ નોખા હતા અને છતાં ત્રણેમાં ઘણું સામ્ય પણ હતું — ત્રણેયે દેશની સ્વતંત્રતા મેળવવાનો ભેખ લીધો હતો, જેલવાસ વેઠ્યો હતો, અંગત જીવનના સુખનો વિચાર સુધ્ધાં કર્યો નહોતો. ત્રણેય વિધુર હતા. મહાત્માજી વિધુર થયા એ પહેલાં ૪૦ વર્ષની વયે બ્રહ્મચર્યનું વ્રત લીધું, જવાહરલાલ વનપ્રવેશ સુધી આવ્યા ત્યારે વિધુર થયા અને સરદાર પટેલ માત્ર ૩૨ વર્ષની વયે વિધુર થયા. **ત્રણેયે તેમના પાર્થિવ શરીરનો ત્યાગ કરી ૭૫થી ૭૯ વર્ષની વયે કર્યો. ત્રણે વૃદ્ધાવસ્થાએ પહોંચ્યા ત્યારે સ્વરાજનો સૂર્ય જોઈ શક્યા.** ■





# અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલું સરદાર સ્મારક




**અમદાવાદમાં રચાયેલું આ રાષ્ટ્રીય સ્મારક સરકાર દ્વારા નહીં, પરંતુ પ્રજા દ્વારા ઊભું થયું છે. સ્મારક માટે જુદી જુદી સંસ્થાઓ પાસેથી અને લોકફાળાથી ૫૦ લાખ રૂપિયા એકત્રિત કરવામાં આવ્યા. તેની વાર્ષિક વ્યાજની આવકમાંથી આ સ્મારકનો વહીવટ ચાલે છે**

**૧૯૭૫માં** બાબુભાઈ જ. પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાતની જનતા મોરચા સરકારે ભવ્ય સ્મારકની રચના કરવાનો સંકલ્પ કર્યો. રતુભાઈ અદાણીએ શાહીબાગમાં આવેલા રાજભવનને સરદાર સ્મારકમાં ફેરવવાનું સૂચન કર્યું. મુખ્યમંત્રી બાબુભાઈએ તત્કાલીન રાજ્યપાલ શ્રીમન્નારાયણ સાથે આ અંગે ચર્ચા કરી, પરંતુ તેમના તરફથી યોગ્ય પ્રતિભાવ ન મળ્યો. પછી કે. વિશ્વનાથન રાજ્યપાલપદે આવ્યા. તેઓ પણ રાજભવન છોડવા તૈયાર ન થયા. એ દરમિયાન કેન્દ્રમાં મોરારજીભાઈની સરકાર આવી.ગુજરાત સરકારે રાજભવન ગાંધીનગર ખસેડીને ત્યાં સ્મારક કરવાની મંજૂરી માગી. કેન્દ્ર સરકારે એ દરખાસ્ત સ્વીકારી. એ દરમિયાન રાજ્યપાલ તરીકે શારદા મુખરજી આવ્યાં. તેઓ ગાંધીનગરમાં રહેવા જવા તૈયાર થયાં. **આમ ત્રણ રાજ્યપાલોના કાર્યકાળ અને ચાર વર્ષની મથામણ પછી અમદાવાદનું રાજભવન સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલમાં પરિવર્તત થયું.**

અમદાવાદમાં રચાયેલું આ રાષ્ટ્રીય સ્મારક સરકાર દ્વારા નહીં, પરંતુ પ્રજા દ્વારા ઊભું થયું છે. સ્મારક માટે જુદી જુદી સંસ્થાઓ પાસેથી અને લોકફાળાથી ૫૦ લાખ રૂપિયા એકત્રિત કરવામાં આવ્યા. **તેની વાર્ષિક વ્યાજની આવકમાંથી આ સ્મારકનો વહીવટ ચાલે છે.**

આ સ્મારકમાં સરદારના જીવનની ઝાંખી કરાવતું પ્રદર્શન છે. સરદાર સાહેબનું સાહિત્ય અહીં સંઘરાયેલું છે, જેમાં રાષ્ટ્રીય નેતાઓ સાથેનો પત્રવ્યવહાર, નાયબ વડા પ્રધાન તરીકે તેમજ ગૃહમંત્રી તરીકે તેમણે જે ઐતિહાસિક નિર્ણયો લીધા તે અંગેની મહત્ત્વની ફાઈલો, દેશી રાજ્યોના વિલીનીકરણ અંગેનું સાહિત્ય, પાર્લામેન્ટરી બોર્ડના પ્રમુખ તરીકે તેમજ



## સરદાર પટેલ સ્પેશિયલ

કોંગ્રેસના અગ્રણી નેતા તરીકે મળેલા પત્રો, સાથીઓ, મિત્રો અને સંસ્થાને **માર્ગદર્શન, હિંમત, પ્રેરણા આપતા પત્રોની ફાઈલો વગેરે અહીંના દફતરના ભંડારમાં સચવાયેલું છે.**

'સરદાર જીવનદર્શન'માં સરદરના સમગ્ર જીવનને આવરી લેતી તસવીરો તેમજ માહિતી ગોઠવવામાં આવી છે, જેમાં બાળપણ, વિદ્યાભ્યાસ, વકીલાત, જાહેર જીવનનો પ્રારંભ, ખેડા, સત્યાગ્રહ, રોલેટ એક્ટ, ૧૯૨૦-૨૧ની અસહકારની ચળવળ, ૧૯૨૨નું કોંગ્રેસ અધિવેશન, નાગપુર ધ્વજ સત્યાગ્રહ, બોરસદ સત્યાગ્રહ, ગુજરાતનું રેલસંકટ, બારડોલી સત્યાગ્રહ, ૧૯૩૦-૩૨ની લડત, બોરસદ પ્લેગ નિવારણ, પ્રાંતિક સ્વરાજ્ય, હરિપુરા અધિવેશન, રાજકોટ સત્યાગ્રહ, વ્યક્તિત્વ સત્યાગ્રહ, '૪૨ની લોકક્રાંતિ, સિમલા કૉન્ફરન્સ, કેબિનેટ મિશન, વચગાળાની સરકાર, રાષ્ટ્રનું સંગઠિત નિર્માણ, દેશી રાજ્યોનું વિલિનીકરણ, પ્રજાસત્તાક ભારત, અમદાવાદની અંતિમ મુલાકાત અને ચિરવિદાય સુધીના તમામ પ્રસંગો રજૂ થયા છે. સંગ્રહાલયમાં માનપત્રો, ભેટસોગાદો, ફોટો, કાસ્કેટ, સરદાર પટેલના જીવન સાથે સંકળાયેલી ફાઉન્ટન પેન, ભગવદ્‌ગીતા, ચરખો, પેટી, લોટો, ગરમ બંડી, ઝભ્ભા, મણિબહેને કાંતેલ ખાદી સૂતરના તાકા, ચંપલ, કૂકર, રજાઈ વગેરે ચીજવસ્તુઓ પણ પ્રદર્શિત કરાઈ છે. સરદારનો ઝભ્ભો પણ છે.

આ સંસ્થાએ સરદારના જીવનકાર્યનો પરિચય કરાવતી ૨૫ જેટલી પુસ્તિકાઓનું પ્રકાશન પણ કર્યું છે. **એક અંદાજ મુજબ દર વર્ષે ૧૦ હજારથી પણ વધુ લોકો આ સ્મારકની મુલાકાતે આવે છે.**

સરદાર સ્મારકમાં પરેશ રાવળ અભિનિત હિન્દી ફિલ્મ 'સરદાર' બતાવવાની સુવિધા છે એટલું જ નહીં, ફિલ્મ ડિવિઝનની **'સરદાર' નામની હિન્દી અને ગુજરાતી ભાષામાં બે દસ્તાવેજી ફિલ્મો છે, જેમાં સરદારપ્રેમીઓને મૂળ સરદાર જોવા મળે છે.**


૩૭ હજાર ચો.મી.માં ફેલાયેલા આ સ્મારકના અડધાથી પણ વધુ વિસ્તારમાં 'બાગ' બનાવાયો છે. અહીંના લીલોતરીથી છલકાતા વાતાવરણમાં વર્ષ દરમિયાન વિવિધ શિબિરો થાય છે. **અહીંના કેમ્પસ, હૉલ વગેરેનો જુદી જુદી સંસ્થાઓ દ્વારા પણ ઉપયોગ થાય છે.**

નેહરુના અવસાન પછી એમના નિવાસ 'તીનમૂર્તિ ભવન'ને રાષ્ટ્રીય સ્મારકમાં ફેરવી નખાયું એટલું જ નહીં, પરંતુ એના નિભાવ માટે વાર્ષિક ગ્રાન્ટ આપવાની જોગવાઈ કરી. એ જ પ્રમાણે ઇન્દિરાજીના નિવાસને પણ રાષ્ટ્રીય સ્મારકમાં ફેરવાયું, જ્યારે સરદારશ્રીના સ્મારકને રાષ્ટ્રીય સ્મારક જાહેર કરાયું નથી. સ્મારકના વિકાસમાં પૂર્વમંત્રી દિનશા પટેલ, સ્વ. જિતેન્દ્ર દેસાઈ, પૂર્વ નિયામક અશોક દેસાઈ, પ્રભાકર ખમાર, વર્તમાન મંત્રી આર. એસ. પટેલ વગેરેનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. **સ્મારકની રચનામાં પૂર્વ મુખ્યમંત્રી બાબુભાઈ જ. પટેલનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે.**






**સંગ્રહાલયમાં માનપત્રો, ભેટસોગાદો, ફોટો, કાસ્કેટ, સરદાર પટેલના જીવન સાથે સંકળાયેલી ફાઉન્ટન પેન, ભગવદ્‌ગીતા, ચરખો, પેટી, લોટો, ગરમ બંડી, ઝભ્ભા, મણિબહેને કાંતેલ ખાદી સૂતરના તાકા, ચંપલ, કૂકર, રજાઈ વગેરે ચીજવસ્તુઓ પણ પ્રદર્શિત કરાઈ છે**





# સરદારે કહ્યું કે...

- હું મહાત્મા નથી.મારી ૩૬ કરોડની પ્રજાના રક્ષણની જવાબદારી છે. હું જરૂર પડે તો બંદૂકો ને શસ્ત્રો રાખું. આઝાદીની લડત માટે અહિંસા હતી. કાયદો ને વ્યવસ્થામાં ન ચાલે.
- હું નાતજાતના વાડાની બહાર નીકળી ગયેલો માણસ છું. એટલે કોમી (જ્ઞાતિ)ના માણસ તરીકે તમે મારું સ્વાગત કરી શકો એમ નથી. મૂલકનાં બંધન તોડવાની ખાતર જ્ઞાતિના બંધનમાંથી નીકળી જવું જોઈએ. **(કરાંચીમાં ૧૯૩૮માં સન્માન ટાણે સરદાર)**
- હું જ્ઞાતિજાતિમાં માનતો નથી. આખું હિન્દુસ્તાન મારું ગામ છે અને બધી કોમના લોકો મારા મિત્રો ને વહાલા છે. બધાં જ ઈશ્વરનાં સંતાન છે. મરી ગયા પછી કોઈ પૂછે કે મડદું બ્રાહ્મણનું છે કે ચમારનું. **(કરમસદમાં ૧૯૪૧માં સન્માન ટાણે)**
- હું ખેડૂતનો દીકરો છું. ખેડૂતનું જીભમાં મીઠાશ હોય નહીં. મારી જીભ કુહાડા જેવી છે. મારી વાત કડવી લાગે પણ બેઉના હિતમાં સાફ વાત કરનારો છું.
- હું ગાંધીજીની સેવામાં જોડાયો તે દિવસે મેં થોડાં કરગઠિયાં ભેગાં કર્યાં. તાપણું સળગાવ્યું અને મારા કુટુંબની, મારી કારકિર્દીની, મારી આબરૂની અને એની બધી ચિંતા એકસાથે તીર્થમાં હોમી દીધી. એમાંથી રાખ સિવાય શું બાકી રહ્યું હશે તેની હવે મને ખબર નથી.
- વ્યક્તિ સ્વાતંત્ર્યના આ જમાનામાં ઈચ્છામાં આવે તેમ બોલે. બોલે એથી ગભારાવાનું નથી. વળી આપણે ત્યાં છાપાં ચલાવનારા એવા માણસો છે કે જેમણે સેવાનો એકડો પણ ઘૂંટ્યો હોતો નથી. માટે વાંચનારાઓને કહું છું કે તમે જો એકલા દારૂ પીશો તો ચક્કર આવશે. છાપાંઓ વાંચવાનો શોખ હું પસંદ કરું છું, પણ વાંચતા પસંદગી કરતાં શીખવું જોઈએ. ટીકા કરનારની સહી જોઈને તે વ્યક્તિ કેવી છે અને તેની આદત કેવી છે તે જોવું જોઈએ.
- ખરું હિન્દુસ્તાન ગામડાંમાં છે. એને ઉઠાવવાનું છે. આપણું કમનસીબ છે કે સ્વરાજ હજુ આવ્યું નથી. ત્યાં તો એની તેજથી આંખે ઝાંખપ આવવા લાગી છે. સ્વરાજના વિચારમાં આપણી ફરજ ચૂકીશું તો ગુલામીમાં હતા તેવી જ સ્થિતિ રહેશે.
- દરેક માણસ ભૂલને પાત્ર છે. એટલે ટીકા વાજબી હોય તો તે ભૂલ સુધારવી જોઈએ, કારણ કે જાહેર કામ કરનારાઓનો જો કોઈ સાચામાં સાચો મિત્ર હોય તો તે તેમના વિરોધીઓ છે.
- મારે રાજ ચલાવવું છે. બંદૂક રાખવી છે, તોપ રાખવી છે, લશ્કર રાખવું છે. ગાંધીજી કહે છે કે કંઈ ન કરો તે હું ન કરી શકું, કેમ કે હું ૩૦ કરોડની જનતાનો ટ્રસ્ટી બન્યો છું. મારી જવાબદારી છે કે હું બધાનું રક્ષણ કરું. દેશ પર હુમલો થશે તો હું સહન નહીં કરું, કેમ કે એ મારી જવાબદારી છે.
- જેઓ પાકિસ્તાન જવા માગે છે તેઓ ત્યાં જઈને શાંતિથી રહી શકે છે. અમને અહીં શાંતિથી રહેવા દો. હું સ્પષ્ટ રીતે કહેવા માગું છું કે તમે બે ઘોડા પર સવારી કરી શકશો નહીં. તમે જે ગમે તે એક ઘોડો પસંદ કરી લો.
- મેં મારા મગજને તાળું મારીને ચાવી ગાંધીજીને આપી દીધી છે.
- હું એટલો બધો પાગલ નથી કે સમજ્યા વિના અર્ધી પોતડી પહેરેલા માણસની પાછળ ફર્યા કરું.
- ઠગીને પૈસાદાર બની શકાય એવો ધંધો મારી પાસે હતો, પણ દેશની સેવા તો બાપુના માર્ગે જ થઈ શકે.



નવી દિશા... નવા વિચાર...















# સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરિકો માટે જૂથ અકસ્માત વીમા યોજનાનો પુનઃ પ્રારંભ...
- પાક સહાય યોજનાનો અમલ...
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સિંગ યોજનામાં આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહતદરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસિસ લેબની નજીવા દરે ટેસ્ટિંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુદ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- માત્ર રૂા. ૧૦/- માં સારી ક્વોલિટીના ચા-નાસ્તાની સુવિધા...
- માર્કેટયાર્ડમાં ગરમીની સીઝનમાં ફ્રી છાશનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મિનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સ તથા ફાયરફાઈટરની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનો શુભારંભ...
- ઊંઝા તાલુકા તથા બજાર વિસ્તારના કુપોષિત બાળકોને દત્તક લઈ માનવતાનું કાર્ય...

## જય સહકાર... જય કિસાન...


APMC UNJHA
Since 1954
AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE

| દિનેશભાઈ પટેલ | અરવિંદભાઈ પટેલ | દિનેશભાઈ પટેલ |
| --- | --- | --- |
| ઈન્ચાર્જ સેક્રેટરી | વા. ચેરમેન | ચેરમેન |

તથા ડિરેક્ટરગણ

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા**







# જયારે વલ્લભભાઈએ 'સર'નો ખિતાબ સ્વીકારવા ઇનકાર કર્યો!




**સ્પષ્ટ વક્તા અને વ્યવહારચતુર વલ્લભભાઈ 'સર' વલ્લભભાઈ બને તો ભારત સરકાર અને અંગ્રેજોના શાસનને મહત્ત્વના ટેકેદાર મળી જાય તેવો અંગ્રેજોનો ખ્યાલ હતો**

એક દિવસ વલ્લભભાઈ તેમના ઘરે બેઠેલા હતા અને અચાનક લંડનમાં તેમની સાથે ભણતા સહાધ્યાયી અંગ્રેજ ગોડફ્રે ડેવિસ તેમના ઘેર આવી પહોંચ્યા. બેઉ જૂના મિત્રો હતા. ગોડફ્રે ડેવિસ બ્રિટિશ સરકારમાં સનદી અધિકારી તરીકે જોડાયા હતા. અમદાવાદના નાયબ કલેક્ટર તરીકે તેમની નિમણૂક થઈ હતી. વલ્લભભાઈને ન્યાયાધીશનું પદ તેમજ ખિતાબ - બેઉ મળવાના હતાં. સ્પષ્ટ વક્તા અને વ્યવહારચતુર વલ્લભભાઈ 'સર' વલ્લભભાઈ બને તો ભારત સરકાર અને અંગ્રેજોના શાસનને મહત્ત્વના ટેકેદાર મળી જાય તેવો અંગ્રેજોનો ખ્યાલ હતો. અંગ્રેજો ઇચ્છતા હતા કે વલ્લભભાઈ તેમની સાથે રહે તો ભારતના ખડતલ અને દેશભક્ત વ્યક્તિ અંગ્રેજી શાસનને મળી જાય અને ભારતનો આત્મા અંગ્રેજોના કબજામાં આવી જાય. આવા જ કોઈ કારણસર મુંબઈના સર બેસિલે વલ્લભભાઈ પટેલને ન્યાયાધીશ બનવા ઑફર કરી હતી, જે વલ્લભભાઈએ નકારી કાઢી હતી. તે પછી પણ વલ્લભભાઈ ખિતાબ સ્વીકારે તે માટે ભારતમાં રાજ કરતી બ્રિટિશ સરકાર ગમે તે કરવા તૈયાર હતી, પણ વિધાતાની યોજના કંઈક જુદી જ હતી. સમય વીતતો રહ્યો. વલ્લભભાઈને સરકારી તંત્રમાં સર્વોચ્ચ સ્થાને બિરાજમાન કરવાની ચાલ તૈયાર જ હતી, પણ વલ્લભભાઈ માટે વિધાતાએ કાંઈ બીજું જ વિચારી રાખ્યું હતું. ન તો તેમણે ન્યાયાધીશ બનવાનું પસંદ કર્યું કે ન તો 'સર'નો ખિતાબ સ્વીકારવાનું.

૧૯૧૫ના ગાળાના એપ્રિલ માસમાં મોહનદાસ કરમચંદ ગાંધી નામના બૅરિસ્ટર દક્ષિણ આફ્રિકામાં ૨૦ વર્ષ ગાળ્યા બાદ સ્થાયી થવા અમદાવાદ આવ્યા. મો. ક. ગાંધી વલ્લભભાઈ કરતાં છ વર્ષ મોટા હતા. દક્ષિણ આફ્રિકામાં ગોરા અને ભારતવાસીઓ વચ્ચે ભેદભાવ મિટાવવા આદરેલી લડતનાં અદ્‌ભુત પરિણામો હાંસલ કર્યાં હતાં. ભારતમાં પગ મૂક્યાને એક જ મહિનામાં તેમને 'મહાત્મા'નું બિરુદ મળ્યું હતું. તે વખતે બૅરિસ્ટર વલ્લભભાઈએ એવી ટીકા કરી હતી: 'આપણે ત્યાં મહાત્માઓ બેસુમાર છે.'

માવલંકરના મતે ગાંધી માટે વલ્લભભાઈ આવી ભાષામાં વાત કરતા હોવા છતાં એક દિવસ તેઓ ગાંધી માટે આદર ધરાવતા થયા. આ ઘટનાના ૨૫ વર્ષ બાદ વલ્લભભાઈ પટેલે કબૂલ કર્યું હતું કે, '૧૯૧૫-૧૬ના ગાળામાં તેઓ ચાળીસમું વર્ષ વટાવી રહ્યા હતા ત્યારે ગાંધીજી સંખ્યાબંધ તેજસ્વી અને બુદ્ધિશાળી યુવાનોને પોતાની તરફ આકર્ષી રહ્યા હતા તે મારા માટે પારાવાર આશ્ચર્ય હતું.'

સમયના વહેણ સાથે વલ્લભભાઈ પણ બદલાવાના હતા. દેશ કાજે ત્યાગ કરવા દબાવી રાખેલી ભાવના ધીમે ધીમે વલ્લભભાઈને ગાંધી તરફ ખેંચી રહી હતી. ઉપરછલ્લી મજાક કરવા છતાં ક્લબમાં બેસીને લોકસેવા થઈ શકે નહીં, તેવી તેમના સાથીદારોની ટીકાની અવગણના કરવાનું તેમના માટે શક્ય નહોતું. આ ટીકામાં સત્યનો રણકો હતો અને તેનાથી ગાંધીજીના વલણને સમર્થન મળતું હતું. ■





# - તો હું મારા દીકરાને કચડી નાખતા વિલંબ કરીશ નહીં




**સરદાર સાહેબે ઉપયોગમાં લીધેલી ચીજવસ્તુઓ અમદાવાદ ખાતેના સરદાર પટેલ સ્મારક મ્યુઝિયમમાં સાચવવામાં આવી છે. આ ઇમારત જૂના રાજભવન તરીકે ઓળખાય છે, પરંતુ ઇતિહાસ એવો છે કે અમદાવાદના સૂબા તરીકે આવેલો શાહજહાં પણ આ શાહી મહેલમાં જ રહ્યો હતો**

આજે દેશમાં સાદગીની ચર્ચા છે. મંત્રીઓને ઍરકન્ડિશન્ડ કાર, ઍરકન્ડિશન્ડ બંગલાઓ અને ઍરકન્ડિશન્ડ બાથરૂમ વગર ફાવતું નથી. શશિ થરૂર જેવા ઇમ્પોર્ટેડ પોલિટિશિયનને ભારતની રેલવે ‘કેટલ ક્લાસ’ લાગે છે. પ્રધાનો ટૅક્સીની જેમ હેલિકોપ્ટર્સનો ઉપયોગ કરે છે ત્યારે એ સહુએ જાણી લેવું જોઈએ કે **સરદાર વલ્લભભાઈ પટેલ આ દેશના નાયબ વડા પ્રધાન હોવા છતાં તેમના નિવાસસ્થાને એક જ ટેલિફોન હતો.**

ડિસેમ્બર, ૧૯૪૮ના રોજ જયપુર મુકામે કોંગ્રેસનું અધિવેશન મળ્યું ત્યારે અધિવેશનને સંબોધતા સરદાર સાહેબે કહ્યું હતું,**‘મારા દીકરાની પ્રવૃત્તિથી રાષ્ટ્રની આઝાદી જોખમાતી જણાશે તો તેને કચડી નાખવામાં હું ક્ષણનોયે વિલંબ કરીશ નહીં.’**

એક વાર ગાંધીજીએ કહ્યું હતું, ‘મને વિચાર આવ્યો કો મારો ઉપસેનાપતિ કોણ થશે? ત્યારે મારી નજર વલ્લભભાઈ પર પડી. મારે કબૂલવું જોઈએ કે મેં વલ્લભભાઈની પહેલી મુલાકાત લીધી ત્યારે મને લાગ્યું કે, આ અક્કડ પુરુષ કોણ હશે? એ શું કરશે? પરંતુ **હું તેમના પરિવારમાં આવ્યો ત્યારે મને લાગ્યું કે મારે વલ્લભભાઈ તો જોઈએ જ.’**

સરદાર સાહેબે અનેક વાર કહ્યું હતું, ‘કુદરતમાં કદી નાતજાતનો કે ધર્મનો ભેદભાવ જોવા મળ્યો નથી અને જોવા મળશે પણ નહીં. હિન્દુસ્તાનમાં હિન્દુનું નહીં, મુસલમાનનું પણ નહીં, પરંતુ **હિન્દુસ્તાનીઓનું રાજ ચાલવું જોઈએ. કોમી એકતા એ રામરાજ્યનું પહેલું પગથિયું છે.’** સરદાર સાહેબની ‘રામરાજ્ય’ની વ્યાખ્યા આવી હતી.

સરદાર સાહેબે તેમના પુત્ર ડાહ્યાભાઈનાં લગ્નમાં ૧૨ રૂપિયા જ ખર્ચ્યા હતા. તેમનાં પુત્રી કુ. મણિબહેન તો આજીવન કુંવારાં રહ્યાં હતાં, પરંતુ **તેમણે લગ્ન કરવાનો વિચાર કર્યો હોત તો સરદાર સાહેબે કરિયાવર નહીં આપવાનો નિર્ધાર કર્યો હતો.**

ગાંધીજીની જેમ સરદાર સાહેબ અકિંચન રહ્યા હતા. તેમના મૃત્યુ સમયે એટલે કે તા. ૧૫ ડિસેમ્બર, ૧૯૫૦ના રોજ તેમનું બૅન્ક બૅલેન્સ માત્ર રૂ. ૨૧૬ હતું. તેમની પાસે કોઈ સ્થાવર મિલકત કે પોતાનું મકાન નહોતું. સરદાર સાહેબે આ ફાની દુનિયા છોડી ત્યારે તેમની પાસે ચાર જોડી કપડાં, બે જોડી ચપ્પલ, પતરાની એક પેટી, બે ટિફિન અને એક સગડી - બસ, આટલું જ હતું. આ બધું અમદાવાદના શાહીબાગ ખાતે સ્થાપિત ‘સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક’ (જૂનું રાજભવન) માં સરદાર સાહેબની સ્મૃતિરૂપે રાખવામાં આવ્યું છે. **સરદાર મ્યુઝિયમમાં ગાંધીજીએ પોતે સહી કરીને સરદાર સાહેબને આપેલી ભગવદ્ગીતા પણ મોજૂદ છે.**

સરદાર સાહેબે ઉપયોગમાં લીધેલી ચીજવસ્તુઓ અમદાવાદ ખાતેના સરદાર પટેલ સ્મારક મ્યુઝિયમમાં સાચવવામાં આવી છે. આ ઇમારત જૂના રાજભવન તરીકે ઓળખાય છે, પરંતુ ઇતિહાસ એવો છે કે **અમદાવાદના સૂબા તરીકે આવેલો શાહજહાં પણ આ શાહી મહેલમાં જ રહ્યો હતો.**

વિવિધ વિદેશી મુસાફરોએ પોતાની પ્રવાસનોંધમાં અમદાવાદનું જે સુંદર વર્ણન કર્યું છે તેમાં આ ઐતિહાસિક ઇમારતનો ઉલ્લેખ મળી આવે છે. અમદાવાદનાં સ્થાપત્યો નિહાળીને પશ્ચિમી લેખક બ્રિગ્સે નોંધ્યું છે કે, ‘આ ભૂમિ કવિની કલ્પના અને ચિત્રકારની પીંછી માટે છે.’ કેવી કલાત્મક અને સાહિત્યિક ભવ્યતા છે. વિશ્વકવિ રવીન્દ્રનાથ ટાગોર ઉપરોક્ત સત્યાર્થને ૧૮ વર્ષની વયે આ ભૂમિમાં સાકાર કર્યા હતા. આ ઇમારતે કવિવર ટાગોરને શૈશવકાળનાં સ્મરણો આપ્યાં છે. **રવીન્દ્રનાથ ટાગોર ઈ.સ. ૧૮૭૮માં જ્યારે યૌવનમાં ચરણ માંડતા હતા ત્યારે આ મોતીશાહી મહેલમાં છ મહિના રહ્યા હતા.**

આવા આ સરદાર પટેલ સ્મારક ખાતે એક વિશાળ કોમ્યુનિટી હૉલ પણ તૈયાર કરવામાં આવેલ છે, **જેનું ઉદ્ઘાટન ભારતનાં તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટીલના હસ્તે કરવામાં આવેલ.** ■



# ઉમાસ્વાદમ્

પ્રસાદ... ભગવાનના આશીર્વાદ એટલે પ્રસાદ... પ્રસાદમાં જે મિઠાશ હોય તે દુનિયાની કોઈ મીઠાઈમાં ન મળે... અને હવે આવી જ મિઠાશ અને માંની મમતાનો સ્વાદ મળશે 'ઉમાસ્વાદમ્' માં. ગાયના ઘી અને ગુણવત્તા સભર સામગ્રીથી તૈયાર કરવામાં આવતાં 'ઉમાસ્વાદમ્' માં તમને અઢળક વિકલ્પો પણ મળશે, જે તમે આનંદથી માણી શકશો.

જગત જનની માં ઉમિયાની મમતા અને પ્રેમથી બનાવેલાં મીઠાઈ અને નમકીનની વિશાળ શ્રેણી તમારી સમક્ષ રજૂ કરીને અમે ગૌરવ અનુભવી રહ્યા છીએ. આ પ્રસાદરૂપી મીઠાઈ અને નમકીનની ખરીદી દ્વારા વિશ્વ ઉમિયાધામ ફાઉન્ડેશન દ્વારા નિર્માણ થઈ રહેલ વિશ્વના સૌથી ઊંચા જગત જનની માં ઉમિયાના મંદિરમાં તમે સહયોગી દાતા બની શકો છો.

જગત જનની માં ઉમિયાનું વિશ્વના સૌથી ઊંચા - ૫૦૪ ફૂટના મંદિર સાથે સમાજને ઉપયોગી થવાની ભાવના વ્યકત કરવા માટેની આ શ્રેષ્ઠ તક છે. વિશ્વ ઉમિયાધામ દ્વારા અમદાવાદમાં ૧૦૦ વિઘા જમીન અને ૧૦૦૦ કરોડના  નિધિ સહયોગથી નિર્માણ થનાર આ દેદીપ્યમાન મંદિરની સાથે સમાજને અવગત કરવા અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામા આવી રહેલ છે જેમાં, સ્કીલ યુનિવર્સિટી, રોજગાર કેન્દ્ર, કન્યા, કુમાર અને વર્કિંગ વુમન હોસ્ટેલ, સામાજીક તથા વિશ્વસ્તરીય સંગઠન ભવન, અદ્યતન સિનિયર સિટીઝન ભવન, એન.આર.આઈ. ભવન, હેલ્થ, સ્પોર્ટ્સ એન્ડ કલ્ચરલ સંકુલ તથા આરોગ્ય સારવાર યુનિટનો સમાવેશ થાય છે. ટૂંકમાં વિકાસના પંથે આગળ વધારતી દરેક તકો હવે વિશ્વ ઉમિયાધામ ફાઉન્ડેશનના સંગાથે.

દરેકનો સહયોગ મળી રહે તેવી ભાવના સાથે પ્રસાદરૂપી મીઠાઈ અને નમકીનના વેચાણ સંસ્થા દ્વારા થઈ રહેલ છે. સમાજ માટે વિકાસની કેડી કંડારતા આ પ્રોજેક્ટને આગળ ધપાવવા માટે ફૂલ નહીં તો ફૂલની પાંખડીસમુ યોગદાન આપી શકો છો, અને એ માટે વધુ કંઈ જ નહીં બસ 'ઉમાસ્વાદમ્' પ્રસાદી રૂપે મીઠાઈ અને નમકીન થકી આજે જ તમારું યોગદાન નોંધાવો અને વિશ્વના સૌથી ઊંચા માં ઉમિયાના મંદિરનાં સહયોગી બનો. મંદિર વિશ્વમાં શાંતિ, પ્રેમ અને માનવતાનો પર્યાય બનશે. જ્યાં સમાજના દરેક વ્યક્તિને જોઈતી દરેક સવલતો અને સુવિધાઓ ઉપલબ્ધ થનાર છે.


'ઉમાસ્વાદમ્' જે તમે તમારા પરિવાર તથા મિત્રોને પણ ભેટ આપી શકો છો. ગાયના ઘી અને ગુણવત્તા યુક્ત સામગ્રીથી બનેલાં આ પ્રસાદની મિઠાસ તમારી જિંદગીને પણ ખુશીઓથી ભરી દેશે. તમે ઓનલાઈન વેબસાઈટ મારફતે ઘર બેઠા આપના કોઇપણ પ્રસંગ કે વાર-તહેવારે આ પ્રસાદનો લાભ મેળવી શકો છો. માં ઉમિયાના આશિર્વાદથી પરીપૂર્ણ આ 'ઉમાસ્વાદમ્'ના વિતરણનો લાભ અનેક ભક્તો લઈ ચૂક્યા છે અને મંદિરનાં નિર્માણમાં પોતાનું યોગદાન નોંધાવી ચૂક્યા છે. તમે પણ આજે જ ખરીદ કરો 'ઉમાસ્વાદમ્'ની મીઠાઈ અને નમકીન.

જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિર નિર્માણમાં સૌ કોઈ સહયોગી દાતા બની શકે તે માટે શરૂ કરેલ "ઉમા સ્વાદમ્" યોજના અંતર્ગત બનાવેલ **મીઠાઈ તેમજ ફરસાણ** ને મા ઉમિયાના પ્રસાદરૂપી વેચાણ કરવામાં આવે છે.

## Online ઉપલબ્ધ



દરેક તહેવાર, પ્રસંગ અને ઉજવણી માટે હવે **Pre Order Booking** કરાવી શકો છો



For Online Order Booking :

umaswadam.vishvumiyafoundation.org

જગત જનની માં ઉમિયાનું વિશ્વનું સૌથી ઊંચુ ૫૦૪ ફૂટ શક્તિ મંદિર

ઉમા સ્વાદં
સ્વાદ એવો, માં ની મમતા જેવો...

## પ્રસાદની પવિત્રતા, શુદ્ધતા અને ગુણવત્તાની પ્રતિબદ્ધતા

### ગાયના ઘીમાંથી બનાવેલ ગુણવત્તા યુક્ત મીઠાઈ અને નમકીન

umaswadam.vishvumiyafoundation.org

ઉમા સ્વાદં

### ઉમાસ્વાદમ્ મીઠાઈ

| | ૨૫૦ ગ્રામ | ૫૦૦ ગ્રામ |
|---|---|---|
| કેસર મોહનથાળ | ૨૧૫/- | ૩૯૫/- |
| મગસ લાડુ | ૨૧૫/- | ૩૯૫/- |
| કાજુ કતરી | ૨૯૫/- | ૫૫૦/- |
| કાજુ મૈસુર | ૨૫૦/- | ૪૭૫/- |

### ઉમાસ્વાદમ્ નમકીન

| | ૨૦૦ ગ્રામ | ૪૦૦ ગ્રામ |
|---|---|---|
| નવરત્ન મિશ્રણ | ૭૫/- | ૧૪૦/- |
| ગુજરાતી મિશ્રણ | ૭૫/- | ૧૪૦/- |
| સીંગ ભુજીયા | ૭૫/- | ૧૪૦/- |
| રતલામી સેવ | ૭૫/- | ૧૪૦/- |
| ફુલવડી | ૧૧૫/- | ૨૨૦/- |
| ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો | ૧૭૦/- | ૩૩૦/- |
| મસાલા ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો | ૧૩૦/- | ૨૫૦/- |
| ચણા દાળ | ૭૫/- | ૧૪૦/- |
| તીખી જાડી સેવ | ૮૦/- | ૧૫૦/- |
| લીલી ભાખરવાડી | ૧૩૦/- | ૨૫૦/- |

*Rates are Applicable till Diwali

# વિશ્વ ઉમિયાધામ
## અમદાવાદ
આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ

Vishv UMIYA Foundation

# સામાજિક સશક્તિકરણ અભિયાન

## ૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ




આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ - "વિશ્વ ઉમિયાધામ"

**: વિશ્વ ઉમિયાધામમાં નિર્માણ થનાર પ્રોજેક્ટ :**

જગતજનની મા ઉમિયાનું વિશ્વનું ઊંચામાં ઊંચું ૫૦૪ ફૂટ મંદિર નિર્માણ

- સ્કીલ યુનિવર્સિટી
- અદ્યતન હોસ્પિટલ
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- છાત્રાલય
- અદ્યતન NRI ભવન
- સ્પર્ધાત્મક તાલીમ કેન્દ્ર

## સહયોગ દાન

મા ઉમિયાના ભવ્યાતિભવ્ય મંદિર નિર્માણ તથા વિશ્વ ઉમિયાધામ સંકુલમાં સહભાગી થવા યથાશક્તિ દાન આપી મા ઉમિયાના કૃપાપાત્ર બનીએ

**આજીવન દાતા રૂા.૧૧ લાખ**

**શુભેચ્છક દાતા રૂા.૫ લાખ**

**ભૂમિદાન હૂંડી**

| | | |
|---|---|---|
| રૂા.૧,૧૧,૦૦૦/- (દસ ચો.વાર) | રૂા.૫૫,૦૦૦/- (પાંચ ચો.વાર) | રૂા.૧૧,૦૦૦/- (એક ચો.વાર) |




**શિલાદાન હૂંડી - રૂા.૫,૦૦૦/-** | **ઇંટ દાન - રૂા. ૧,૦૦૦/-**

બેંક : A/c. ધી મહેસાણા અર્બન કો.ઓ.બેંક લિ.,
સાયન્સ સીટી શાખા, અમદાવાદ
Bank A/c. No. 00441001001446
IFSC Code - MSNU0000044.

UPI ID થી
DIRECT PAYMENT
VISHV UMIYA
FOUNDATION

## ઉમાસૃષ્ટિ - મુખપત્ર

સંસ્થાનું માસિક

"ઉમાસૃષ્ટિ" સભ્ય બની સંસ્થાના સહયોગી બનો.

લવાજમ

૫ વર્ષ - રૂા. ૨૦૦૦/- ૧૦ વર્ષ - રૂા. ૩૫૦૦/-

## ઉમાછત્ર

પરિવારને આપો ઉમાછત્ર કવચ ₹10 લાખ

- વિકલ્પ-૧ - અવિચલ : એક સાથે એક જ વખત રૂા.૩૧,૦૦૦/- યોગદાન - ૫૫ વય સુધી
- વિકલ્પ-૨ - અવિરત : પ્રારંભિક રૂા.૪,૦૦૦ અને વાર્ષિક રૂા.૨,૨૦૦/- આસપાસ યોગદાન - ૫૫ વય સુધી

## સંસ્થામાં હાલમાં ચાલતી વિવિધ યોજના - પ્રવૃત્તિઓ

- વૈશ્વિક સંગઠન
- ઉમાછત્ર
- ઉમા પ્રસાદમ્
- ઉમાસૃષ્ટિ
- ઉમા લગ્ન સંસ્કાર
- ઉમા સ્વાદમ્
- સમાધાન પંચ
- ઉમિયા અદાલત
- કાનૂની માર્ગદર્શન
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમા શિક્ષણ સહાય યોજના
- યુથ કનેક્ટ
- ગ્લોબલ બિઝનેસ નેટવર્કિંગ
- IAS એકેડેમી
- IELTS કોચિંગ સહાય
- Vibes - બિઝનેસ વીંગ
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ
- વૃક્ષારોપણ અભિયાન

સંસ્થા દ્વારા સરકારશ્રીના સહયોગથી રાષ્ટ્ર ભાવનાને ઉજાગર કરવાના સંકલ્પ સાથે વિશ્વ ઉમિયાધામ ઉપવનમાં ૧.૫ લાખ વૃક્ષારોપણના સંપૂર્ણ જતન સાથેની કામગીરી. જ્યાં દર માસે એક દિવસ શ્રમદાન આપીને અથવા દર વર્ષે રૂા. ૧,૦૦૦/- સહયોગથી વૃક્ષ દાતા બની પર્યાવરણ અભિયાનમાં જોડાવા માટે...

વિશ્વ ઉમિયાધામ ઉપવન

જન-જનની ભાગીદારી અને વૃક્ષોનું સંવર્ધન

૧ વર્ષ ૧૦૦૦ રૂપિયામાં ૩ વર્ષના જતન સાથે

SCAN TO DONATE

PhonePe Paytm G Pay UPI

MERCHANT NAME: VISHV UMIYA vishvaumiya@ybl

QR Code
Vishv Umiya Foundation
UPI Code : vishvumiya@ybl

**દાન આપવા માટે બેંકની વિગત :**

- A/c Name: Vishv Umiya Foundation
- Bank: The Mehsana Urban Co-op. Bank Ltd. Ahmedabad
- Bank A/c No. : **0044 100 100 1446**
- IFSC CODE : **MSNU0000044**

vibes

Vishv Umiya International Business Entrepreneurs with Social Network

**વ્યાવસાયિક અને સામાજિક નેટવર્કનું પ્લેટફોર્મ**

Ahmedabad - Vadodara

JOIN NOW

Follow us : vibes.vuf vibes.vuf + 91 98250 97299

Email : vibes@vishvumiyafounation.org | web:vibesvuf.com

# ઉમા કાઉન્સેલિંગ સેન્ટર

અહીંયા નીચે જણાવેલ સમસ્યાઓનું સમાધાન અને સેવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ છે

આ સેવાઓનો લાભ લેવા નીચેનો QR કોડ સ્કેન કરીને ફોર્મ ભરો

| ડિપ્રેશનના દર્દીઓની સારવાર | કૌટુંબિક - સામાજીક સમસ્યાનું નિવારણ | કારકિર્દીનું માર્ગદર્શન | પેરેન્ટીગનું માર્ગદર્શન |
|---|---|---|---|

Center for Excellence

# I.A.S ACADEMY

**UPSC / GPSC Class 1-2, Dy.SO, STI, PI, Dy. Mamlatdar, Class-3**

- પ્રવેશ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક કોચિંગ
- મેન્ટરશીપ પ્રોગ્રામ
- નિયમિત ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન
- લાઈબ્રેરીમાં વાઈ-ફાઈની સુવિધા
- અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રકચર

**: સ્થળ :**

**: નિકોલ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
૫૧૫, પાંચમો માળ,
ગિરીવર ગ્લેન મોલ,
ઓઢવ રોડ, નિકોલ, અમદાવાદ
મો.નં. - 72020 80202

**: ગાંધીનગર :**
રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ,
પ્લોટ નં.-131/A, T.P. No.-9
સ્થાપન -૨ ફ્લેટની નજીક,
ખ - રોડ, સરગાસણ, ગાંધીનગર
મો.નં. - 99099 15682

❖ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ UPSC / GPSC તથા અન્ય વર્ગ ૩ માટે વિદ્યાર્થીઓને કોચિંગ મળી રહે તે માટે નિકોલ ખાતે નવી બેચની શરૂઆત ટૂંક સમયમાં થનારી છે.

❖ જેમાં વિદ્યાર્થીઓને પ્રવેશ પરીક્ષા, ઈન્ટરવ્યુ લઈને તાલીમ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સંસ્થા ખૂબ જ નજીવા દરે વિદ્યાર્થીઓને પ્રશિક્ષણ આપશે.

❖ GPSC વર્ગ-૧-૨ના મોક ઈન્ટરવ્યુ ગાંધીનગર ખાતે ભારત સરકાર તથા ગુજરાત સરકારના અધિકારીશ્રીઓના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

❖ આગામી સમયમાં UPSC તથા GPSC ની રેગ્યુલર બેચ શરૂ થવા જઈ રહી છે. જે માટે ટૂંક સમયમાં UPSC ના ફોર્મ ભરાવવાના શરૂ થશે. આ માટે સંસ્થાની વેબસાઈટ અને આપેલ નંબર પર સંપર્ક કરવો.

❖ સંસ્થાના સંગઠનના માધ્યમથી UPSC તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સમાજના વિદ્યાર્થીઓ વધુમાં વધુ જોડાય તે માટે દરેક જીલ્લા લેવલે સેમિનાર તથા બુકલેટના માધ્યમથી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

❖ સંગઠનના માળખામાં શિક્ષણનું પ્રચાર અને પ્રસાર વધે તે માટે અલગથી શિક્ષણ સેલ ઉભું કરવામાં આવશે. જેનો મુખ્ય હેતુ સંસ્થા દ્વારા થતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ જેમ કે UPSC / GPSC તથા અન્ય કેરિયર ડેવલોપમેન્ટ માટેની કામગીરી હાથ ધરવામાં આવશે.

**મુખ્ય કાર્યાલય :** વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિર સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, અમદાવાદ-૩૮૨૭૨૧. મો. ૭૨૦૨૦૮૦ ૨૨૨ / 333
www.vishvumiyafoundation.org I E-mail : contact@vishvumiyafoundation.org. I www.facebook.com/VishvUmiyaFoundation





આ ખેલ મહાકુંભનો હેતુ મા ઉમિયાના ૫૦૪ ફૂટ ઊંચા વિશ્વ શ્રેષ્ઠ મંદિરના નિર્માણની પ્રક્રિયામાં તમામ પરિવારોને સેવા, સમર્પણ અને સહકારની ભાવનાથી જોડવાનો છે. મા ઉમિયાની દિવ્યતાના પગલે પગલે તમામ ભક્તજનોને આસ્થા દ્વારા આધ્યાત્મિકતા અને ખેલકૂદથી પરસ્પર જોડી શકાય.

ખેલકૂદથી ઉદ્યોગ સાહસિકતાના ગુણો કેળવાય તે અત્યંત જરૂરી છે. ગુજરાતનો દરેક યુવાન ટેકનોલોજી આધારિત આભાસી રમતો પરથી ધ્યાન હટાવી, મેદાનમાં રમતી વાસ્તવિક રમતો દ્વારા જીવનના પાઠ શીખે તે જરૂરી છે, તે માટે રમત-ગમતને અધ્યાત્મ સાથે જોડી તેના દ્વારા તમામ ગુજરાતીઓ ખભે ખભા મિલાવીને કાર્ય કરશે તો યુવાઓની ઊર્જા દ્વારા ગુજરાતની વ્યવસાયિક, ઔદ્યોગિક અને આધ્યાત્મિક પ્રગતિમાં વધારો થશે.

આ મહોત્સવનું અંતિમ લક્ષ્ય દરેક પરિવારના નવી પેઢીના ખેલાડીઓને ગુજરાતના આદર્શ રમતવીર બનાવવાનું છે. આ મહા ઓલિમ્પિયાડ દ્વારા નવી પેઢીને ખેલકૂદની પ્રવૃત્તિમાં ભાગ લેવા માટે પ્રેરિત કરીને ખેલકૂદ ક્ષેત્રે કારકિર્દી બનાવવા, વિજ્ઞાન દ્વારા પોતાના વ્યવસાયને શ્રેષ્ઠ બનાવવા તેમજ સ્વધર્મ અને રાષ્ટ્રધર્મ માટે જાગૃત કરવાનો પ્રયાસ છે.

Vishv UMIYA Foundation

shreehari™
Always Fly High




CAN | US | AUS | NZ | UK

Call Now +91 9574008581

IELTS | STUDENT VISA

**Ahmedabad (HO)**

403, Shivalik Yash, Opp. Shastrinagar BRTS Bus Stand, 132" Ring Road, Naranpura, Ahmedabad 380013, Gujarat
+917927414445/46 | +91 99258 44422 | For any feedback write us on : feedback@shreehari.in | shreehari.in

**New Ranip**
209, 2nd Floor, Magnet Square, Nr. Sardar Chowk, New Ranip
9574008581

**Nikol**
415, Town Plaza, Nr. Raspan Arcade, Bhaktinagar Circle Road, Nikol, Ahmedabad 382350. Gujarat, INDIA
+91 9512120068

**Kalol**
Shukan Avenue, Opp. Sindbad Hotel, Kalol Mehsana Highway, Kalol 382721, Gujarat, INDIA
+91 9574008595

**Mehsana**
E 401-417, Joyos Hubtown, Modhera Cross Road Mehsana 384002. Gujarat, INDIA
+91 9574008598

**Bhavnagar**
304/5, Surbhi Mall, Above Dominoz's Pizza, Wghawadi Road, Bhavnagar 364002. Gujarat, INDIA
+912782471424

# સનફ્લાવર
# નો સાથ એટલે
# ખુશીઓ ની શરૂઆત



## 20000+
**પરિવારને મળી આઈ.વી.એફ. થી ખુશીઓ**

**૭૦ દેશોના લોકોને સારવાર આપનારા**

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ
સર્વે ઓફ સિંગલ સ્પેશિયાલિટી હોસ્પિટલ્સ
૨૦૨૨ માં તૃતીય ક્રમાંક (પશ્ચિમ ઝોન)
અને આઠ મોં ક્રમ (નેશનલ)

## કયા દંપતીઓ લાભ લઈ શકે છે?

**મહિલા**

બંધ ટ્યૂબ્સ, વારંવાર IUI માં નિષ્ફળતા,
ઇંડામાં ખરાબી, અનિયમિત માસિક,
અને ગર્ભાશયમાં ગાંઠ હોવી

**પુરુષ**

ઓછા શુક્રાણુ, શુન્ય શુક્રાણુ, શુક્રાણુઓની
ધીમી ગતિશીલતા, અને ખરાબ ગુણવત્તા

## સનફ્લાવર ઇન્ફર્ટિલિટી એન્ડ IVF સેન્ટર અને
## સનફ્લાવર IVF ક્લિનિક ની ઉપલબ્ધ સેવાઓ

IUI | IVF | ICSI બ્લાસ્ટોસિસ્ટ કલ્ચર | PGT-A, PGT-M એન્ડ્રોલોજી સર્જિકલ સ્પર્મ એસ્પિરેશન | ક્રાયો પ્રિઝર્વેશન
એગ - સ્પર્મ - એમ્બર્યો | TESA | PESA | માઇક્રો TESE | 4D સોનોગ્રાફી | એન્ડોસ્કોપી | NABL પ્રમાણિત લેબોરેટરી

**સનફ્લાવર ઇન્ફર્ટિલિટી એન્ડ IVF સેન્ટર**
માનવ મંદિર પાસે, ટ્રાફિક પોલીસ હેલ્મેટની સામે, મેમનગર,
અમદાવાદ, ગુજરાત ૩૮૦૦૫૨.
મોબાઈલ નં : 079 27410080, +91-9687003993

**સનફ્લાવર IVF ક્લિનિક**
૪૧૮, સાહિત્ય આર્કેડ, હરિદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા,
અમદાવાદ, ગુજરાત ૩૮૨૩૩૦.
મોબાઈલ નં : 079 46010728, +91-9099400221

Sunflower Hospital
Infertility & IVF Center, Ahmedabad

NABH Accredited | I.C.M.R. Registered | KAYAKALP Certified | FOGSI

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025



## COMPLETED PROJECTS




RETAIL & WORK SPACES

AT SOUTH BOPAL

PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/CAA00341/051017
GUJRERA.GUJARAT.GOV.IN




RETAIL & OFFICE SPACES

AT SG HIGHWAY

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA04785/AIC/160221
GUJRERA.GUJARAT.GOV.IN

## NEW PROJECTS




RETAIL & OFFICE SPACES

AT AMBLI "T" JUNCTION

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN




3 BHK SERENE HOMES

AT SINDHU BHAVAN EXTENSION ROAD

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN



3 BHK

KIDS FRIENDLY HOMES

COMING SOON

OPPOSITE APOLLO INTERNATIONAL SCHOOL,
SOUTH BOPAL



સંજયભાઈ પટેલ

(વિસલપુર)

+91 98254 42197